Shraddha Thi Shikhar Jitnara (Gujarati)

Dr. Sunita

VISIT...

LANZAROTE
Caliente.com



શ્રદ્ધાથી શિખર જીતનારાં

ડૉ. સુનીતા



શ્રદ્ધાથી શિખર જીતી વિશ્વને બદલનારા મહામાનવોની જીવનગાથાઓ





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

વિશ્વમાં દરેક યુગમાં, દરેક કાળમાં એવા અદ્‌ભુત લોકો થઈ ગયા છે, જેમના અંતરમાં પોતાના દેશ, સમાજ તથા મનુષ્યોની શ્રેષ્ઠતાનું સ્વપ્ન હતું; જેના માટે કંઈ પણ કરી છૂટવાની ધૂન તેઓને સતત આગળ ધપવાની પ્રેરણા આપતી રહી. એવા લોકોમાં લેખકો, સંતો, સમાજ-સુધારકો સ્વાતંત્ર્ય-સેનાનીઓ તથા નવીન શોધોમાં વ્યસ્ત વિજ્ઞાનીઓ-તમામ પ્રકારનાં વ્યક્તિત્વો હતાં.

'શ્રદ્ધાથી શિખર જીતનારાં' પુસ્તકમાં ડૉ. સુનીતાએ ખૂબ જ ભાવપૂર્ણ રીતે ભારતના તથા વિશ્વના અન્ય દેશોના તે મહામાનવો તથા તેજસ્વી મહિલાઓનાં આલેખન કર્યાં છે, જેમણે વિશ્વ તથા માનવતા માટે ભારે કષ્ટો હસીને સહ્યાં અને એવાં મહાન કાર્યોમાં લાગી રહ્યાં, જેનાથી મનુષ્યોને નવાં-નવાં લક્ષ્ય મળ્યાં. તેઓમાં પ્રેમચંદ તથા રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાન લેખકો છે; તો જ્યોતિબા ફુલે, નારાયણ ગુરુ તથા મહર્ષિ કર્વે જેવા સમાજ-સુધારકો પણ ખરા; તેનજિંગ નોરગે, સ્કૉટ તથા લિવિંગ્સ્ટન જેવા મુશ્કેલ સાહસો પર નીકળેલા સાહસવીરો છે, તો વળી રાઈટ બંધુઓ તથા એલિયસ હોવ જેવા ધૂની વિજ્ઞાની પણ ખરા, જેમણે પોતાની અથાગ મહેનતના બળે મનુષ્યની અસંખ્ય કલ્પનાઓને પણ યથાર્થ કરી બતાવી.

અમને ખાતરી છે કે વિશ્વના અનેક તેજસ્વી મહામાનવોનું સ્મરણ કરાવતું આ પુસ્તક દરેક ક્ષેત્રના વાચકો માટે ઉપયોગી સાબિત થશે તેમજ તેઓને પોતાના જીવનમાં કોઈ મોટું કાર્ય કરવાની પ્રેરણા આપશે.

શ્રદ્ધાથી શિખર જીતનારાં

શ્રદ્ધાથી શિખર જીતી વિશ્વને બદલનારા મહામાનવોની જીવનગાથાઓ!

શ્રદ્ધાથી શિખર જીતનારાં

શ્રદ્ધાથી શિખર જીતી વિશ્વને બદલનારા મહામાનવોની જીવનગાથાઓ!

ડૉ. સુનીતા

અનુવાદ: યશ રાય



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

SHRADDHATHI SHIKHAR JITANARAN
Gujarati translation of ‘Dhun ke Pakke’
Written by Dr. Sunita
Published R. R. Sheth & Co. Pvt. Ltd.,
Mumbai □ Ahmedabad
2013
EISBN: 978-93-81315-55-2

[illegible]	:	[illegible]	[illegible]	[illegible]	:	[illegible]
[illegible]	:	[illegible]	[illegible]	[illegible]	:	[illegible]
[illegible]	:	[illegible]	[illegible]	[illegible]	:	[illegible]
[illegible]	:	[illegible]	[illegible]	[illegible]	:	[illegible]

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

સમર્પણ

દૃઢનિશ્ચયી

આજનાં બહાદુર બાળકો

તથા તે પ્રતિભાવાન કિશોર પેઢીના માટે —

જે આવતી કાલના ભારતની

ઓળખ છે!

ભૂમિકા

શ્રદ્ધાથી શિખરો જીતનારાં લોકોની ગાથાઓ

આ પુસ્તક લખવાની શરૂઆત વર્ષો પહેલાં થઈ હતી. બાલવાચકો માટે દેશ-વિદેશના મહાન નેતાઓ, સ્વાતંત્ર્ય- સેનાનીઓ, વિજ્ઞાનીઓ, લેખકો તથા જીવના જોખમે સાહસિક ચઢાઈઓ પર નીકળેલા વિશ્વયાત્રીઓ વગેરેને કેન્દ્રમાં રાખીને, સંક્ષિપ્ત, સરળ તથા ભાવપૂર્ણ જીવનકથા લખવામાં આવે તો આજનાં બાળકો મનુષ્યની અથાગ સંઘર્ષયાત્રાની સાથે જ તે મહાન સંસ્કૃતિઓને પણ સમજી શકશે, જેમના કારણે આજે માનવતા સુરક્ષિત છે. આ વિચાર સતત મનને વલોવી રહ્યો હતો. પરંતુ જ્યારે કામ કરવાનું શરૂ કર્યું, તો આ માર્ગમાં આવનારી તકલીફોને પણ હું સમજી શકી. કેમકે ઘણા ઓછા શબ્દોમાં કોઈ મહાન વ્યક્તિનાં સંપૂર્ણ વ્યક્તિત્વ, કાર્યો તથા એના સંપૂર્ણ યોગદાનનું ચિત્ર રજૂ કરવાનું એક મુશ્કેલ કામ હતું. વળી પ્રામાણિક આધારભૂત સામગ્રી મેળવવાની તકલીફ જુદી હતી. કેટલાંક પરિચિત વ્યક્તિત્વો પર લખાયેલાં જીવનવૃત્તાંતનાં પુસ્તકો અસંખ્ય હતાં, તો એવાં વ્યક્તિત્વો પર બહુ ઓછું લખાયું છે, જેમના ત્યાગ અને બલિદાન અન્યો કરતાં ઊતરતાં નહોતાં, પરંતુ તેઓ પાયાની ઈંટની જેમ અજાણ હતાં. જે વ્યક્તિત્વો પર ખૂબ જ લખાયું છે, તેમની જીવનકથાઓમાં પણ પિષ્ટપેષણ તથા લાગણીનો ભાવ વધારે જોવા મળ્યો. એમનાં વ્યક્તિત્વનાં તે પાસાંને પ્રસ્તુત કરવા પર જોર ઓછું હતું, જેનાથી આજના વાચકો પણ શીખી શકે તથા કંઈ કરવાની ધૂનની સાથે પોતાનો સ્વતંત્ર માર્ગ નક્કી કરી શકે.

'શ્રદ્ધાથી શિખર જીતનારાં' પુસ્તકમાં દેશ-વિદેશના જે અઠ્ઠાવીસ મહામાનવો તથા તેજસ્વી, સંઘર્ષરત મહિલાઓનાં જીવનની ઝાંખી કરાવવામાં આવી છે, આશા છે, કિશોર વાચકોને તે આગળ ધપવાની તથા જીવનમાં કંઈક કરી બતાવવાની પ્રેરણા આપશે. આ અસાધારણ ધૂની લોકો વિશે લખતી વેળા ખુદ મારી કલમ પણ અનેક વાર ધ્રૂજી-થથરી છે. આ શ્રદ્ધાથી શિખર જીતનારાં લોકોની વાતો ક્યારેક સ્તબ્ધ તથા રોમાંચિત કરી દે છે, તો ક્યારેક મનને ખેંચી લઈ જાય છે — એવા ભાવલોકમાં જ્યાં ફાયદા-નફા, ઈર્ષ્યા-મત્સર તથા 'હું — બીજું'ની દુનિયા ઘણી પાછળ છૂટી જાય છે. આપણે સ્વયંને એક મહાન સંસ્કૃતિના વારસદાર માનીને માનવો તથા માનવતા માટે કોઈ ચોક્કસ મોટું કાર્ય કરવા ચાહીએ છીએ.... તથા મોટામાં મોટો ત્યાગ કરવા માટે તૈયાર થઈ જઈએ છીએ.

મને ખાતરી છે કે બાળકો તથા કિશોર પેઢીમાં આજે પણ શક્તિ તથા રચનાત્મક સંભાવનાઓના ખજાના છુપાયેલા છે. બસ, તેઓને સમજવા તથા માર્ગદર્શન કરવાની જરૂર છે. આ પુસ્તક એ દિશામાં કંઈક કરી શકે, તો હું મારા શ્રમને સાર્થક માનીશ.

— સુનીતા

૨૬ જાન્યુઆરી, ૨૦૦૬
૫૪૫, સેક્ટર-૨૯
ફરીદાબાદ - ૧૨૧ ૦૦૮
(હરિયાણા)

અનુક્રમ

ઈસપની વાત

ઘરે-ઘરે પહોંચેલી વિશિષ્ટ કથાઓ



આજે ઈસપની વાર્તાઓ વિશ્વના દરેક દેશમાં વાંચવામાં તથા સાંભળવામાં આવે છે. લોકો ઘણા જ માનથી બાબા ઈસપને યાદ કરે છે. દુનિયાના મોટામાં મોટા લેખકો તથા કલાકારો પણ એમના સન્માનમાં માથું નમાવે છે, કેમકે બાબા ઈસપની વાતોમાં જાદુ છે. એ વાતો આબાલ-વૃદ્ધ સૌને લોભાવે છે. ભાગ્યે જ કોઈ એવો શિક્ષિત માણસ હશે, જેણે બાબા ઈસપની કોઈ મનમોહક વાર્તા ન વાંચી હોય. આ કથાઓ અત્યંત લોકપ્રિય છે. એ પણ હકીકત છે કે એની લોકપ્રિયતાની પાછળ સત્યની શક્તિ છે. એ વાર્તાઓ આપણને ખુલ્લી નજરે દુનિયાને જોવા તથા નિર્ભયતાથી જીવવાની શિખામણ આપે છે, સાથે જ અન્યાયનો વિરોધ કરતાં પણ શીખવે છે. આથી જ આખા વિશ્વમાં બાબા ઈસપની કથાઓ પ્રસિદ્ધ છે.

પરંતુ આ કથાઓના રચનારા બાબા ઈસપનું જીવન પણ સ્વયં એક કથા છે — અત્યંત દારુણ કથા. એમનો જન્મ લગભગ અઢી હજાર વર્ષ પહેલાં યૂનાનમાં થયો હતો. ત્યારે યૂનાનમાં દાસ-પ્રથાનું ભારે જોર હતું. ગાય-બળદ તથા ગધેડાંની જેમ માણસોને દાસ

બનાવીને બજારોમાં વેચવામાં આવતા હતા. ધનવાનો થોડુંક ધન આપીને તેઓને ખરીદી જતા હતા તથા તેઓ પાસેથી ધારેલું કામ કરાવતા હતા. તેઓને ભારે ત્રાસ આપવામાં આવતો હતો. તેઓ પર એવા અત્યાચારો થતા હતા કે જેના વિશે સાંભળીને રૂંવાડાં ઊભાં થઈ જાય. તેઓને ઘોડાની જેમ ગાડીઓમાં જોડવામાં આવતા હતા. તેઓ જો ઝડપથી ન ચાલે તો પીઠ પર કોરડાની વર્ષા થતી હતી.

એ જ પ્રમાણે બજારમાં વેચાનારો એક દાસ ઈસપ પણ હતો. ત્યારે ઇસપ નવયુવક જ હતો, તથા એના અંતરમાં સ્વાભિમાન તથા આઝાદીની આંધી ઊઠી રહી હતી. એણે પોતાના જેવા જ જોમવંતા તથા શક્તિશાળી એવા દાસોને ભેગા કર્યા, જેઓ ગુલામીને ધિક્કારતા હતા. સૌએ મળીને એક મજબૂત દળ બનાવ્યું તથા વિદ્રોહ કર્યો. એમના બુલંદ નારાઓથી આકાશ ગુંજી ઊઠ્યું. તેઓ આવેશમાં બૂમો પાડી રહ્યા હતા — 'આખરે અમે પણ માણસ છીએ. અમારા પર આવા અત્યાચાર શા માટે? અમારે પણ બે હાથ-બે પગ છે. અમારા મનમાં પણ ઉમંગો છે. અમે જે ઇચ્છીએ તે કરી શકીએ છીએ. અમે કૂતરાની જેમ મરવા નથી માગતા. અમે અત્યાચાર સહન કરીશું નહીં અને અમારો હક મેળવીને જ જંપીશું.'

આવા જોમવંતા નારાઓથી ધનિકોની ઊંઘ ઊડી ગઈ. તેઓ વળી એ બાબતનો સ્વીકાર કેવી રીતે કરી શકે કે ગુલામો ઉઘાડેછોગ વિદ્રોહ કરે અને પોતાની આઝાદીની માગ કરવા માંડે! તેઓને એ પણ ખબર હતી કે આ તમામનો નેતા ઈસપ જ છે. છેવટે તમામ અમીરોએ ભેગા થઈને ઈસપને કેદમાં નાખ્યો. એને ભયાનક યાતનાઓ આપવામાં આવી. ગરમ સળિયાથી એના આખા શરીરે ડામ મૂક્યા. છતાં ઈસપ ચૂપ હતો. તે ચૂપચાપ હોઠ સીવીને અત્યાચારો સહન કરી રહ્યો હતો. એનું અંતર કહેતું હતું કે એણે કોઈ ખોટું કામ નથી કર્યું. આખરે જે માણસે આ ધરતી પર જન્મ લીધો છે, તેને આઝાદીથી જીવવાનો હક છે.

જાત-જાતની રીતે સતાવ્યા અને માર માર્યા બાદ ઈસપને હવે એક અંધારી કાળકોટડીમાં નાખી દીધો, જ્યાં સૂર્યપ્રકાશ, હવા-ઉજાશ પણ એની પાસે આવી શકતાં નહોતાં. તે મનોમન ઘૂંટાતો રહ્યો. પિંજરામાં પુરાયેલા સિંહની જેમ મનોમન તરફડતો રહ્યો હતો. જમીન પર માથાં પટકી-પટકીને બેહોશ થઈ જતો.

આમ એક પછી એક ઘણાં વર્ષ વીતી ગયાં. ઈસપને હવે વર્ષ, મહિના તો શું યાદ રહે! એ તો દિવસ અને રાત વચ્ચેનો ભેદ પણ ભૂલી ગયો હતો, કેમકે એની અંધારી ઓરડીમાં તો હમેશાં રાત જ રહેતી હતી. ન તો એને ઉનાળો, શિયાળો, ચોમાસાની ખબર પડતી કે ન તો ઋતુના ફેરફારની. ધીમે ધીમે એટલાં વર્ષ વીતી ગયાં કે ઈસપ ઘરડો થઈ ગયો. ત્યાં સુધી કે એનાં ઘરવાળાં પણ એને ભૂલી ગયાં.

અમીરોએ જોયું કે હવે ઈસપ દીન-હીન, ઘરડો તથા લાચાર થઈ ગયો છે, ત્યારે તેઓએ દયા લાવીને એને આઝાદ કરી દીધો.

ઈસપ જ્યારે કાળકોટડીમાંથી બહાર આવ્યો ત્યારે અત્યંત નિર્બળ થઈ ગયો હતો. એ નક્કી કરવું જ મુશ્કેલ હતું કે ક્યારેક આ માણસમાં એટલી શક્તિ હતી કે એણે ગુલામોમાં વિદ્રોહની ભાવના પેદા કરી દીધી હતી તથા અમીરો અને શક્તિશાળી લોકો એનાથી થરથર કાંપતા હતા. પણ હવે ઈસપની કમર ધનુષ્ય જેવી વાંકી વળી ગઈ હતી. આંખો જોઈ શકતી નહોતી. કાન સાંભળી શકતા નહોતા. માથા પર ગૂંચવાયેલી જટા હતી. દાઢી શ્વેત થઈ ગઈ હતી.

હવે તો ઈસપના સાથીઓ જ એને જોઈને દૂર ભાગતા હતા. તેઓને ભય હતો કે

ઈસપની સાથે જોઈને હજી પણ અમીર લોકો તેઓ પર અત્યાચાર કરશે. આથી હવે ઈસપ ભીખ માગવા માટે વિવશ થઈ ગયો. તે ઘરે-ઘરે જતો, બાળકોને આશીર્વાદ આપતો તથા ભીખ માગતો. ક્યારેક તે વાર્તાઓ પણ કહેતો હતો. આથી બાળકો એને જોઈને દૂરથી દોડી આવતાં. દૂરથી જ બૂમો મારતાં, 'બાબા, વાર્તા કહો, કોઈ નવી વાર્તા.'

ઈસપ તેઓને નિત નવી વાર્તાઓ રચીને સંભળાવતો. એ વાર્તાઓ એવી હતી કે જે સાંભળીને બાળકો મગ્ન થઈ જતાં. જે સાંભળીને ક્યારેક તેઓ રડતાં, ક્યારેક હસતાં અને કોઈ વાર ગુસ્સે પણ થઈ જતાં, કેમકે એ વાર્તાઓ તેઓને અન્યાયનો વિરોધ કરવાનું શીખવતી હતી. તેમાં જીવનનાં મહાન સત્યો છુપાયેલાં હતાં. બાબા ઈસપે જાણે પોતાના જીવનના અનુભવોનો સાર નિચોવીને તેમાં રેડ્યો હતો. આથી જ આ વાર્તાઓની અસર તદ્દન જાદુ જેવી થતી હતી. એક વાર જે સાંભળે, તે આ વાર્તાઓ ક્યારેય ભૂલી શકતો ન હતો.

આથી જોતજોતામાં બાબા ઈસપ દ્વારા બાળકોને સંભળાવેલી આ વાર્તાઓ ઘર-ઘરમાં ફેલાતી ગઈ. આખા યૂનાનમાં એનો ગુંજારવ થવા માંડ્યો અને પછી તો એ ધીમે ધીમે આખી દુનિયામાં ફેલાઈ ગઈ. આ વાર્તાઓમાં પશુ-પક્ષીઓ દ્વારા વાતો કહેવામાં આવી છે, પરંતુ એ વાતો એટલી ગંભીર છે કે જે પણ સાંભળે તે ક્યાંય સુધી વિચાર કરતો રહી જાય. આથી આ વાર્તાઓની અસર ઘણી ઊંડી પડે છે.

સાચું તો એ છે કે ઈસપ પોતાનાં જીવતાં જે વિદ્રોહ ન કરી શક્યો, તે વિદ્રોહ તથા પરિવર્તન આ વાર્તાઓ દ્વારા આવ્યાં. જોતજોતામાં સમાજ બદલાયો. હવે ક્યાંય દાસપ્રથા નથી. હા, ઈસપની વાર્તાઓ આજે પણ છે ને તે હજારો વર્ષ સુધી ચાલુ જ રહેશે, કેમકે તે આપણને નવી દુનિયા રચવાની પ્રેરણા આપે છે.

દાનવીર રાજા શિબિ

શરણાગતની રક્ષા



રાજા શિબિ ઘણા દયાળુ હતા. દૂર-દૂર સુધી એમની ખ્યાતિ હતી. સૌ એમનાં ઉજ્જ્વળ ચરિત્ર તથા ઉદારતાની વાતો કહેતા-સાંભળતા હતા. પરંતુ રાજા શિબિને તેનું લેશમાત્ર અભિમાન ન હતું. એમની સામે જો કોઈ એમનાં યશ તથા કીર્તિની ચર્ચા કરતું, તો તેઓ એવી રીતે સાંભળતા, જાણે કોઈ બીજાની વાત થઈ રહી છે. લોકો નવાઈ પામીને કહેતા — 'રાજા શિબિ દેશ તથા દુનિયાની શોભા છે.'

એક સમયની વાત છે. રાજા શિબિ પોતાના રાજસિંહાસન પર બેઠા હતા. દરબારમાં તમામ મંત્રીઓ હાજર હતા. ગંભીર ચર્ચા-વિચારણા ચાલી રહી હતી.

ત્યારે જ એક કબૂતર આવીને એમના ખોળામાં પડ્યું. કબૂતર અત્યંત ગભરાયેલું હતું. તે જોરથી હાંફી રહ્યું હતું. એણે બીતાં-બીતાં કહ્યું — 'મહારાજ, મને બચાવો!' રાજા શિબિ નવાઈ પામ્યા. એમણે એને બાથમાં લઈ લીધું અને વહાલથી પંપાળવા લાગ્યા.

થોડી વાર પછી એક બાજ પણ ત્યાં આવી પહોંચ્યો. તે રાજા શિબિના સિંહાસનની સામે આવીને બેસી ગયો અને બોલ્યો — 'મહારાજ, હું ઘણા દિવસોનો ભૂખ્યો છું. આ કબૂતર મારો આહાર છે. આપ કૃપા કરીને એને છોડી મૂકો.'

રાજા શિબિ બોલ્યા — 'ના, એ તો ન બને આ કબૂતર પોતાની રક્ષા માટે મારા શરણમાં આવ્યું છે. શરણમાં આવેલાની રક્ષા કરવી એ મારો ધર્મ છે હું તને આ કબૂતર તો ન આપી શકું. એના બદલામાં તું જે ઈચ્છે તે માગી લે.'

બાજ ધૃષ્ટતાથી બોલ્યો — 'મહારાજ, મને તો મારો આહાર જોઈએ. આપ જો આ કબૂતર ન આપી શકો, તો એના બદલામાં એટલા જ વજનનું આપના શરીરનું માંસ મને આપો. મને ચાલશે.'

આ સાંભળીને આખી રાજસભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ, પરંતુ મહારાજ શિબિ બાજની ઇચ્છા પૂર્ણ કરવા માટે પ્રસન્નતાપૂર્વક તૈયાર થઈ ગયા. એમણે એક ત્રાજવું મંગાવ્યું. એક પલ્લામાં કબૂતરને બેસાડી દીધું અને બીજામાં પોતાના શરીરમાંથી માંસ કાપીને મૂકવા લાગ્યા. પણ આ શું! કબૂતર એટલું ભારે થઈ ગયું કે ઘણું માંસ મૂક્વા છતાં એનું પલ્લું જમીન પરથી ઊંચકાયું નહીં. છેવટે રાજા શિબિ પોતે જ પલ્લામાં બેસવા ગયા.

પરંતુ આશ્ચર્ય! ત્યારે જ ઇંદ્ર તથા યમરાજ એમની સામે હાથ જોડીને ઊભા રહી ગયા. હવે ત્યાં ન તો કબૂતર હતું, ન તો બાજ. આકાશમાંથી પુષ્પોની વર્ષા થવા માંડી. ઇંદ્ર તથા યમરાજ બંને હાથ જોડીને બોલ્યા — 'મહારાજ શિબિ, આપની દયાશીલતા તથા દાનવીરતાની ચર્ચા અમે ઘણી સાંભળી હતી. આથી કુતૂહલવશ આપની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. અમને માફ કરી દેશો. સાચે જ આપ મહાન છો.'

આજે પણ દાનવીરોમાં સૌથી પહેલાં રાજા શિબિનું નામ લેવાય છે. એમના કરતાં મોટો દાનવીર બીજો કોઈ થયો નથી.

ઝાંસીની રાણી

મારી ઝાંસી નહીં આપું



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તે વીરાંગનાઓન નામ પણ સુવર્ણાક્ષરે લખાશે જેમણે દેશના માટે હસતાં-હસતાં પોતાના પ્રાણ દાવ પર લગાવી દીધા. આ વોર નારીઓમાં સૌથી મહાન હતી — ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ. આ મહાન રાણીના બલિદાનને યાદ કરતાં કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણે સાચું જ લખ્યું છે

ચમક ઊઠી સન સત્તાવનમેં
　　વહ તલવાર પુરાની થી
બુંદેલે હરબોલોં કે મુંહ
　　હમને સુની કહાની થી
ખૂબ લડી મર્દાની,
　　વહ તો ઝાંસીવાલી રાની થી

લક્ષ્મીબાઈનું બાળપણનું નામ મનુબાઈ હતું. એમના પિતા મોરોપંત પેશવાઓના

ઘણા વિશ્વાસુ હતા. અંગ્રેજોએ જ્યારે મહારાજ પેશવાને ગાદી પરથી ઉતારીને ચિમનાજી અપ્પાને ગાદી પર બેસાડીને પોતાની મરજી પ્રમાણે વર્તવાનું શરૂ કર્યું, ત્યારે સ્વાભિમાની ચિમનાજી મોરોપંતને લઈને કાશી આવી ગયા. કાશીમાં જ ૧૯ નવેમ્બર, ૧૮૩૫ના રોજ લક્ષ્મીબાઈનો જન્મ થયો. હજી તો એ ચાર વર્ષની જ હતી ને એની માતા ભાગીરથીબાઈ ગુજરી ગઈ. મોરોપંત દીકરીને લઈને બાજીરાવ પાસે બિઠૂર આવી ગયા. મનુબાઈ સુંદર, ચંચળ તથા બુદ્ધિવાન હતી. એ આખો દિવસ નાનાસાહેબની સાથે રમતી. નાનાસાહેબ બાજીરાવ પેશવાના દત્તક પુત્ર હતા.

મનુબાઈએ નાનપણથી જ ઘોડેસ્વારી, તીરંદાજી તથા તલવારબાજી શીખી લીધી. એ વીર હતી, બુદ્ધિવાન તથા સુંદર હતી. ઝાંસીના મહારાજ ગંગાધર રાવે મનુબાઈની ઘણી પ્રશંસા સાંભળી. એમણે મનુબાઈ સાથે લગ્ન કરવાની ઇચ્છા જાહેર કરી. હવે મનુબાઈ ઝાંસીની રાણી બની ગઈ. એમનું નામ પડ્યું લક્ષ્મીબાઈ.

ગંગાધર રાવ લક્ષ્મીબાઈને ખૂબ જ પ્રેમ કરતા હતા. એમને જ પૂછીને રાજકારભાર ચલાવતા. લક્ષ્મીબાઈ હમેશાં પ્રજાના હિતમાં જ વિચારતાં, એટલે ઝાંસીની પ્રજા રાણીને ખૂબ જ ચાહતી હતી. થોડા સમય બાદ લક્ષ્મીબાઈએ એક પુત્રને જન્મ આપ્યો. ઘરે-ઘરે આનંદ મનાવવામાં આવ્યો કેમકે હવે રાજ્યનો વારસ જન્મી ચૂક્યો હતો તથા ઝાંસી અંગ્રેજોની ચુંગાલમાં જતાં બચી ગયું હતું. પરંતુ આ ખુશાલી થોડા જ દિવસ ટકી. પૂરા ત્રણ મહિના પણ નહીં થયા ને બાળક ગુજરી ગયું. મહારાજ ગંગાધર રાવ આ આઘાત સહી ન શક્યા. એ માંદા પડી ગયા. અંતકાળ નજીક જ હતો. હા, મરતાં પહેલાં એમણે દામોદર રાવને દત્તક લઈ લીધો. અંગ્રેજોને વિનંતી કરી કે દામોદર રાવનો ઝાંસીના વારસદાર તરીકે સ્વીકાર કરશો.

થોડા સમય પછી ગંગાધર રાવ ગુજરી ગયા. લક્ષ્મીબાઈ હજી આ આઘાતમાંથી બહાર પણ નહોતાં આવ્યાં કે મોટા લાટસાહેબનો હુકમ આવ્યો કે સરકાર દામોદર રાવને ગંગાધર રાવનો વારસદાર નથી માનતી. ઝાંસી વારસ વગરનું છે, માટે એને અંગ્રેજી રાજ્યમાં ભેળવી દેવામાં આવશે. સાથે જ રાણીને સાંઈઠ હજારનું પેન્શન બાંધી આપવા તથા કિલ્લો છોડીને ચાલી જવાનો પણ હુકમ આપી દીધો.

આ સાંભળીને રાણી લક્ષ્મીબાઈ બેચેન થઈ ગયાં. એમણે નિર્ણય લઈ લીધો કે ગમે તે થાય, તેઓ પોતાનું ઝાંસી નહીં છોડે. એમણે ફરીથી તલવારબાજી તથા ઘોડેસ્વારીનો અભ્યાસ ચાલુ કરી દીધો. રાજ્યની ધુરા વધારે દૃઢતાથી સંભાળી લીધી. પ્રજાના કલ્યાણ માટે અનેક યોજનાઓ શરૂ કરી. એક બાજુ સૈન્યની શક્તિ વધારવામાં આવી. યુદ્ધ માટે દારૂગોળો તથા તોપખાનાનો બંદોબસ્ત કરવામાં આવ્યો. રાણી જાતે પુરુષવેશમાં સૈન્યનું નિરીક્ષણ કરતાં તથા પોતાના સૈનિકોની હિંમત વધારતાં. ગમે તે થઈ જાય, તેઓ પ્રાણના ભોગે પણ પોતાના ઝાંસીનું રક્ષણ કરશે. આવો એમનો દૃઢ સંકલ્પ હતો.

આ તે જ સમય હતો જ્યારે આખા દેશમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામની ક્રાંતિની આંધી ઊઠી રહી હતી. ઝાંસીની રાણી પણ આ સંગ્રામમાં કૂદી પડી. ઝાંસીને અંગ્રેજોથી બચાવવાની તથા ક્રાંતિમાં સાથ આપવાની જવાબદારી એમની હતી. તેઓ પૂર્ણપણે સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય હતાં તેમજ અંગ્રેજોની દમન-નીતિનો વિરોધ કરી રહ્યાં હતાં. આ દરમિયાન સદાશિવ રાવે સ્વયંને ઝાંસીની ગાદીનો હકદાર જણાવીને આક્રમણ કરી દીધું. રાણી લક્ષ્મીબાઈએ એને બોધપાઠ ભણાવી દીધો. હજી તે જંપ્યાં પણ નહોતાં કે ઓરછાના દીવાને હજારો સૈનિકોને સાથે લઈને ઝાંસી પર ચડાઈ કરી દીધી. રાણી લક્ષ્મીબાઈ બહાદુરીથી લડ્યાં તથા વિજય મેળવ્યો.

હવે અંગ્રેજોનું ધ્યાન પણ ઝાંસી તરફ ગયું. સર હ્યૂરોજના નેતૃત્વમાં એક મોટી સેનાએ આવીને ઝાંસીને ઘેરી લીધું. ઝાંસીની રાણીએ જાતે પોતાની સેનાની ધુરા સંભાળી. તેઓ આખી રાત જાગીને જાતે કિલ્લાની વ્યવસ્થાનું ધ્યાન રાખતાં, સૈનિકોનો ઉત્સાહ વધારતાં. યુદ્ધ શરૂ થયું. રાણી લક્ષ્મીબાઈ ભારે બહાદુરીથી લડ્યાં. એમના સૈનિકોએ પણ પ્રાણ હોડમાં મૂકી દીધા. પરંતુ વિશાળ અંગ્રેજી સેનાનો સામનો કરવો સરળ નહોતું. જ્યાં સુધી કિલ્લાની તોપો ગાજતી રહી, અંગ્રેજો આગળ વધવાની હિંમત કરી ન શક્યા. પરંતુ રાણીનો વિશ્વાસુ તોપચી ગુલામ ગૌસખાં માર્યો ગયો. બારૂદઘરમાં અંગ્રેજોનો ગોળો આવીને પડ્યો ને સેંકડો સૈનિકો માર્યા ગયા. રાણી લક્ષ્મીબાઈ બંને હાથમાં તલવાર લઈને રણચંડીની માફક યુદ્ધ કરી રહ્યાં હતાં. બાર દિવસ વીતી ગયા હતા. હવે યુદ્ધ ચાલુ રાખવું મુશ્કેલ હતું. રાણીએ ઝાંસીને છોડવાના બદલે ત્યાં જ પ્રાણ હોમી દેવાનો નિર્ણય લીધો. પરંતુ સરદારોએ સમજાવ્યાં, 'સ્વાતંત્ર્યના યુદ્ધ માટે આપનું બચી નીકળવું જરૂરી છે. હવે તો આખા ભારતના સ્વાતંત્ર્ય માટે યુદ્ધ કરવું પડશે.'

આખરે રાણી પોતાના ઘોડા પર બેસીને ભાગી છૂટ્યાં તથા કાલપી પહોંચી ગયાં. નાનાસાહેબના ભાઈ રાવસાહેબ કિલ્લામાં હતા. એમણે રાણીનું સ્વાગત કર્યું. ફરીથી લડાઈની યોજના ઘડવામાં આવી. નવો મોરચો ઘડાયો, પણ રાવસાહેબ વિચારતા હતા — 'હું એક સ્ત્રીની અધીનતા શા માટે સ્વીકારું?' રાણી લક્ષ્મીબાઈ સેનાની મોરચાબંધી મજબૂત કરવા ચાહતાં હતાં, પરંતુ રાવસાહેબે એમની વાત ન સાંભળી. આ જ કારણે જ્યારે અંગ્રેજોએ કાલપી પર હલ્લો કર્યો તો રાણી લક્ષ્મીબાઈએ પોતાના મોરચા પરથી એમના છક્કા છોડાવી દીધા, પણ રાવસાહેબનો મોરચો તૂટી ગયો.

કાલપી છોડીને તમામ ક્રાંતિકારીઓએ હવે ગોપાલપુરમાં આશ્રય લીધો. અહીં તાત્યા ટોપે પણ આવીને એમના દળમાં ભળી ગયા હતા. બધા મળીને પણ નક્કી કરી શકતા ન હતા કે હવે અંગ્રેજો વિરુદ્ધ લડાઈ શી રીતે ચાલુ રાખવી. રાણી લક્ષ્મીબાઈ બોલ્યાં — 'ગ્વાલિયર અહીંથી થોડે જ દૂર છે. ગ્વાલિયરના મહારાજા જિયાજી રાવ ભલે અંગ્રેજોના ભક્ત છે, પરંતુ એની સેના ચોક્કસ આપણને સાથ આપશે.'

સૌએ મળીને ગ્વાલિયર ભણી પ્રયાણ કર્યું. રાણી લક્ષ્મીબાઈએ માત્ર પોતાના અઢીસો વિશ્વાસુ સૈનિકોને સાથે રાખ્યા તથા સિંહણની જેમ તૂટી પડ્યાં. જિયાજી રાવે ભાગવું પડ્યું. ગ્વાલિયરની મોટા ભાગની સેના રાણીની સેના સાથે મળી ગઈ તથા રાણી લક્ષ્મીબાઈનો જયજયકાર કરવા લાગી.

ગ્વાલિયરનો કિલ્લો હાથમાં આવી ગયો એટલે નાનાસાહેબને પેશવા જાહેર કરવામાં આવ્યો. રાણી વારંવાર આગ્રહ કરતાં હતાં કે હવે કિલ્લા તથા સૈન્યનો બરાબર પ્રબંધ કરો. પરંતુ પેશવા બનીને નાનાસાહેબ રંગ-રાગમાં બધું ભૂલી ગયા. એમના સૈનિકોની પણ આ જ દશા હતી. રાણી લક્ષ્મીબાઈની વાત કોઈએ ન સાંભળી.

તત્કાળ અંગ્રેજોએ ગ્વાલિયર પર આક્રમણ કરી દીધું. રાવસાહેબે માન્યું કે — 'રાણી લક્ષ્મીબાઈ સ્ત્રી છે, તે વળી સેનાનું શું સંચાલન કરી શકશે?' છતાં રાણી લક્ષ્મીબાઈ પૂર્ણ સતર્કતાથી બધું સંભાળતાં હતાં. જોઈ-તપાસી રહ્યાં હતાં. રાણીએ એવી વ્યૂહરચના કરી હતી કે હ્યૂરોજના માટે આગળ ધપવું મુશ્કેલ થઈ ગયું. રાણીના વફાદાર સૈનિકોએ અંગ્રેજી સેનાના છક્કા છોડાવી દીધા. આ જોઈને અંગ્રેજી સેના બીજા મોરચા તરફ ધસી, પણ રાણીએ તેનો રસ્તો પણ બંધ કરી દીધો. તે દિવસે અંગ્રેજી સેનાના ભૂંડા હાલ થઈ ગયા. જીતનું છોગું રાણીના માથે બંધાયું, પરંતુ એમનો પ્રિય અશ્વ ખૂબ જ ઘવાઈ ચૂક્યો હતો.

બીજા દિવસે પણ ભીષણ યુદ્ધ થયું. રાણીએ પીઠ ઉપર બાળક દામોદર રાવને બાંધ્યો હતો. અંગ્રેજો ગોળીઓ છોડી રહ્યા હતા, પરંતુ રાણી તલવાર પકડીને ઘોડો દોડાવતાં આગળ મોખરે પહોંચી ગયાં. સાથે એમની વિશ્વાસુ સહેલીઓ પણ હતી. એમણે અંગ્રેજોની મોરચાબંધી તોડી નાખી. પેશવાની ફોજના પગ ઢીલા પડી ચૂક્યા હતા. પરંતુ રાણી અંગ્રેજોના વ્યૂહને કાપતાં આગળ ધપતાં ગયાં. એમણે પોતાના બચાવ માટે એક સિપાઈ પર પ્રહાર કર્યો. એટલામાં એમને પોતાની પ્રિય સખીની ચીસ સંભળાઈ. એમણે ઘા કરનાર અંગ્રેજનું માથું વાઢી નાખ્યું તથા ઘોડો દોડાવતાં ચાલ્યાં. સામે નાળું હતું. રાણીનો પ્રિય ઘોડો તો મરી ગયો હતો, જ્યારે આ ઘોડો નવો હતો. નાળું જોઈને થંભી ગયો. અંગ્રેજોએ આવીને રાણી લક્ષ્મીબાઈને ઘેરી લીધાં. રાણીના મસ્તક પર તલવારનો વાર કરવામાં આવ્યો. પરંતુ રાણીએ મરતાં-મરતાં પણ તે અંગ્રેજ સવારને મારી નાખ્યો.

રાણીના વિશ્વાસુ અંગરક્ષક રામચંદ્ર રાવે પાસેની ઝૂંપડીમાં રાણીનું શબ રાખ્યું તથા ચિતામાં આગ ચાંપી દીધી. મહાન વીરાંગના રાણી લક્ષ્મીબાઈએ રણક્ષેત્રમાં લડતાં-લડતાં એક સાચા વીર જેવું મૃત્યુ મેળવ્યું. તે સમયે તેમની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી, પરંતુ એમનું નામ દેશના પ્રત્યેક બાળકની જીભે અંકાઈ ગયું હતું. તેઓ અંગ્રેજોની વિરુદ્ધ સંઘર્ષ તથા વિદ્રોહનું પ્રતીક બની ગયાં.

તેઓમાં એટલી હિંમત તથા વીરતા હતી કે સ્વયં અંગ્રેજોએ પણ એમની ભારે પ્રશંસા કરી હતી. હ્યૂરોજે રાણીની પ્રશંસામાં લખ્યું: 'મહારાણીનું ઉચ્ચ ખાનદાન, આશ્રિતો તથા સૈનિકોના પ્રત્યે એમની અસીમ ઉદારતા તથા વિકટતમ સ્થિતિમાં પણ અતૂટ ધૈર્ય — એમના આ ગુણોએ રાણીને અમારો એક અજેય પ્રતિદ્વંદ્વી બનાવી દીધો હતો. એ શત્રુદળની સૌથી બહાદુર તથા સર્વશ્રેષ્ઠ સેનાનાયિકા હતાં.'

વીર સંન્યાસી

જેમણે સૂતેલા દેશને જગાડ્યો



ભારતના જે તેજસ્વી સપૂતોએ વીજપ્રકાશની જેમ પોતાના વ્યક્તિત્વથી, મેધા વડે તથા તપ દ્વારા આખા વિશ્વમાં ભારતની કીર્તિ તથા જ્ઞાન-વિજ્ઞાનને ફેલાવ્યાં, તેઓમાં વિવેકાનંદનું નામ સૌથી અલગ તરી આવે છે. વિવેકાનંદ બંગાળના મહાન સંત રામકૃષ્ણ પરમહંસના અત્યંત પ્રતિભાશાળી શિષ્ય હતા. તેઓ એટલા પ્રખર વક્તા હતા કે લોકો મંત્રમુગ્ધ થઈને એમને સાંભળતા હતા. એમના સ્વરમાં વીજળી જેવો પડકાર તથા શબ્દોમાં તણખા હતા. આથી જ એમને વીર સંન્યાસી કહેવાય છે. એક બાજુ એમણે હિંદુ ધર્મના અંધવિશ્વાસો તથા કુરીતિ-રિવાજો ઉપર પ્રહાર કર્યો; ભારતીઓનાં આળસ, દીનતા તથા અશિક્ષણને દૂર કરવાના પ્રયત્નો કર્યા, તો બીજી બાજુ દુનિયાભરમાં ભારતની પ્રાચીન સભ્યતા તથા સંસ્કૃતિનો ડંકો વગાડ્યો. ત્યાં સુધી કે અનેક અંગ્રેજો પણ એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને એમના શિષ્ય બન્યા તેમજ તેઓએ પોતાનું સંપૂર્ણ જીવન વિવેકાનંદનાં સ્વપ્નાંને પૂર્ણ કરવામાં લગાવી દીધું. આજે પણ વિવેકાનંદનું નામ સાંભળતાં જ વિશ્વના તમામ વિદ્વાનો તથા વિચારકો આદરથી મસ્તક નમાવે છે.

વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતાના એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. એમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. પિતા પ્રસિદ્ધ વકીલ હતા. માતા પણ અત્યંત પ્રખર વ્યક્તિત્વવાળાં ઓજસ્વી નારી હતાં. બાળક વિવેકાનંદ ઉપર માતા-પિતાનાં વ્યક્તિત્વનો ઊંડો પ્રભાવ પડ્યો.

બાળપણમાં વિવેકાનંદ અત્યંત પ્રતિભાવાન હતા. તેઓ કેવળ અભ્યાસનાં પુસ્તકો જ નહોતા વાંચતા, બલકે ભારતીય ધર્મ, દર્શન, વિજ્ઞાન તથા અન્ય અનેક વિષયોનાં ગંભીર પુસ્તકો પણ વાંચતા હતા. બી. એ. કર્યા પછી એમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો, પરંતુ મન ન લાગવાના કારણે એને છોડી દીધો. દરમિયાન એમના પિતાનું મૃત્યુ થઈ ગયું તથા પરિવારનો તમામ બોજ એમના ખભા ઉપર આવી પડ્યો.

વિવેકાનંદને એની ચિંતા હતી, પરંતુ એનાથી પણ મોટી ચિંતા હતી ભારત માતાની દુર્દશાની. કોઈનાં પણ દુ:ખ-દર્દની વાત સાંભળીને તેઓ બેચેન થઈ ઊઠતા તથા એમની આંખો ભરાઈ આવતી. તેઓ મનોમન વ્યાકુળ હતા, કંઈક કરવા માટે તરફડી રહ્યા હતા, પણ એમને માર્ગ મળતો નહોતો. એટલામાં તેઓ રામકૃષ્ણ પરમહંસના ચુંબકીય વ્યક્તિત્વના પ્રભાવમાં આવ્યા. વિવેકાનંદ રામકૃષ્ણથી અત્યંત પ્રભાવિત હતા, પરંતુ હજી પણ એમને પૂર્ણ શાંતિ મળી નહોતી. તેઓ રામકૃષ્ણને જાત-જાતના પ્રશ્નો પૂછતા. રામકૃષ્ણ પરમહંસ ક્યારેક હસીને ઉત્તર આપતા, તો ક્યારેક માત્ર હસતા. તેઓ વિવેકાનંદની વ્યાકુળતાને સમજી રહ્યા હતા, પરંતુ જાણતા હતા — સાધના વિના આ પ્રશ્નોના ઉત્તર મેળવવા મુશ્કેલ છે. વિવેકાનંદ વારંવાર પૂછતા રહેતા — શું આપે ઈશ્વરને જોયા છે? એમનાં દર્શન કર્યાં છે? રામકૃષ્ણ હસીને કહેતા — ‘હા, બરાબર એ જ રીતે જેમ હું તને જોઈ રહ્યો છું.’

આખરે રામકૃષ્ણ પરમહંસની પ્રેરણાથી વિવેકાનંદ મા કાળીની ઉપાસનામાં લાગી ગયા. કેટલાયે કલાક સુધી તેઓ સમાધિમાં રહેતા. એમને રાત-દિવસનું ભાન પણ નહોતું રહેતું. એમને લાગ્યું કે એમના પ્રશ્નોના ઉત્તર આપોઆપ જ મળી રહ્યા છે. એમની સમક્ષ જીવનનો માર્ગ ખૂલી રહ્યો છે. તેઓ વારંવાર પૂછતા હતા — હું કોણ છું, અહીં શા માટે આવ્યો છું? હવે એમને પોતાના જીવનનો હેતુ સ્પષ્ટ દેખાવા લાગ્યો. સંન્યાસી બનીને એમણે ઘર છોડી દીધું અને દેશમાં ઠેર-ઠેર ફરવા લાગ્યા. કોલકાતાથી દ્વારિકા સુધી તથા હિમાલયથી કન્યાકુમારી સુધી આખા ભારતનું એમણે ભ્રમણ કર્યું.

ઈસવીસન ૧૮૯૩માં શિકાગોમાં સર્વ ધર્મ સંમેલનનું આયોજન થવાનું હતું. કોઈ રીતે યાત્રાનો ખર્ચ ભેગો કરીને તે સંમેલનમાં ભાગ લેવા માટે સ્વામી વિવેકાનંદે પણ અમેરિકાનો પ્રવાસ ખેડ્યો. તેઓ ઇચ્છતા હતા, ભારતમાતાની વાણી વિશ્વના કાન સુધી પહોંચે અને માયા તથા ભ્રમમાં પડેલો સંસાર ભારતની મહાનતાને સમજે. આ યાત્રામાં વિવેકાનંદને ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. એમની પાસે ઠંડીથી બચવા માટે કપડાં તથા ધન નહોતું. ત્યાં સુધી કે અમેરિકા પહોંચ્યા પછી ત્યાંની ભયંકર ઠંડીથી બચવા માટે રસ્તાના કિનારે પડેલા એક પાઈપમાં છુપાઈને પોતાના પ્રાણ બચાવવા પડ્યા. પરંતુ આ તકલીફોને વટાવીને તેઓ શિકાગોના સર્વ ધર્મ સંમેલનમાં પહોંચી ગયા. ત્યાં એમણે ભારતનાં ધર્મ તથા દર્શનના મહિમા અંગે જે ઓજસ્વી ભાષણ આપ્યું, તે સાંભળીને તમામ લોકો છક થઈ ગયા. એક ગુલામ જેવા દેશમાંથી આવેલા પ્રતિનિધિના શબ્દોમાં સ્વતંત્રતાનો એવો પડકાર હતો જે તેઓને એક નવી જાગૃતિનો સંદેશ આપી રહ્યો હતો. જેમ વીજળીનો ઝબકાર એક સાથે દૂર-દૂર સુધી પહોંચી જાય છે, તે જ પ્રમાણે વિવેકાનંદનું નામ દુનિયાના ખૂણેખૂણામાં ફેલાઈ ગયું. અમેરિકાનાં છાપાંએ એમની ભરચક

પ્રશંસા કરી. લોકો જાણી ગયા કે ભલે ભારત પરતંત્ર છે, પરંતુ આજે પણ તે દુનિયાનો સૌથી મોટો જ્ઞાની દેશ છે.

વિવેકાનંદની આ સફળતાથી આખા ભારતમાં એક નવું જોમ ઊભરી આવ્યું. જાણે ભારતીઓનો ખોવાયેલો આત્મવિશ્વાસ પાછો આવ્યો. વિવેકાનંદનો સંદેશ જાણે તેઓને કહી રહ્યો હોય — 'તમે મહાન છો. ઊઠો અને પોતાની મહાનતાને ઓળખો.'

થોડા સમય પછી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. ધર્મ તથા દર્શનના પ્રચારની સાથોસાથ જનતા તથા દેશની સેવા કરી. વિવેકાનંદના ચમત્કારી વ્યક્તિત્વના કારણે દેશ-વિદેશમાં રામકૃષ્ણ મિશનની શાખાઓ ખૂલી ગઈ. આ મિશનનો સંદેશ હતો — માનવતાની સેવા. જ્યાં પણ કોઈ સંકટમાં હોય, મિશનના સંન્યાસી ત્યાં જતા અને તેઓની સેવા કરતા.

સતત દેશ તથા વિદેશમાં ભ્રમણ કરવાના કારણે વિવેકાનંદનું શરીર નિર્બળ રહેવા લાગ્યું. સતત પરિશ્રમ તથા તપ કરીને જાણે એમણે પોતાની જાતને ઓગાળી નાખી હતી. ૪ જુલાઈ, ૧૯૦૨ના રોજ માત્ર ૩૯ વર્ષની વયમાં જ વિવેકાનંદનું અવસાન થઈ ગયું. પરંતુ એમણે ભારતમાં જાગૃતિની જે લહેર પેદા કરી, તેની ગૂંજ હજી પણ દિશા-દિશામાં સંભળાય છે. વિવેકાનંદ કેવળ સંન્યાસી નહોતા. એમણે હજારો યુવાનોને દેશ પર ન્યોચ્છાવર થવાની પ્રેરણા આપી. એમણે સ્પષ્ટ કહ્યું હતું — 'આ પરાધીન દેશે તો જનની જન્મભૂમિની આરાધના કરવી જોઈએ, તો જ આપણને સાચો માર્ગ મળી શકે છે.' એ જ પ્રમાણે એમણે અત્યંત ભાવુક બનીને કહ્યું હતું —'હું કેવળ મારી મુક્તિ નથી ઇચ્છતો, બલકે સમસ્ત માનવજાતિની મુક્તિ ચાહું છું. લોકોની સેવા જ મારો એકમાત્ર ધર્મ છે.'

વિવેકાનંદ માટે ધર્મ અને દર્શન રોજિંદા જીવનથી અલગ નહોતાં. આથી જ એમણે જાણે નવયુવાનોને પડકારીને કહ્યું હતું — 'હું ચાહું છું, ગીતા વાંચવાના બદલે તમે ફૂટબૉલ રમો. ફૂટબૉલ રમવાથી તમારામાં વીરતાની ભાવના પેદા થશે. ત્યારે તમે ગીતાને પણ સાચી રીતે સમજી શકશો.' ત્યાં સુધી કે એમણે અમેરિકાના લોકોની સ્વતંત્રતા તથા તેજસ્વિતાની પણ પુષ્કળ પ્રશંસા કરતાં કહ્યું હતું — 'લાગે છે, જાણે અમેરિકા વીજળીથી ભરાઈ ગયું છે. ત્યાંના લોકો દરેક કામ વીજળી દ્વારા જ કરવા ચાહે છે. હું ચાહું છું કે આપણા દેશના યુવાનો પણ ત્યાં જઈને વીજળી વિશે માહિતી પ્રાપ્ત કરે તથા પાછા આવીને તેનો દેશમાં ઉપયોગ કરે.'

સાચું તો એ છે કે વિવેકાનંદના ઓજસ્વી શબ્દોએ સૂતેલા દેશને જગાડ્યો. એમના શબ્દોમાં જાગૃતિનો સંદેશ જ નહીં, સાચો પડકાર તથા હાકલ પણ હતી, જે હૃદયનાં બંધ દ્વાર ખોલે છે. આથી જ વિવેકાનંદના વિચારો તથા ભાષણોથી આખા દેશમાં જાગૃતિની એક લહેર પેદા થઈ ગઈ. ત્યાં સુધી કે અનેક સ્વાતંત્ર્યસેનાની તથા ક્રાંતિકારીઓ પણ વિવેકાનંદના શબ્દોથી પ્રેરાઈને આગળ વધ્યા તથા પરાધીન ભારતમાતાની બેડીઓ તોડવા માટે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી.

વિવેકાનંદ જીવનને ખુલ્લી આંખે જોતા હતા. આથી એમના સંદેશ ક્યારેય જૂના ન બન્યા. આજે પણ તે આપણાં હૈયાંમાં વીજળી જેવી ચમક પેદા કરે છે. આથી જ એમને વીર સંન્યાસી કહેવામાં આવ્યા છે.

અમર શહીદ 'બિસ્મિલ'

ક્રાંતિકારી આંદોલનના નાયક



આપણા દેશના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જે ક્રાંતિકારીઓએ હસતાં હસતાં પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરી દીધા, તેઓમાં રામપ્રસાદ 'બિસ્મિલ'નું નામ ખૂબ જ આદરપૂર્વક લેવામાં આવે છે. તેઓ એક મહાન ક્રાંતિકારી જ નહીં, બલકે ભારતમાં અંગ્રેજી સત્તાની વિરુદ્ધ ઊઠેલા ક્રાંતિકારી આંદોલનના અગ્રણી તથા વીર નાયક પણ હતા.

રામપ્રસાદ 'બિસ્મિલ'ની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ તથા વીરતાપૂર્ણ પરાક્રમોએ અંગ્રેજી સત્તાને હચમચાવી નાખી. અંગ્રેજો રામપ્રસાદ 'બિસ્મિલ'ના નામથી ધ્રૂજતા હતા. બીજી બાજુ ભારતીય જનતામાં આના કારણે જોમની નવી લહેર ઊઠી હતી. ઠેર-ઠેર અંગ્રેજોનો વિરોધ થઈ રહ્યો હતો. પ્રત્યેક બાળક પોકારતો હતો — 'અમે આઝાદી મેળવીને જ જંપીશું.'

અંગ્રેજ સરકાર રામપ્રસાદ 'બિસ્મિલ'ને પકડવા માટે દિવસ-રાત એક કરી રહી હતી. પરંતુ બિસ્મિલ ક્યાં એનાથી ડરતા હતા. એમણે ગુપ્તતાથી ક્રાંતિકારીઓનું એક દળ બનાવી લીધું હતું. અંગ્રેજોની વિરુદ્ધ અધિક જોરશોરથી ક્રાંતિ ચાલુ કરી દીધી. સંગઠન માટે ધનની જરૂર હતી. બિસ્મિલે કહ્યું — આપણે અંગ્રેજી સરકારનો ખજાનો લૂટીશું.

યોજના ઘડાઈ તથા ક્રાંતિકારીઓ પોતાના કામે લાગી ગયા. ઇતિહાસમાં ક્રાંતિકારીઓના આ સાહસિક કાર્યની યાદ કાકોરી-કાંડના નામે કરવામાં આવે છે. અંગ્રેજ સરકાર એનાથી સ્તબ્ધ થઈ ગઈ હતી.

થોડા સમય પછી રામપ્રસાદ 'બિસ્મિલ' પકડાઈ ગયા. એમને ફાંસીની સજા સંભળાવવામાં આવી. પરંતુ એમના ચહેરા પર અપૂર્વ શાંતિ તથા તેજ હતાં. ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ એમને ફાંસી અપાવાની હતી. ફાંસીના પહેલાં એમનાં માતા તથા પિતા એમને મળવા આવ્યાં. બિસ્મિલ દોડીને એમનાં ચરણોમાં ઢળી પડ્યા. માતા-પિતા એમને ઉઠાડીને ભેટ્યાં. આ અંતિમ મિલન હતું.

તે સમયે રામપ્રસાદ 'બિસ્મિલ'ની આંખો છલકાઈ હતી. બિસ્મિલનાં માતા પણ વીર નારી હતાં. પોતાના દીકરા પર એમને ગર્વ હતો કે તે દેશના માટે પોતાનો પ્રાણ ન્યોચ્છાવર કરી રહ્યો છે. પણ એની આંખો ભરાયેલી જોઈને માએ વિચાર્યું કે ક્યાંક આ મૃત્યુથી ડરી તો નથી ગયો? તેઓ બોલ્યાં — 'દીકરા, તારી આંખોમાં આંસુ!'

બિસ્મિલ એકદમ ટટાર ઊભા થઈ ગયા. બોલ્યા — 'મા, મને મોતનો ભય હોત તો હું આ માર્ગ શા માટે અપનાવત? આ હર્ષનાં આંસુ છે. તું ધન્ય છે મા, તારો દીકરો ધરતીમાતાના કામમાં આવ્યો.'

આટલું કહેતાં બિસ્મિલના ચહેરા પર અદ્‌ભુત આનંદ હતો. ગર્વથી તેનું કપાળ ઝળકી રહ્યું હતું.

ફાંસીના તખ્તા તરફ જતી વેળા પણ બિસ્મિલ 'ભારતમાતા કી જય' તથા 'વંદે માતરમ્'ના પોકાર કરી રહ્યા હતા. તેઓ ફાંસીના તખ્તા પર ચઢ્યા તથા સિંહની જેમ ગર્જના કરતાં બોલ્યા —

મરતે બિસ્મિલ, રોશન,
લહરી, અશફાક અત્યાચાર સે,
હોંગે પૈદા સૈંકડોં
ઈનકે રૂધિર કી ધાર સે!

એવા વીર ક્યારેય મરતા નથી. તેઓ હંમેશ-હંમેશના માટે અમર થઈ જાય છે. આવા મહાન શહીદોના લીધે જ આજે આપણો દેશ આઝાદ છે.

રામપ્રસાદ 'બિસ્મલ'ની આત્મકથા હિંદી ભાષાની સુંદર તથા પ્રભાવશાળી આત્મકથાઓમાંની એક ગણાય છે. તેમાં એમણે અંગ્રેજી શાસનના અત્યાચારોની છબી રજૂ કરવાની સાથોસાથ. ક્રાંતિકારીઓએ તમામ પ્રકારના જોખમ ઉઠાવીને કામ કરવા તથા સ્વાતંત્ર્ય સંઘર્ષના અલખને જગાડી રાખવો પડે છે, તે સ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો છે. દરેક નવયુવાને 'બિસ્મિલ'ની આ રોમાંચક આત્મકથા ચોક્કસ વાંચવી જોઈએ.

રવીન્દ્રનાથ ટાગોર

એક સ્વપ્નદ્રષ્ટા વિશ્વકવિ



રવીન્દ્રનાથ ટાગોર ભારતના વિશ્વપ્રસિદ્ધ કવિ, વાર્તાકાર તથા નવલકથાકાર તો હતા જ; તેઓ એક મહાન ક્રાંતિકારી વિચારક પણ હતા. એમના તેજસ્વી વ્યક્તિત્વમાં એવો પ્રકાશ હતો કે જોતજોતામાં એમનો પ્રભાવ આખા વિશ્વમાં ફેલાઈ ગયો. રવીન્દ્રનાથ ટાગોર પરાધીન ભારતમાં જન્મ્યા, પરંતુ એમનાં સાહિત્ય તથા વ્યક્તિત્વમાં એટલી ઉચ્ચતા, એટલી પ્રખરતા તથા તેજસ્વિતા હતી કે આખા ભારતમાં એમણે સ્વાધીનતાની લહેર પેદા કરી દીધી. અનેક ક્રાંતિકારીઓ તથા આંદોલનકર્તાઓ એમનાં રચેલાં દેશભક્તિનાં ગીતો ગાઈ-ગાઈને આગળ ધપ્યા તથા દેશના માટે કુરબાન થઈ ગયા. આમ રવીન્દ્રનાથ ટાગોરે દેશમાં જાગૃતિની એક નવી જ્યોત જગાવી. જન-ગણ-મન ગીત એમણે લખેલું છે, જે આજે ભારતનું રાષ્ટ્રગીત છે.

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મે, ૧૮૬૧ના રોજ કોલકાતા નજીક જોડા સાંકોમાં થયો હતો. એમના પિતા દેવેન્દ્રનાથ ટાગોર બ્રહ્મસમાજથી પ્રભાવિત હતા તેમજ ઉદાર વિચારોવાળા હતા. રવીન્દ્રનાથ ટાગોરના દાદા દ્વારિકાનાથ ટાગોર ખૂબ ધનવાન હતા તથા સરકારે એમને રાજાનો ખિતાબ આપ્યો હતો. એટલા સમૃદ્ધ ઘરમાં જન્મ લેવા છતાં

રવીન્દ્રનાથ ટાગોરનું મન અધ્યયનમાં જ વધારે લાગતું હતું. તેઓ આખો દિવસ પુસ્તકો વાંચતા તથા ચિંતન-વિચારમાં ડૂબેલા રહેતા. તે ઉપરાંત બાળપણથી એમને વાર્તાઓ સાંભળવાનું ખૂબ ગમતું હતું. બાળપણમાં સાંભળેલી વાર્તાઓએ એમની સમક્ષ કલ્પનાનાં દ્વાર ખોલી નાખ્યાં હતાં તથા તેઓ કલાકો સુધી જાત-જાતની કલ્પનાઓમાં મગ્ન રહેતા હતા. એમણે અત્યંત રોચક રીતે બાળપણની આ ઘટનાઓનું વર્ણન કર્યું છે.

રવીન્દ્રનાથ ટાગોર જ્યારે નાના હતા, ત્યારે એમનો તમામ સમય નોકરોની દેખરેખ હેઠળ વીતતો હતો તથા તેઓના આદેશનું પાલન એમણે કરવું પડતું હતું. એક નોકર એમની ફરતે શાહીથી એક વર્તુળ દોરીને ડરાવતો — 'આ વર્તુળની અંદર જ રહેજો, બહાર પગ ન મૂકશો. નહિતર તમારી દશા તેવી જ થઈ જશે, જેવી સીતાજીની થઈ હતી. એમને રાવણ ઉપાડી ગયો હતો.' ડરીને બાળક રવીન્દ્ર એ જ વર્તુળમાં બેસી રહેતો, પણ મનોમન એકથી એક સુંદર પરીકથાઓ તથા કાલ્પનિક વાર્તાઓ સાંભળતાં એમને કોણ રોકી શકતું હતું!

રવીન્દ્રનાથ ટાગોરને પોતાની ઇચ્છાથી પુસ્તકો વાંચવાનું તથા અભ્યાસ કરવાનું તો ગમતું જ હતું, પરંતુ સ્કૂલનો અભ્યાસ એમને જરા પણ ગમતો નહોતો. ઝડપથી એમના માટે એવો પ્રબંધ કરવામાં આવ્યો કે તેઓ સ્કૂલમાં ન જતાં ઘરે જ ભણે.

ઘરમાં તેઓ સ્વેચ્છાએ જુદા-જુદા વિષયનાં પુસ્તકો વાંચતા. એ જ દિવસોમાં એમણે કાવ્યો લખવાનું પણ શરૂ કરી દીધું. એમની કવિતાઓ સાંભળીને બધા નવાઈ પામ્યા, કેમકે એમાં ઊંડા મનોભાવો હતા. આથી રવીન્દ્રનાથને વધારે પ્રોત્સાહન મળ્યું. તેઓ ઝડપથી કવિતાઓ લખવા લાગ્યા. સાથે જ એમણે સંગીતનું પણ શિક્ષણ મેળવ્યું. એમના મોટા ભાઈ પિયાનો પર નવા-નવા સૂર કાઢતા અને રવીન્દ્રનાથ એ સૂરો પર કવિતાની રચના કરતા. આ જ પ્રમાણે કિશોરાવસ્થામાં રવીન્દ્રનાથે અનેક વાર્તાઓ લખી.

સત્તર વર્ષની ઉંમરમાં રવીન્દ્રનાથને અભ્યાસ માટે વિલાયત મોકલવામાં આવ્યા. ત્યાં એક અંગ્રેજ પરિવારની સાથે રહીને રવીન્દ્રનાથ ટાગોર અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યા. થોડા સમય પછી તેઓ ભારત પાછા ફર્યા. પરિવારના લોકોની ઇચ્છા હતી કે રવીન્દ્રનાથ કાયદાનો અભ્યાસ કરીને બૅરિસ્ટર બને, પરંતુ રવીન્દ્રનાથનું મન બીજી જ દિશામાં ખેંચાતું હતું. તેઓ ફરીથી ઈંગ્લૅન્ડ નહીં ગયા. એમણે પોતાની ઇચ્છા મુજબ જીવન જીવવાનો નિર્ણય કરી લીધો.

ત્યાર પછી રવીન્દ્રનાથ ટાગોરે અનેક કવિતાઓ લખી. તેઓ રાત-દિવસ અભ્યાસ તથા લેખનમાં મગ્ન રહેતા. હવે એમની કવિતાઓ સામયિકોમાં માનપૂર્વક છપાવા લાગી. પોતાની પૈતૃક જમીનદારીની દેખરેખ રાખવા માટે એમને બંગાળનાં ગામડાંમાં ભટકવું પણ પડતું હતું. આથી એમના અનુભવોનો વિસ્તાર થયો. નવા-નવા લોકોને મળવા તથા નવી-નવી વાતો જાણવાનો અવસર પણ મળ્યો.

રવીન્દ્રનાથે પોતાની પસંદગીની કવિતાઓની સંગ્રહ 'ગીતાંજલિ' નામથી પ્રકાશિત કર્યો. એનો અંગ્રેજી અનુવાદ પ્રસિદ્ધ કવિ યીટ્સે કર્યો હતો તથા એમણે એની ભૂમિકા પણ લખી હતી. આ જ પુસ્તક ઉપર ઈસવીસન ૧૯૧૩માં રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પુરસ્કાર મળ્યો. જોતજોતામાં એમનું નામ આખી દુનિયામાં ફેલાઈ ગયું તથા વિશ્વના મહાન કવિઓમાં એમનું નામ સન્માનપૂર્વક લેવાવા લાગ્યું.

ત્યાર પછી તો રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનાં અનેક પુસ્તકો છપાયાં. ભારતમાં એમને 'નવજાગૃતિના દૂત' તરીકે લોકો જોતા. એમનાં કાવ્યો વાંચીને લાખો લોકોએ દેશભક્તિની પ્રેરણા મેળવી. રવીન્દ્રનાથ ટાગોરની કવિતાઓ છે જ એટલી ભાવપૂર્ણ કે

એને વાંચીને આપોઆપ દેશ તથા સમાજના માટે, નિર્ધન તથા વંચિત લોકોના માટે કંઈ કરવાનો ભાવ પેદા થાય છે.

રવીન્દ્રનાથ ટાગોરે કેવળ કવિતાઓ જ નહોતી લખી. એમણે વાર્તાઓ, નવલકથાઓ, નાટકો, નિબંધ — બધું જ લખ્યું. બાળકો માટે પણ એમણે કેટલીક સુંદર રચનાઓ કરી. રવીન્દ્રનાથ ટાગોરની વાર્તા 'કાબુલીવાલા' અતિ પ્રસિદ્ધ છે. એવું કયું બાળક હશે, જે એને વાંચીને ભાવવિભોર ન થયું હોય કે જેની આંખો ભીની ન થઈ હોય. એ જ પ્રમાણે ઘરેથી મામાના ઘરે ભણવા ગયેલા એક બાળકની લાચારી તથા પીડા પર લખાયેલી એમની વાર્તા 'પાછા ઘરે' એટલી માર્મિક છે કે વાર્તાનો અંત આવતાં-આવતાં વાચક પણ રડી પડે છે.

રવીન્દ્રનાથ ટાગોર એવા લેખક નહોતા જેઓ કેવળ લખે જ છે. તેમણે જે કંઈ લખ્યું, તેને પોતાના જીવન તથા વ્યવહારમાંપણ ઉતાર્યું. શિક્ષણ વિશે રવીન્દ્રનાથના વિચારો ખૂબ જ ક્રાંતિકારી હતા. તેઓ માનતા હતા કે બાળકોને સ્કૂલની બંધિયાર પદ્ધતિથી ભણાવવાં ન જોઈએ. ખુલ્લા આકાશની નીચે વૃક્ષોની છાયામાં એમને હસતાં-ગાતાં, રમતાં-રમતાં જીવનની ગંભીર વાતો ભણાવવી જોઈએ. રવીન્દ્રનાથ ટાગોરે આ માત્ર કહ્યું જ નહીં, બલકે એમણે શિક્ષણની એક આદર્શ સંસ્થા શાંતિનિકેતન શરૂ કરી. જોતજોતામાં શાંતિનિકેતન શિક્ષણ તથા નવા વિચારોનું સંદેશવાહક બની ગયું. દૂર-દૂરથી વિદ્વાનો આવીને શાંતિનિકેતનમાં ભણાવતા હતા. બાળકો હસતાં-રમતાં અહીં જીવનનું શિક્ષણ મેળવતાં હતાં. અભ્યાસની સાથોસાથ નૃત્ય, સંગીત, અભિનય, ચિત્રકલા વગેરે તમામ બાબતોને અહીં સ્થાન મળ્યું જેથી બાળકનો સંપૂર્ણ વિકાસ થાય. શાંતિનિકેતનનું આ મુક્ત રૂપ આજે પણ યથાવત્ છે. એ આજે પણ આપણને રવીન્દ્રનાથ ટાગોરના મહાન વ્યક્તિત્વ તથા એમનાં સ્વપ્નાં અને વિચારોની યાદ અપાવે છે.

રવીન્દ્રનાથ ટાગોરના વ્યક્તિત્વનું એક પાસું હમેશાં ભુલાવી દેવાય છે. પણ તે એમના વ્યક્તિત્વનું અદ્ભુત તથા મહત્ત્વપૂર્ણ પાસું છે. એ છે કવીન્દ્ર રવીન્દ્રનું ચિત્રકાર રૂપ. બેશક રવીન્દ્રનાથ ટાગોરે ઘણી પાછલી અવસ્થામાં ચિત્રો બનાવવાં શરૂ કર્યાં, પરંતુ એમનાં ચિત્રોની એકદમ અલગ શૈલી તથા પદ્ધતિ છે. એમને વિશ્વકલા-ઇતિહાસનો અમૂલ્ય વારસો ગણવામાં આવે છે.

રવીન્દ્રનાથ ટાગોર તે મહાન લેખકોમાંના છે જેઓ પોતાના ચિરંજીવ સાહિત્ય તથા વિચારોના કારણે હમેશાં અમર રહે છે. આથી જ આજે પણ લાખો લોકો એમનું સાહિત્ય આદરપૂર્વક વાંચે છે તથા એમને સન્માનપૂર્વક વંદન કરે છે.

ચંદ્રશેખર વેંકટ રામન

ભારતના મહાન વિજ્ઞાની



ચંદ્રશેખર વેંકટ રામન ભારતના મહાન વિજ્ઞાની હતા. એમણે ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં જે શોધ કરી, તેના પ્રત્યે આખી દુનિયાનું ધ્યાન ગયું. ચંદ્રશેખર વેંકટ રામનની આ શોધને 'રામન પ્રભાવ'ના નામથી ઓળખાય છે. પોતાની આ શોધ પર ઈસવીસન ૧૯૩૦માં એમને નોબેલ પુરસ્કાર મળ્યો. આ પહેલાં ભારતમાં જ નહીં, સમસ્ત એશિયા ખંડમાં કોઈપણ વિજ્ઞાનીને નોબેલ પુરસ્કાર મળ્યો નહોતો. આથી સી.વી. રામન જ એશિયાના પ્રથમ નોબેલ પુરસ્કાર વિજેતા વિજ્ઞાની કહેવાયા.

ચંદ્રશેખર વેંકટ રામન જેઓ સી. વી. રામનના નામથી જ ઓળખાય છે, બાળપણથી જ અત્યંત ગંભીર સ્વભાવના હતા. તેઓ અન્ય વિદ્યાર્થીઓની જેમ આખો દિવસ નાચ-કૂદ કે તોફાનો નહોતા કરતા, બલકે શાંતિથી અભ્યાસમાં લીન રહેતા હતા. આથી દરેક ધોરણમાં તેઓ હમેશાં પ્રથમ આવતા હતા. તેઓ ઘણાં પુસ્તકો વાંચતા. ખાસ કરીને જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં એમને અધિક રુચિ હતી. તેઓ એવાં પુસ્તકો વાંચતા હતા જેનાથી જીવનનાં છૂપાં સત્યો પર પ્રકાશ પડે. તે ઉપરાંત પોતાની આસપાસના જગતને પણ તેઓ ખૂબ ધ્યાનથી જોતા રહેતા. જે પણ નવી વાત દેખાતી, તેના પર મનોમન ચિંતન કરતા રહેતા. એમાંથી જ નવામાં નવી વાતો જાણવા તથા નવી શોધ કરવાની પ્રેરણા

એમના અંતરમાં જાગૃત થઈ.

સી. વી. રામન અસાધારણ પ્રતિભાશાળી હતા, પરંતુ એમનું શરીર સૂકલકડી હતું. કદ પણ વધારે નહોતું. આથી તેઓ પોતાના સહાધ્યાયીઓમાં સૌથી નાના દેખાતા હતા. એમણે જ્યારે એમ.એ.ના વર્ગમાં પ્રવેશ કર્યો, ત્યારે એમની ઉંમર માત્ર સત્તર વર્ષની હતી. એમના હલકા શરીરના કારણે ઘણી વાર ખૂબ વિચિત્ર બાબતો બની જતી. એવો જ એક રોચક પ્રસંગ છે — ચેન્નઈની પ્રેસિડેન્સી કૉલેજમાં બી.એ. પ્રથમ વર્ષનો વર્ગ હતો. એમાં અન્ય વિદ્યાર્થીઓની વચ્ચે એક દૂબળો-પાતળો બટકો છોકરો બેઠો હતો. અંગ્રેજ અધ્યાપક ભણાવવા માટે આવ્યા. તેમણે આખા વર્ગ પર નજર નાખી, તો એમની નજર એ જ દૂબળા-પાતળા બટકા છોકરા ઉપર પડી. એમને થયું કોઈ નીચલા વર્ગનો છોકરો ભૂલથી અહીં આવી ગયો છે. એમણે તે દૂબળા છોકરાને ઊભો કરીને પૂછ્યું તો તેણે કહ્યું — ‘સર, હું આ જ વર્ગનો છાત્ર છું.’ અંગ્રેજ અધ્યાપકને નવાઈ લાગી, પરંતુ થોડા સમય બાદ એમને તે વિદ્યાર્થી વિશે બીજી પણ આશ્ચર્યજનક બાબતો જાણવા મળી. એમને ખબર પડી કે આ છોકરો પોતાના સહાધ્યાયીઓ કરતાં જ નહીં, પોતાના અધ્યાપકો કરતાં પણ અનેક વિષયોમાં વિશેષ જાણકાર છે. ધીમે-ધીમે અંગ્રેજ અધ્યાપકના મનમાં પણ તે છોકરા પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થઈ ગયો. ચંદ્રશેખર વેંકટ રામન મૅટ્રિક તથા એફ.એ.ની જેમ બી.એ.માં તો પ્રથમ આવ્યા જ, આગળ જતાં એમ.એ.માં પણ તેઓ સર્વપ્રથમ રહ્યા. એમની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ. તમામ લોકો એમને અસાધારણ વિદ્યાર્થી ગણતા હતા તથા આશા કરવા લાગ્યા કે આ મેધાવી યુવાન ભવિષ્યમાં દેશનું નામ રોશન કરશે.

ચંદ્રશેખર વેંકટ રામનનો જન્મ તમિલનાડુના ત્રિચિનાપલ્લી નામના ગામે ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ થયો. શરૂઆતથી જ એમની રુચિ વિજ્ઞાનમાં હતી. તેઓ જ્યારે કૉલેજમાં ભણતા હતા, ત્યારથી જ એમણે ઘરમાં એક નાનકડી પ્રયોગશાળા બનાવીને સંશોધન ચાલુ કરી દીધું હતું. ચંદ્રશેખર વેંકટ રામનનો પ્રિય વિષય હતો — ભૌતિક વિજ્ઞાન. સત્તર વર્ષની વયમાં જ, જ્યારે તેઓ એમ.એ.ના છાત્ર હતા, એમણે ભૌતિક વિજ્ઞાન સંબંધિત એક શોધપૂર્ણ નિબંધ લખ્યો. તેમણે આ નિબંધ જોવા માટે પોતાના અધ્યાપકને આપી દીધો.

રામનને આશા હતી કે એમના અધ્યાપક મિ. જોન્સ આ નિબંધ વાંચીને પોતાનો અભિપ્રાય આપશે, અથવા તેમાં કંઈ સુધારો કરશે. પરંતુ મિ. જોન્સને તો આ નિબંધ સમજાયો જ નહીં. આથી એમણે તે ચૂપચાપ પોતાની પાસે મૂકી રાખ્યો અને કંઈ જ ન કહ્યું. પણ રામન નિરાશ નહીં થયા. થોડા સમય પછી તેમણે તે લેખ લંડનના પ્રસિદ્ધ સામયિક ‘ફિલૉસૉફિકલ મૅગેઝિન‘માં છાપવા માટે મોકલી આપ્યો. ત્યાં આ નિબંધ જેવો ને તેવો છપાઈ ગયો. આ જોઈને મિ. જોન્સ જ નહીં, કૉલેજના અન્ય પ્રાધ્યાપકો પણ દંગ રહી ગયા.

રામનનો માત્ર અભ્યાસ જ વિશાળ નહોતો, બલકે એમની દૃષ્ટિ પણ અતિ સૂક્ષ્મ હતી. તેઓ પોતાની આસપાસની દરેક વસ્તુને ધ્યાનથી જોતા હતા. ઈ.સ. ૧૯૨૧માં રામન પહેલી વાર વિદેશ ગયા. એમણે પાણીના જહાજથી યાત્રા કરી. એ જ જહાજમાંથી એમણે જોયું કે ભૂમધ્ય સમુદ્રનું પાણી ઘેરું નીલું દેખાય છે. રામને વિચાર્યું — ‘અરે, બંગાળની ખાડીમાં તો પાણીનો રંગ આવો નથી. બંનેમાં આ ફરક કેમ?’

રામન ઊંડા ચિંતનમાં ડૂબી ગયા. પછીનાં કેટલાંયે વર્ષો સુધી તેઓ આ જ સમસ્યાને હલ કરવામાં લાગી રહ્યા. રામનની શોધનો વિષય હતો પ્રકાશ. એમને લાગ્યું, ક્યાંક ને ક્યાંક પ્રકાશનો જ કોઈ સિદ્ધાંત આ પરિવર્તન માટે જવાબદાર છે. આ જ કારણે

ભૂમધ્ય સમુદ્રનું પાણી ઘેરું નીલું દેખાય છે, જ્યારે બંગાળના અખાતમાં પાણીનો રંગ એવો નથી.

રામને એક પછી એક અનેક પ્રયોગો કર્યા, અને છેવટે એનું સાચું કારણ જાણી લીધું. એમણે કહ્યું કે પાણીના રંગોનો આ તફાવત પ્રકાશના એક વિશેષ સિદ્ધાંતના કારણે છે. એ અત્યાર સુધી જાણી શકાયો નહોતો. સર્વપ્રથમ રામને જ તે શોધ્યો. એટલા માટે આ સિદ્ધાંતને 'રામન પ્રભાવ'ના નામથી ઓળખાયો. પોતાના આ સિદ્ધાંતમાં રામને એ સિદ્ધ કર્યું કે જ્યારે તરલ તથા પારદર્શક પદાર્થમાંથી પસાર થઈને વેરાય છે, ત્યારે પ્રકાશનો રંગ બદલાઈ જાય છે. આ જ કારણે ભૂમધ્ય સમુદ્રનું જળ જેવું ઘેરું નીલું દેખાય છે, તેવો રંગ બંગાળના અખાતનાં પાણીનો નથી.

ચંદ્રશેખર વેંકટ રામને ઈ.સ. ૧૯૨૫માં 'રામન પ્રભાવ'ની શોધ કરી. એના પર એમને ઈ.સ. ૧૯૩૦માં નોબેલ પુરસ્કાર મળ્યો. રામનને પોતાની શોધ ઉપર એટલો વિશ્વાસ હતો કે એમણે પોતાના મિત્રોને કહી જ દીધું હતું — 'જોજો, પાંચ વર્ષ પછી મને આના પર નોબેલ પુરસ્કાર મળશે'. એમની વાત અક્ષરશઃ સાચી ઠરી. આખી દુનિયામાંથી એમને એના માટે અભિનંદન મળ્યાં. ભારતવર્ષના આ મહાન વિજ્ઞાનીની બુદ્ધિ તથા પ્રતિભાનો સૌએ સ્વીકાર કર્યો. એવું કહેવાયું કે ભારત આજે પણ પ્રતિભામાં કોઈથી પાછળ નથી. આથી ભારતવાસીઓમાં એક નવો આત્મવિશ્વાસ આવ્યો.

અંગ્રેજોએ ભારતવાસીઓ અંગે આખી દુનિયામાં એવો ભ્રમ ફેલાવ્યો હતો કે તેઓ અત્યંત સાધારણ તથા બુદ્ધિહીન હોય છે, તેઓમાં સ્વતંત્ર થવાની લાયકાત જ નથી. પરંતુ પહેલાં રવીન્દ્રનાથ ટાગોર અને પછી સી. વી. રામનને મળેલા નોબેલ પુરસ્કારના કારણે ભારતીય મેધાની વિજયપતાકા વિશ્વમાં લહેરાવા માંડી. અંગ્રેજોની પોલ આપમેળે જ ઉઘાડી પડી ગઈ.

ત્યાર પછી તો સી. વી. રામનને અનેક પુરસ્કારો તથા પદવીઓ મળી. અનેક વિશ્વવિદ્યાલયોએ એમને ડૉક્ટરેટની પદવી આપી. સોવિયેત સરકારે એમને લેનિન શાંતિ પુરસ્કારથી સન્માનિત કર્યા. ડૉ. રામન એના સાચા હકદાર હતા. એમણે આ પુરસ્કાર ગ્રહણ કરતી વેળા જે શબ્દો કહ્યા હતા. તેનાથી એમની આસ્થા તથા વિશ્વાસનો ખ્યાલ આવે છે. રામને કહ્યું હતું— 'મેં આખી જિંદગી વિજ્ઞાનના કોઈ એવા પાસા પર સંશોધન નથી કર્યું. જેનાથી યુદ્ધમાં મદદ મળે.' તેનાથી ખ્યાલ આવે છે કે તેઓ વિજ્ઞાનને મનુષ્યનું હિતસાધક માનતા હતા. વિજ્ઞાનના એવાં પાસાંને તેઓ પસંદ નહોતા કરતા જે મનુષ્યત્વ માટે વિધ્વસનો માર્ગ તૈયાર કરે.

'રામન પ્રભાવ'ની શોધ પછી પણ ચંદ્રશેખર વેંકટ રામનની શોધયાત્રા થંભી નહીં. એમનું આખું જીવન વિજ્ઞાનના માટે સમર્પિત હતું. પછી શા માટે તેઓ નવરા બેસી રહે! રામનની રુચિનો મુખ્ય વિષય પ્રકાશ હતો. રંગોને પણ પ્રકાશ સાથે જ સંબંધ છે. રંગોની ઓળખ આંખની રેટિના વડે થાય છે. એમણે રેટિનાની કાર્યપ્રણાલી વિશે પણ મહત્ત્વનાં સંશોધનો કર્યાં. એ જ પ્રમાણે એમણે અનેક વાજિંત્રોના ધ્વનિઓનો ગંભીર અભ્યાસ કર્યો તથા એમના વિશે અનેક પ્રયોગો પછી પોતાના સિદ્ધાંતો સ્થાપ્યા.

૨૧ નવેમ્બર, ૧૯૭૦ના રોજ ભારતનો આ મૂર્ધન્ય વિજ્ઞાની અવસાન પામ્યો. પરંતુ એમને સંતોષ હતો કે એમણે ભારતને વૈજ્ઞાનિક વિકાસના તે તબક્કામાં પહોંચાડી દીધું છે, જ્યાં તેનાં ધપતાં પગલાંને કોઈ રોકી નહીં શકે.

ચંદ્રશેખર વેંકટ રામન ભારતના તે મહાન વિજ્ઞાનીઓમાંના છે, જેમના કારણે ભારતનું મસ્તક હમેશાં ગર્વથી ઊંચું રહેશે. એટલા માટે કે એમનાં કાર્યોથી એ સાબિત થયું

કે ભારતે પ્રાચીન કાળમાં જ નહીં, આધુનિક યુગમાં પણ વિશ્વ-વિજ્ઞાનના વિકાસ તથા શોધયાત્રામાં ઘણું બધું મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

પ્રેમચંદ

પ્રજાનો સાચો સેવક



પ્રેમચંદ હિંદીના તે મહાન લેખકોમાંના છે, જેમની કીર્તિ વિશ્વભરમાં ફેલાયેલી છે. દુનિયાની તમામ મુખ્ય ભાષાઓમાં એમની કૃતિઓનાં અનુવાદ થયા છે. એમને ભારતના એવા તેજસ્વી સપૂતના રૂપમાં યાદ કરવામાં આવે છે, જેમની કૃતિઓમાં ધરતીની પીડા તથા ભારતની પ્રજાનું હૃદય બોલે છે.

સાચું તો એ છે કે પ્રેમચંદે પોતાના સાદા, નિરભિમાની જીવન તથા કૃતિઓમાં એક સાચા લેખકનો અત્યંત ઊંચો આદર્શ રજૂ કર્યો. એમણે પોતાની કૃતિઓને ભારતની વિશાળ જનતાનાં સુખ-દુઃખ તથા આકાંક્ષાઓ સાથે જોડી હતી. પ્રેમચંદની વાર્તાઓ તથા નવલકથાઓમાં અત્યંત ઊંડાણથી ભારતનાં દુઃખ, ગરીબી, ગુલામીની પીડા તથા યાતનાનું ચિત્રણ છે. ભારતની ગરીબ જનતા તથા ખેડૂતોની વેદના છે. આથી તેઓ ભારતના મહાન લેખક ગણાય છે. જોકે આટલા મહાન લેખક હોવા છતાં પ્રેમચંદનું જીવન અત્યંત સાદું હતું. તેઓ ભયંકર ગરીબીમાં જીવ્યા. આથી જ એમને 'કલમના સિપાઈ' પણ કહેવાય છે. આ કલમના સિપાઈએ 'ગોદાન', 'રંગભૂમિ', 'કર્મભૂમિ', 'સેવાસદન', 'નિર્મલા' તથા

'ગબન' જેવી મહાન નવલકથાઓ લખી, જેમાં ભારતના અંધવિશ્વાસો પર પ્રહાર છે તથા ગુલામીની બેડીઓ પર તીખો વ્યંગ. જેના કારણે પ્રેમચંદની નવલકથાઓએ ભારતની છબી બદલી નાખી. ભારતની પ્રજાએ એમને એટલા બધા પ્રેમ તથા સન્માનથી અપનાવ્યા કે જોતજોતામાં પ્રેમચંદ હિન્દીના ઉપન્યાસ-સમ્રાટ જ નહીં, ભારતના હૃદયસમ્રાટ પણ બની ગયા. એમની વિદાય બાદ આટલાં વર્ષો પછી પણ એમની આ કૃતિઓ આપણને પોતાની, તદ્દન પોતાની જ લાગે છે.

પ્રેમચંદનો જન્મ ૩૧ જુલાઈ, ૧૮૮૦ના રોજ બનારસની પાસે જ લમહી નામના ગામમાં થયો હતો. એમનું બાળપણનું નામ હતું ધનપતરાય. પિતા પોસ્ટ ઑફિસમાં ક્લાર્ક હતા. પ્રેમચંદનું જીવન સીધીસાદી રીતે વીતી રહ્યું હતું કે આઠ વર્ષની વયમાં જ માથેથી માની છાયા ઊઠી ગઈ. પિતાનાં બીજાં લગ્ન થઈ ગયાં. ઘરમાં નવી મા આવી ગઈ. પ્રેમચંદની એકલતા થોડી વધી ગઈ. તેઓ ચૂપચાપ કાં તો રીંછ-વાંદરા નચાવનારા મદારીની પાછળ-પાછળ ભટકીને દિવસ ગાળતા અથવા તો મિત્રોની સાથે નાચ-કૂદમાં. મોટા ભાગે ગિલ્લી-દંડા એમને અત્યંત પ્રિય હતાં. ભણવાનું બહુ ગમતું નહોતું. તેના બદલે કથા-કિસ્સાનાં પુસ્તકો ઘણાં ગમતાં. ધીમે-ધીમે કથા-કિસ્સાનો ચસકો એટલો વધી ગયો કે પોતાના મિત્રો પાસેથી પુસ્તકો ઊછીનાં માંગીને લાવતા હતા. બે-ત્રણ વર્ષમાં એમણે સેંકડો નવલકથા વાંચી નાખી. અહીંથી જ પ્રેમચંદે વાર્તા કહેવાની કળા અથવા વાર્તાકથનની યુક્તિ શીખી. તમે પ્રેમચંદની કોઈપણ કૃતિ લો, તેને પૂરી કર્યા વિના છોડવી મુશ્કેલ છે. પ્રેમચંદની કળામાં આ નિખાર બાળપણમાં વાંચેલાં કથાવાર્તાનાં પેલાં પુસ્તકોમાંથી જ આવ્યો.

પિતાના મૃત્યુ પછી પ્રેમચંદના જીવનમાં મુશ્કેલીઓ ઘણી વધી ગઈ. હજી તેઓ નવમા ધોરણમાં હતા. ઘરમાં પૈસા બિલકુલ નહોતા, ઉપરથી સાવકી માતાની જવાબદારી હતી. સ્વયં પ્રેમચંદની હાલત એવી હતી કે ન તો પગમાં જોડાં હતાં કે ન તો શરીર પર પૂરતાં કપડાં. હેડમાસ્તરે દયા કરીને ફી માફ કરી દીધી હતી. પ્રેમચંદ એક બાળકને ટ્યૂશન ભણાવતા હતા, સાથોસાથ પોતાનો અભ્યાસ જાતે જ કરતા હતા. ગમે તેમ કરીને હાઇસ્કૂલ તો પાસ કરી લીધી પરંતુ આગળ અભ્યાસ મુશ્કેલ હતો. ગણિતમાં તેઓ કાચા હતા ને ગણિત વગર તેઓ ઈંટર મીડિયેટ પાસ કરી શકતા નહોતા. ત્યારે જ સંયોગવશ ચુનારની એક નાનકડી સ્કૂલના હેડમાસ્તર સાથે એમની મુલાકાત થઈ. હેડમાસ્તરના કહેવાથી એમણે સ્કૂલમાસ્તરી શરૂ કરી દીધી. મહિને અઢાર રૂપિયા પગાર મળતો હતો. તે સમયે પ્રેમચંદ જે સ્થિતિમાં હતા, તેમાં આ એમના માટે ઘણો મોટો આધાર હતો. થોડા જ સમય પછી એમને આ નોકરી છોડવી પડી, કેમકે તે સ્કૂલની ટીમ તથા લશ્કરની ટીમમાં ફૂટબૉલની મેચ થઈ રહી હતી. સ્કૂલની ટીમ જીતી રહી હતી. જીત્યા પછી છોકરાઓ આનંદથી નાચવા-કૂદવા લાગ્યા. ત્યારે જ એક ગોરા સૈનિકે એક છોકરાને બૂટથી ઠોકર મારી. પ્રેમચંદ આ જોઈ રહ્યા હતા. એમણે આગળ-પાછળ જોયા વિના મેદાનની સીમાઓ પર રોપેલી એક ઝંડી ઉખાડી અને તેની લાકડી વડે પેલા પર તૂટી પડ્યા. પછી તો તમામ છોકરાઓ ગોરા સૈનિકો પર તૂટી પડ્યા અને તેઓની એવી ધોલાઈ થઈ કે તેમને છઠ્ઠીનું ધાવણ યાદ આવી ગયું.

થોડા સમય પછી ક્વિંસ કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ બેકનસાહેબની ભલામણથી પ્રેમચંદને એક સરકારી સ્કૂલમાં નોકરી મળી ગઈ. થોડાં વર્ષ પછી ઇલાહાબાદ, કાનપુર, હમીરપુર, ગોરખપુર વગેરે અનેક સ્થળોએ આ નોકરીના લીધે એમની બદલીઓ થઈ. આથી પ્રેમચંદને જીવનને નજીકથી તથા તેનાં તમામ પાસાંથી જોવાની તક મળી.

તે દિવસોમાં દેશમાં સ્વાધીનતા આંદોલન જોર પર હતું. બાળ ગંગાધર તિલકના તેજસ્વી વ્યક્તિત્વે આખા દેશમાં આત્મગૌરવ, સ્વાધીનતા તથા જાગૃતિની લહેર પેદા કરી દીધી. ગાંધીજીના નામનો પ્રભાવ પણ છવાતો જતો હતો. પ્રેમચંદ પણ તેમનાથી પ્રભાવિત હતા. એમણે દેશભક્તિની અનેક વાર્તાઓ લખી. ઉર્દૂમાં તે વાર્તાઓનો સંગ્રહ ‘સોજેવતન’ નામથી છપાયો. તે પુસ્તક જ્યારે કલેક્ટરની પાસે પહોંચ્યું તો એમણે પ્રેમચંદને મળવા માટે બોલાવ્યા. કલેક્ટરે એમને કહ્યું કે તેઓ ‘સોજેવતન’ની તમામ નકલો સરકારને સોંપી દે તથા એમની મંજૂરી વગર હવે કંઈ જ ન લખે.

તે દિવસોમાં પ્રેમચંદ ‘નવાબરાય’ના નામથી લખતા હતા. એ પણ એમનું હુલામણું નામ જ હતું. એમણે ‘સોજેવતન’ની તમામ નકલો સરકારને સોંપી દીધી. પરંતુ એમને એ મંજૂર નહોતું કે તેઓ જે પણ લખે, તે સરકારી અધિકારીઓને પૂછીને લખે. પછી વળી તેઓ ભારતની જનતામાં દુ:ખ-દર્દ કેવી રીતે લખી શકશે! તેમણે પોતાની રીતે તો લખવાનું ન જ છોડ્યું. હા, ચૂપચાપ પોતાનું લેખકીય નામ બદલીને ‘પ્રેમચંદ’ કરી નાખ્યું. અને આશ્ચર્ય! પ્રેમચંદ નામથી એમને જે ખ્યાતિ અને શ્રેષ્ઠતા મળી, તે જોઈને આખું સાહિત્યિક જગત ચકિત થઈ ગયું.

ઈ.સ. ૧૯૨૧માં પ્રેમચંદ ગોરખપુરમાં હતા. ત્યારે જ ત્યાં ગાંધીજી આવ્યા અને એમણે સરકારી નોકરી કરનારાઓને પોતાની નોકરી છોડી દેવાનું આહ્‌વાન કર્યું. તે સમયે પ્રેમચંદના ખભે એક ભર્યા-ભાદર્યા પરિવારનો બોજ હતો. પત્ની શિવરાનીદેવી તથા બે છોકરા અને એક છોકરી. સૌને ભણાવવા-ગણાવવાનાં હતાં, ઘરનો ખર્ચ પણ ચલાવવાનો હતો. વળી ૨૧ વર્ષ જૂની નોકરી! મનમાં દ્વંદ્વ હતું — છોડું, ન છોડું? એમણે શિવરાનીદેવીને પૂછ્યું, તો પત્નીએ હિંમત વધારી અને પ્રેમચંદે નિર્ણય લઈ લીધો કે તેઓ હવે બધું જ છોડીને માત્ર લખશે, અને ભલે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એમણે સીધેસીધી બાબતો ન લખી હોય, પરંતુ એમણે જે કંઈ લખ્યું, તેનાથી સ્વાધીનતા આંદોલનની આગ ઘરેઘર પહોંચી ગઈ. એમની કૃતિઓ વાંચીને હજારો લોકો દેશ તથા સમાજના માટે કામ કરવાની પ્રતિજ્ઞા લઈને આગળ આવ્યા. એમની સામે મોટામાં મોટી મુશ્કેલીઓ પણ આવી. પરંતુ એમની સાથે શિવરાનીદેવી જેવી પ્રભાવશાળી મહિલા હતી, જેમણે એમને પૂર્ણ સાથ આપ્યો અને પ્રેમચંદ પોતાના માર્ગે આગળ ધપતા ગયા.

વચમાં પોતાનો પ્રેસ ખોલીને એમણે ‘હંસ’ તથા ‘જાગરણ’ જેવાં સામયિકો પણ કાઢ્યાં. પરંતુ પ્રેમચંદ તો લેખક હતા, તેમનામાં વ્યાપારી-કુનેહ નહોતી. એટલે એમને ઘણી જ ખોટ ખાવી પડી. આ ખોટને પૂરી કરવા માટે તેઓ મુંબઈના એક ફિલ્મ નિર્માતાના નિમંત્રણથી ત્યાં પહોંચી ગયા. આખું વર્ષ ત્યાં રહ્યા. પરંતુ ફિલ્મોની ઉપરની ઝળહળતી કાલ્પનિક દુનિયા એમને ગમી નહીં. પ્રેમચંદ તો જીવનના સત્યના કલાકાર હતા. તેઓ તો વાસ્તવિક દુનિયામાં રહેતા હતા તથા પોતાની કૃતિઓના પ્રહારથી જ એને સુંદર બનાવવા માટે સતત ચિંતનમાં રહેતા હતા. ફિલ્મી દુનિયામાં એમનો શ્વાસ ઘૂંટાતો હતો. છેવટે તેઓ મુંબઈથી પાછા બનારસ આવી ગયા અને પોતાની મહાન નવલકથા ‘ગોદાન’ પૂરી કરવામાં મંડી પડ્યા. ગોદાનને સાહિત્યિક જગતે વધાવી લીધી તથા એને તેમની શ્રેષ્ઠ કૃતિ ગણી.

પ્રેમચંદની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓ મોટેરાંમાં જેટલા લોકપ્રિય હતા, બાળકો પણ એટલા જ રસથી એમને વાંચતાં હતાં. એમની ‘બડે ભાઈસાહેબ’, ‘ગિલ્લી-દંડા’, ‘બે બળદની કથા’, ‘ઇદગાહ’ જેવી વાર્તાઓ બાળકો પણ ઘણા આનંદથી વાંચતાં હતાં. પ્રેમચંદે બાળકોના માટે ‘કૂતરાની વાર્તા’ નામથી એક વિશિષ્ટ મર્મસ્પર્શી નવલકથા પણ લખી છે, જેને હિન્દીની પ્રથમ બાળ-નવલકથા ગણવામાં આવે છે. એ જ પ્રમાણે

'જંગલની કથાઓ' નામથી એમણે બાળકોના માટે ચિત્તા, વનમાનવ વગેરે વન્ય પ્રાણીઓને કેન્દ્રમાં રાખીને સુંદર તથા માર્મિક વાર્તાઓ લખી.

૮ ઑક્ટોબર, ૧૯૩૬ના દિવસે કેવળ ૫૬ વર્ષની ઉંમરે પ્રેમચંદનું અવસાન થયું. આજે એમની કૃતિઓ ટૉલ્સ્ટૉય, ગોર્કી તથા ચેખવની કૃતિઓની જેમ વિશ્વસાહિત્યનો અનુપમ વારસો ગણાય છે.

કસ્તૂરબા

સમર્પણનું અદ્‌ભૂત દૃષ્ટાંત



મહાત્મા ગાંધીની મહાનતાને આખી દુનિયા માને છે ને પૂજે છે. એમની મહાનતાની પાછળ એમની પત્ની કસ્તૂરબાનું વ્યક્તિત્વ ઘણી વાર ઢંકાઈ જાય છે. પરંતુ માતા કસ્તૂરબાની મહાનતા મહાત્મા ગાંધી કરતાં કોઈપણ રીતે ઊતરતી નથી. ભલે કસ્તૂરબા ગાંધીનાં અનેક કાર્યો સામે આવી શક્યાં નથી, પરંતુ મહાત્મા ગાંધીને મહાન બનાવનારાં પણ કસ્તૂરબા જ હતાં. આથી જ મહાત્મા ગાંધીએ અત્યંત આદરની સાથે એમના વિશે એક સમારંભમાં કહ્યું હતું — 'ચાળીસ વર્ષ થયાં, હું મા-બાપ વિનાનો થઈ ગયો હતો ને ત્રીસ વર્ષથી તેઓ મારી માનું કામ કરી રહ્યાં છે. તેઓ મારી મા, સેવિકા, રસોયણ, બાટલી ધોનારી — સર્વ કંઈ છે. જો એ આપે આપેલા સન્માનમાં ભાગ લેવા આવે તો હું ભૂખ્યો જ મરી જાઉં અને મારા શારીરિક સુખની કોઈ પરના જ નહીં કરત. આથી અમે આપસમાં એવી સમજૂતી લીધી છે કે તમામ સન્માન મને મળે અને તમામ જહેમત એણે કરવી પડે.'

કસ્તૂરબાનો જન્મ ઈ.સ. ૧૮૬૯માં પોરબંદરમાં થયો હતો. તેઓ ગુજરાતની અન્ય છોકરીઓ જેવી એક તદ્દન ઘરરખુ છોકરી હતાં. જ્યારે ગાંધીજી સાથે એમનાં લગ્ન થયાં

ત્યારે તેમની ઉંમર લગભગ બાર-તેર વર્ષની હતી. ગાંધીજી પણ લગભગ એવડા જ હતા. કસ્તૂરબા ઝાઝું ભણ્યાં-ગણ્યાં નહોતાં, પરંતુ થોડાં હઠીલા સ્વભાવનાં હતાં. જે ઉચિત જણાય તે જ કરતાં. શરૂઆતમાં ગાંધીજીએ પતિના રૂપમાં એમના પર શાસન ચલાવવાનું વિચાર્યું. પરંતુ કસ્તૂરબા અડી ગયાં. તેઓ પોતાની મરજીથી જ્યારે ઇચ્છા થાય, મંદિર વગેરેમાં જતાં રહેતાં. ગાંધીજીનું કહેવું હતું કે એમની મંજૂરી વગર કસ્તૂરબાએ ક્યાંય જવું ન જોઈએ. બંને વચ્ચે થોડી ખટપટ થઈ. કસ્તૂરબાની વાત સાચી હતી એટલે ગાંધીજીએ ઝૂકવું પડ્યું.

પરંતુ કસ્તૂરબા અત્યંત સીધાં-સરળ સ્વભાવનાં હતાં. પતિ-પત્ની વચ્ચે એટલો ગાઢ પ્રેમ હતો કે કસ્તૂરબા વગર ગાંધીજી કંઈ જ કરી શકતા નહોતા. કસ્તૂરબાએ દરેક મોરચા પર ગાંધીજીને પૂર્ણપણે સાથ આપ્યો. ગાંધીજીના કહેવાથી એમને અનેક વાર પોતાની ટેવો છોડવી પડી તથા ગાંધીજીના રંગમાં રંગાવું પડ્યું. ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકા ગયા, તો શરૂઆતમાં એમની ઇચ્છા હતી કે 'બા' સારાં કપડાં પહેરે, અંગ્રેજોની જેમ છરી-કાંટાથી જમે. બા કષ્ટ સહન કરીને ગાંધીજીની આજ્ઞાનું પાલન કરતાં. જોકે બા સ્વભાવથી સાદાઈવાળાં હતાં. દેખાવ તથા ચમકની દુનિયા એમને પસંદ નહોતી. પરંતુ પતિના રાજીપા ખાતર એમણે એમની વાત માની લીધી. પાછળથી ગાંધીજીને પોતાની ભૂલ સમજાઈ. તેઓ સરળતા તથા સાદાઈભર્યા જીવન ભણી પાછા વળ્યા. એમને થયું, બા સાચાં હતાં. એ બાની મોટાઈ હતી કે ઇચ્છા ન હોવા છતાં તેઓ ગાંધીજીની ઇચ્છા પ્રમાણે ચાલતાં રહ્યાં.

એવો જ બીજો એક પ્રસંગ દક્ષિણ આફ્રિકાનો છે. મહાત્મા ગાંધીએ ત્યાં ફિનિક્સ આશ્રમ ખોલ્યો. ત્યાં સ્ત્રીઓની સભામાં તેઓ સત્યાગ્રહની લડાઈ પર ભાષણ આપી રહ્યા હતા. ગાંધીજીનું કહેવું હતું કે સ્ત્રીઓએ પણ આગળ આવીને હિંમતભેર સત્યાગ્રહમાં ભાગ લેવો જોઈએ. કસ્તૂરબા પણ તે સભામાં હાજર હતાં. પછીથી એમણે ગાંધીજીને કહ્યું — 'તમે મને સત્યાગ્રહમાં જોડાવા માટે કેમ ન કહ્યું?'

ગાંધીજીએ જવાબ આપ્યો — 'તારી જેલ-યાત્રાથી મને આનંદ થશે. પરંતુ જો તું જેલમાં પડતી તકલીફોથી ડરી ગઈ તો મને દુ:ખ થશે.' બાએ કહ્યું — 'જો તમે તકલીફ વેઠી શકો છો, મારા દીકરા પણ તકલીફ વેઠી શકે છે, તો હું દુ:ખ કેમ વેઠી ન શકું! હું ચોક્કસ સત્યાગ્રહમાં ભાગ લઈશ.'

કસ્તૂરબાનું આ નવું રૂપ હતું. મહાત્મા ગાંધી એમની હિંમત જોઈને આશ્ચર્ય પામ્યા. કસ્તૂરબા પણ ગાંધીજીની સાથે સત્યાગ્રહની લડાઈમાં કૂદી પડ્યાં. ગાંધીજીની સાથે એમને પણ કેદ કરી લીધાં. બાને જેલમાં ખૂબ કષ્ટો વેઠવા પડ્યાં. તેઓ જ્યારે જેલમાંથી છૂટ્યાં, ત્યારે શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું. છતાં કસ્તૂરબાની હિંમત ઓછી થઈ ન હતી, બલકે જેલની યાત્રાએ એમની અંદર દુ:ખો સહન કરવાની શક્તિ ઘણી વધારી દીધી. ગાંધીજીની સાથોસાથ ચોમેર કસ્તૂરબાનો પણ જયજયકાર થવા લાગ્યો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા અને ભારતમાં સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિયરૂપે ભાગ લેવા લાગ્યા. કસ્તૂરબા અહીં પણ છાયાની જેમ એમની સાથે જ હતાં. ઈ.સ. ૧૯૨૧ના અસહયોગ આંદોલનમાં અંગ્રેજોએ ગાંધીજીને પકડીને જેલમાં મોકલી આપ્યા. તે સમયે કસ્તૂરબા જેલ તો જઈ ન શક્યાં, પરંતુ એમણે દેશની જનતાને એક માર્મિક અપીલ કરી. એમના શબ્દેશબ્દમાં દેશપ્રેમની ભાવના છલકતી હતી. એમણે દેશવાસીઓને કહ્યું હતું —'મારા પતિને પકડી લીધા છે. આ ઘટનાથી મને દુ:ખ તો જરૂર થયું, પરંતુ મને પૂર્ણ ખાતરી છે કે જો આપણે બધાં દૃઢતાપૂર્વક, ખંતથી કામ કરતાં રહીશું,

તો એમની સજાની મુદત પૂરી થવા પહેલાં જ જેલમાંથી છોડાવી શકીશું. હું તે તમામ સ્ત્રીઓ તથા પુરુષોને જેઓને મારા તથા મારા પતિદેવ પ્રત્યે સહાનુભૂતિ છે, અપીલ કરું છું કે તેઓ નક્કર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં કોઈ કસર ન રાખે.'

બાના આ સંદેશથી આખા દેશમાં દેશભક્તિનું પૂર ઊમટી પડ્યું. લોકોનાં હૈયાંમાં બાના માટે આદર ઑર વધી ગયો.

આ જ પ્રમાણે ઈ.સ. ૧૯૩૦ની દાંડીયાત્રા સમયે કસ્તૂરબા પણ પૂર્ણપણે સત્યાગ્રહ આંદોલનમાં સક્રિય હતાં. તેઓ પણ સ્ત્રીઓના એક જૂથ સાથે નીકળી પડ્યાં. એમણે મીઠું બનાવ્યું અને ગિરફતાર થયાં. એમને છ મહિનાની જેલની સજા કરવામાં આવી. ઈ.સ. ૧૯૩૨ના સત્યાગ્રહમાં પણ તેઓ બાપુની સાથે જેલમાં પહોંચી ગયાં.

ઈ.સ. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનથી અંગ્રેજ સત્તા અત્યંત ભયભીત હતી. એવી આશંકા હતી કે ગાંધીજીને ક્યારેય પણ ગિરફતાર કરી લેવાશે. આથી ગાંધીજી કૉંગ્રેસ મહાસમિતિના અધિવેશનમાં ભાગ લેવા મુંબઈ જવા નીકળ્યા, તો બા પણ એમની સાથે ગયાં. ૯ ઑગસ્ટે તેઓને ગિરફ્તાર કરી લેવામાં આવ્યાં. બાપુ તથા મહાદેવ દેસાઈની સાથે કસ્તૂરબાને આગાખાન મહેલમાં રાખવામાં આવ્યાં. અહીં મહાદેવ દેસાઈનું અવસાન થયું. એના લગભગ દોઢ વર્ષ પછી માતા કસ્તૂરબા પણ આ જ આગાખાન મહેલમાં પોતાના પ્રાણ ત્યાગીને અનંત યાત્રાએ નીકળી પડ્યાં. અંતિમ સમયે પણ એમનો ચહેરો ખીલેલો હતો. એમને આનંદ હતો કે પોતે અંત સુધી બાપુનો પૂર્ણ સાથ નિભાવ્યો.

બાના આ ગુણોની પ્રશંસા કરવા ગાંધીજીએ કહ્યું છે — 'બાનો મોટામાં મોટો ગુણ માત્ર પોતાની ઇચ્છાથી મારામાં સમાઈ જવાનો હતો. જેમ-જેમ મારું સાર્વજનિક જીવન ઉજ્જ્વળ બનતું ગયું, તેમ-તેમ બા ખીલતાં ગયાં અને પૂર્ણ સભાનતાની સાથે મારામાં અર્થાત્ મારાં કાર્યોમાં સમાતાં ગયાં.'

બા જીવનભર છાયાની જેમ મહાત્મા ગાંધીની સાથે રહ્યાં. આપણે એમનામાં સ્ત્રીનો મહાન આદર્શ જોઈ શકીએ છીએ. એમનો ત્યાગ ગાંધીજીના કરતાં અધિકતર હતો. એટલા માટે કે એમણે સ્વયંને નેપથ્યમાં રાખ્યાં, ગાંધીજીને આગળ કર્યા તથા તેમનાં કાર્યોની પૂર્ણ જવાબદારી સંભાળી આથી જ્યારે પણ મહાત્મા ગાંધીની મહાનતાની ચર્ચા થાય છે, બાની મહાનતા આપણને આપોઆપ યાદ આવે છે.

સાને ગુરુજી

એક સાચા ગાંધીવાદીની વેદના



હમણાં થોડા દિવસ પહેલાં સાને ગુરુજીનો વિસ્તૃત જીવનવૃત્તાંત વાંચી રહી હતી — કર્મલીન તપસ્વી જેવું એમનું અનુકરણીય ભાવુક જીવન, જન-જનમાં શિક્ષણના પ્રસારની એમની ઉત્કંઠા, ગરીબ તથા વંચિતોના માટે હૃદયમાં વહેતો અખંડ કરુણાનો સ્રોત તથા સ્પૃશ્યતા-અસ્પૃશ્યતા અને ઊંચ-નીચના ભેદ સાથે ટકરાતો એમનો સશક્ત અસ્ત્ર-સત્યાગ્રહ!! એક ભાવુક, કરુણ કથા જેવું સમર્પિત વ્યક્તિત્વ. વાંચતાં-વાંચતા અચાનક મન અતીતમાંથી ઊછળીને વર્તમાનમાં આવી ગયું તથા છાપાંનાં મથાળાંમાંથી નીકળીને એક ઘટના મારી સમક્ષ છવાઈ ગઈ. અંદર ઊથલપાથલ મચી ગઈ.

ભાગ્યે જ બે-ત્રણ વર્ષ પહેલાંનો બનાવ હશે. રાજસ્થાનના ચક્વારા ગામમાં મંદિરમાં દલિતોના પ્રવેશ બાબતે ઘણી ધમાલ થઈ ગઈ. પોલીસોએ લાઠી ચલાવવી પડી તથા અનેક લોકો ઘાયલ થઈ ગયા. આ ગામમાં સવર્ણોની સંખ્યા ઓછી છે, દલિતોની વધારે. તેમ છતાં સમસ્યા એ છે કે દેશની આઝાદીનાં લગભગ પંચાવન વર્ષ પછી પણ ગામના મંદિર તથા તેની પાસેના તળાવમાં દલિતોને નહાવાનો, પાણી લેવાનો કે મંદિરમાં પૂજા કરવાનો અધિકાર નથી. આ જ બાબતે માનવ-અધિકાર સમિતિના સભ્યોના

સહયોગથી એક ઉગ્ર, વિશાળ રેલીના રૂપમાં દલિત તથા તેઓના સમર્થકો તે મંદિર સુધી ગયા. પરંતુ દુર્ભાગ્ય! આજુબાજુનાં ગામેથી ભેગા થયેલા સવર્ણોના પ્રબળ વિરોધના કારણે મંદિરમાં પ્રવેશ કર્યા વિના જ તેઓને વીલાં મોંએ પાછા ફરવું પડ્યું.

જોકે ત્યારે પણ કેટલાક દલિતો ગામના તે તળાવમાં પ્રવેશી ગયા, જેના માટે મનાઈ હતી કે ત્યાં કેવળ સવર્ણો જ સ્નાન કરશે. આ ઘટના પછીથી જ સવર્ણોએ તે તળાવમાં નહાવા-ધોવાનું છોડી દીધું, કેમકે તેમના મતે તે 'અસ્પૃશ્ય' થઈ ગયું હતું. મંદિર પણ 'અસ્પૃશ્ય' ન થઈ જાય, તેના માટે તેની રક્ષામાં રાત-દિવસ પહેરા ભરાવા માંડ્યા.

આ ઘટનાએ મારી અંદર તીવ્ર વેદના જગાવી દીધી. કેવો છે આપણો સમાજ, જે પોતાના જ એક અંગની સાથે આવો જંગલી વ્યવહાર કરીને, પોતાની જાતને 'સભ્ય' માની લે! પણ ત્યારે જ બીજો વિચાર અંદર ઊઠ્યો અને જાતીય ચક્રવ્યૂહની આંતરિક સમસ્યાઓ પણ સ્પષ્ટ થવા માંડી. લાગ્યું, ચકવારા ગામમાં અસ્પૃશ્યતાનિવારણ માટે જે ઉગ્ર પદ્ધતિ અપનાવવામાં આવી, તે ખોટી તો નહોતી, પરંતુ તેના પહેલાં શું હૃદય-પરિવર્તન અથવા સમાજના એક મોટા વિચારશીલ વર્ગને પોતાની સાથે જોડવાની એવી ગંભીર કોશિશ થઈ ખરી, જેવી ગાંધીજી અથવા એમના અનન્ય શિષ્ય સાને ગુરુજી આજે હોત, તો કરતે? ન્યાત-જાત તથા અસ્પૃશ્યતા સાથે લડાઈનો આ જે અત્યંત ઉગ્ર, આક્રમક દેખાવ છે, હું તેનો વિરોધ કરવા નથી માગતી. પરંતુ તેમાં એક મોટો ભય એ તો જરૂર છે કે ઊલટું જાતીય જૂથવાદ દૃઢ બને છે તથા ત્યારે લડાઈ અત્યંત ગૂંચવાયેલી તથા મુશ્કેલ થઈ જાય છે. આજે પણ મને લાગે છે કે મહાત્મા ગાંધીજી તથા સાને ગુરુજીનો માર્ગ લેવાયો હોત, તો ચકવારા ગામમાં જરૂર અસ્પૃશ્યતાના આ કોઢને દૂર કરવામાં તથા દલિતો અને સવર્ણોની વચ્ચેની ખાઈને પૂરવામાં સફળતા મળી હોત.

પોતાના સંપૂર્ણ કર્મઠ જીવનમાં આ જ ગાંધીવાદી અહિંસક માર્ગ અપનાવ્યો હતો — મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં ઓગણીસમી સદીના અંતિમ દશકમાં જન્મેલા પાંડુરંગ સદાશિવ સાનેએ, જેમને આજે આપણે ઘણા જ આદરપૂર્વક 'સાને ગુરુજી'ના નામથી યાદ કરીએ છીએ. આજથી કેટલાયે દાયકા પહેલાં સાચા સત્યાગ્રહના આધારે સાને ગુરુજીએ પંઢરપુરના વિઠ્ઠલનાથ મંદિરનાં દ્વાર હરિજનો માટે ખોલાવ્યાં હતાં. અસ્પૃશ્યતા અથવા જાતીય ઊંચનીચનો ભાવ એક એવો 'મહારોગ' છે, જેણે આખા ભારતીય સમાજને અંદરથી સડેલો તથા ખોખરો બનાવવાની સાથોસાથ, આખી દુનિયાની સામે આપણને હાસ્યાસ્પદ પણ સાબિત કરી દીધા છે.

પરંતુ એ ભૂલવું ન જોઈએ કે સદીઓના ધાર્મિક અંધવિશ્વાસોએ એને પોષીને એક મૂળભૂત, ખોટો સંસ્કાર બનાવી દીધો છે. આ અત્યંત નાજુક બાબત છે તથા એની સાથે ટકરાવું એ તલવારની ધાર પર ચાલવા જેવું છે. એક બાજુ દલિતોનો આક્રોશ છે, જે ખરેખર બધું જ ભસ્મ કરીને સદીઓથી છીનવાઈ ગયેલા પોતાના હક તથા સ્વાભિમાન મેળવવા ચાહે છે. બીજી બાજુ સવર્ણોની 'શ્રેષ્ઠ' હોવાની ગર્વોન્મત્ત દાદાગીરી તથા હુંપણું છે, જેના કારણે ભારતીય સમાજની જાતીય ખાઈ પુરાતી જ નથી.

આ બાબતે મહાત્મા ગાંધીએ ચોક્કસ જ ઘણું નક્કર કામ કર્યું છે, તેમ આજે પણ એમનો માર્ગ અપ્રાસંગિક નથી લાગતો. ગાંધીજી શક્તિ તથા ચેતનાના એક એવા શક્તિપુંજ હતા જેમણે અંધકારમાં ભટકતા આખા સમાજને એક મશાલની જેમ માર્ગ બતાવ્યો. જતાં પહેલાં જાણે આ તેજપુંજ નાના-નાના ટુકડામાં વહેંચાઈ ગયો તથા અનેક સ્થાનો પર ગાંધીજીના આ તેજપુંજ વિકસિત થવા માંડ્યા. તેઓમાં જ કેટલાંક નામ છે — સાને ગુરુજી, વિનોબા ભાવે, ઠક્કર બાપા, અન્ના હજારે, બાબા આમટે વગેરે. જોકે

સાને ગુરુજી એક ભાવનાશીલ કર્મયોદ્ધા જેવું જીવન જીવ્યા, જેના તોલે આજે પણ કોઈ નથી.



સાને ગુરુજી મહારાષ્ટ્રના કોંકણ જિલ્લામાં પાલગઢ નામના ગામમાં એક નાના જમીનદાર ભાઉરાવ સાનેના ઘરે ૨૪ ડિસેમ્બર, ૧૮૯૯ના રોજ પેદા થયા. એમની માનું નામ યશોદા હતું. બાળકનું નામ રાખવામાં આવ્યું પાંડુરંગ સદાશિવ સાને. ઉદાર તથા ભાવુક સ્વભાવવાળા પિતા કહેવાના જ જમીનદાર હતા, બાકી તો એમની આર્થિક સ્થિતિ લગભગ કથળેલી હતી.

બાળપણથી જ આદર્શ વિચારોવાળી યશોદામાતાએ પાંડુરંગને ઘણા જ સારા સંસ્કાર આપ્યા. એમને નિર્ભય રહેવાનું શીખવ્યું. એમણે જ કહ્યું કે કોઈ પણ સારા કામમાં લજ્જા શા માટે રાખવી! કોઈ પણ દુ:ખીની મદદમાં ન્યાત-જાતનો ભેદભાવ ન રાખવાનું શીખવ્યું. યશોદામાતા અદ્‌ભુત સ્ત્રી હતાં તથા વીસમી સદીના પ્રારંભમાં વર્ષોમાં એમનું જે પ્રકારનું ઉદાર વ્યક્તિત્વ તથા વિવેકપૂર્ણ આચરણ દેખાય છે, તે આશ્ચર્યજનક છે. અહીં એક ઘટના જણાવીશ. એક વાર ગામમાં એક ગરીબ વૃદ્ધા લાકડાં વેચવા માટે આવી હતી. અતિશય વજનના કારણે એણે એક જગ્યા પર લાકડાંનો ભારો ઉતાર્યો. થોડો થાક ઊતરતાં ફરીથી ભારો ઉપાડવામાં એણે ત્યાંથી જતા પાંડુરંગની મદદ માગી. બાળકે ટેકો કર્યો. માએ આ બધું જોયું તો એમણે લાકડાંવાળી વૃદ્ધાને પોતાના ઘરે બોલાવી. એનાં બધાં લાકડાં ખરીદી લીધાં તથા હાથ ધોવડાવીને કંઈ ખાવાનું પણ આપ્યું. બીજા દિવસે પાસ-પડોશમાં ચર્ચા થવા માંડી કે યશોદાએ એક અછૂતને ઘરમાં બેસાડી. યશોદાએ એની કોઈ પરવા ન કરી, ઊલટું દીકરાને પણ એવી શિખામણ આપી કે કોઈને મદદ કરવામાં એની ન્યાત-જાત પૂછવાની કોઈ જરૂર નથી અને ન તો લોકોની વાતોની પરવા કરવી.

બાળપણથી જ આવા ક્રાંતિકારી સંસ્કારો પોતાની તેજસ્વિની માતા પાસેથી મેળવ્યા. મા એમના માટે ઈશ્વર સમાન હતી. તેઓ દરેક કામમાં આનંદથી માને મદદ કરતા. ત્યાં સુધી કે અનાજ દળવામાં, ઘરની સાફસફાઈમાં તથા કોઈ જરૂરિયાતવાળાને મદદ કરવામાં પણ.

પાંડુરંગનું બાળપણ અત્યંત અભાવો તથા તકલીફોમાં વીત્યું. દિવસે-દિવસે ઘરની આર્થિક સ્થિતિ કથળતી જતી હતી. જમીનદારી માત્ર નામની જ રહી ગઈ હતી. ત્યારે બાળક પાંડુરંગને ભણવા માટે ગામની બહાર ફોઈના ગામ દાપોલી મોકલવામાં આવ્યો, જે પાલગઢથી લગભગ અઢાર-વીસ કિલોમીટર દૂર હતું. જ્યારે પણ પાંડુરંગ મા-પિતાજીને મળવા જતો ત્યારે પગપાળા જ જતો. સ્કૂલમાં પાંડુરંગને કેટલાક દેશપ્રેમ તથા જાગૃતિનો સંદેશ આપતા સારા અને આદર્શ શિક્ષકો મળ્યા, જેમના લીધે બાળક પાંડુરંગમાં દેશપ્રેમની ભાવના જન્મી. આ અધ્યાપકોએ જ બાળક પાંડુરંગના મનમાં સ્વતંત્રતા તથા દેશભક્તિની જ્યોત જગાડી. તેઓ અંદર-બહારથી બદલાવા લાગ્યા. હવે એમનું એક જ સ્વપ્ન હતું — દેશની આઝાદી! ભારત સ્વાધીન બનીને વિશ્વનો ગુરુ તથા એક મહાન નૈતિક શક્તિ બને, આ વિચાર એમની અંદર ને અંદર દૃઢ બનતો જતો હતો અને તેઓ માર્ગ શોધવા માટે તડપી ઊઠતા હતા.



અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ શિક્ષક બન્યા. એવા શિક્ષક જે બાળકોમાં માતા જેવો પ્રેમ વહેંચે છે. ક્ષણે-ક્ષણે ઝર-ઝર વહેતો સ્નેહ. ત્યાં સુધી કે કેટલાક વિદ્યાર્થીઓ

પાસે એટલા પૈસા નથી હોતા કે તેઓ પોતાના બંને સમયનું ભોજન બનાવી જમી શકે, ત્યારે શિક્ષક પાંડુરંગ એમના માટે પોતે રસોઈ બનાવતા અને ખૂબ પ્રેમથી તેઓને પીરસતા. અહીંથી જ એમનું નવું નામ પડ્યું. બાળકો એમને પાંડુરંગ સદાશિવ સાનેના બદલે, પ્રેમથી 'સાને ગુરુજી' કહીને બોલાવવા લાગ્યા. પછીથી તો મહારાષ્ટ્ર તથા પછી આખા ભારતમાં સાને ગુરુજીના નામથી જ પ્રસિદ્ધ થયા.

વાસ્તવમાં સાને ગુરુજીને એમની માતા પાસેથી એવા સંસ્કાર તથા અપાર સ્નેહ મળ્યા હતા કે તેઓ એવું અનુભવતા કે માતાથી વિશેષ દુનિયામાં કોઈ નથી અને તેઓ જે કંઈ છે, તે તમામ માતાના કારણે જ છે. માતા પાસેથી મેળવેલા સ્નેહથી તેઓ છલકાતા હતા તથા એ જ સ્નેહને તેમણે પોતાના વિદ્યાર્થીઓમાં છૂટા હાથે વહેંચ્યો. તેઓ જે સ્કૂલમાં ભણાવતા હતા, ત્યાંનું છાત્રાલય તદ્દન જેલ જેવું હતું. છોકરાઓ ત્યાં કેદીની જેમ રહેતા હતા અને એમના જીવનમાં કોઈ ઉત્સાહ નહોતો. જ્યારે સાને ગુરુજીએ આ છાત્રાલયનો કારભાર માથે લીધો, ત્યારે ત્યાંનું વાતાવરણ બિલકુલ બદલાઈ ગયું. બાળકોમાં ઉત્સાહ ભરાવા લાગ્યો, એમનું જીવન આનંદથી છલકાઈ ગયું, સાને ગુરુજીએ તેઓને માતૃસદૃશ સ્નેહ આપ્યો, જેનાથી તેઓ એમના પ્રતિ આકર્ષિત થયાં. તેઓ એટલાં આતુર રહેતાં કે ક્યારે સાને ગુરુજી કોઈ કામ બતાવે અને અમે દોડીને તે પતાવી દઈએ. પાંડુરંગ સાને ગુરુજી તેઓને માત્ર પુસ્તકિયા જ્ઞાન કે કોર્સનાં પુસ્તકો વાંચવા માટે જ આગ્રહ નહોતા રાખતા, બલકે જીવનના નિત નવા અનુભવોમાંથી શીખવાની પ્રેરણા પણ આપતા હતા. આખરે તેઓ એમના વહાલા સાને ગુરુજી હતા ને!



દેશમાં સ્વતંત્રતા આંદોલન બળવત્તર બનતું જતું હતું. આને ગુરુજી વળી એનાથી અલગ શી રીતે રહી શકતા હતા! તેઓ પણ તન-મનથી આ આંદોલનમાં કૂદી પડ્યા. ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ લાહોરમાં રાવી નદીના તટ પર કૉંગ્રેસે પંડિત જવાહરલાલ નેહરુના નેતૃત્વમાં પ્રતિજ્ઞા લીધી, 'અમે પૂર્ણ આઝાદી લઈને જંપીશું!' ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ પોતાની સ્કૂલમાં સાને ગુરુજીએ ખૂબ જ ધામધૂમથી પોતાના દેશનો ઝંડો ફરકાવ્યો, ત્યારે વિદ્યાર્થીઓએ આનંદિત થઈને તાળીઓ પાડી તથા ભારતમાતાનો જયજયકાર બોલાવ્યો.

અમલનેરમાં જ સાને ગુરુજીએ દર્શનશાસ્ત્રમાં એમ.એ. કર્યું હતું. અને ત્યાંની એક માધ્યમિક સ્કૂલમાં શિક્ષક બની ગયા. આ સ્કૂલમાં સાને ગુરુજીએ છ વર્ષ સુધી અધ્યાપન કર્યું તથા વિદ્યાર્થીઓના સૌથી પ્રિય શિક્ષક બની ગયા. તમામ વિદ્યાર્થીઓ જાણે સાને ગુરુજીના નાના સૈનિકો હતા. તેઓ એમને મનફાવે ત્યાં વાળી શકતા હતા. સાને ગુરુજી પાસેથી પ્રેરણા મેળવીને અનેક વિદ્યાર્થીઓએ દેશસેવાનું વ્રત લીધું અને આગળ જતાં માનવતાના શાંતિદૂત બન્યા. ઠેર-ઠેર એમનાં સેવાદળ બની ગયાં.

એ જ દિવસોમાં ગાંધીજીએ અંગ્રેજોએ લાદેલા મીઠાના કાયદાને તોડવા દાંડીકૂચ માટે પ્રજાને હાકલ કરી. સાને ગુરુજી પણ પોતાના સાથીઓ સાથે ૧૩ માર્ચ, ૧૯૩૦ના રોજ દાંડીયાત્રામાં ભારે જોમ અને ઉત્સાહથી જોડાયા. તે દિવસોમાં એમના અંતરમાં દેશપ્રેમ ઉછાળા મારી રહ્યો હતો. એમને લાગ્યું કે સ્કૂલમાં બંધાયેલા રહીને તેઓ દેશના માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી શકતા નથી. એટલે ૨૯ એપ્રિલ, ૧૯૩૦ના રોજ એમણે સ્વેચ્છાથી અધ્યાપન-કાર્ય ત્યાગી દીધું. વિદ્યાર્થીઓએ એમને આંસુભરી વિદાય આપી તથા વચન આપ્યું કે તેઓ પણ નાનાં સેવાદળ બનાવીને, શિક્ષણ, સ્વાસ્થ્ય તથા સફાઈના કાર્યક્રમોમાં ભાગ લઈને દેશસેવા કરશે.

છાત્ર-શક્તિ પર સાને ગુરુજીને ખૂબ જ વિશ્વાસ હતો. ગાંધીજી એમના આદર્શ હતા. પરંતુ એવું નહોતું કે તેઓ એમની સાથે જ જોડાઈ રહે, બલકે એમના આદર્શો પર ચાલીને તેઓ યુવકોમાં નવી ચેતના ભરી રહ્યા હતા. તેઓમાં નવા યુગના અનુરૂપ સંસ્કાર સીંચી રહ્યા હતા. તેઓ એમને ભારતીય સંસ્કૃતિનો નવો અર્થ સમજાવી રહ્યા હતા. એમનું કહેવું હતું કે — 'ભારતીય સંસ્કૃતિનો અર્થ છે, એક સ્થાન પર જ ટકી ન રહેતાં, જ્ઞાનનો આશરો લઈને આગળ ધપવું. વિશ્વમાં જે-જે સત્ય, શિવ, સુંદર નજરે પડે, તેને સ્વીકારીને આગળ ધપવું. વિશ્વના તમામ ઋષિમુનિઓને એ વંદન કરે છે. વિશ્વના તમામ ધર્મોના સંસ્થાપકોનો એ આદર કરે છે. જ્યાં પણ ક્યાંક મહાનતા છે, તેની ભારતીય સંસ્કૃતિ પૂજા કરે છે... સમસ્ત માનવતાને લઈને માંગલ્ય તરફ જનારી આ સંસ્કૃતિ છે. આ મહાન સંસ્કૃતિનો એક નાનકડો ઉપાસક જન્મોજન્મ સુધી બની રહું — એ જ મારી તમન્ના છે.'

તેઓ યુવાનોને અંદર-બહાર બંને રીતે દૃઢચરિત્ર તથા દૃઢનિશ્ચયી બનાવી રહ્યા હતા. ગામેગામમાં ક્યાંક 'સેવાદળ' તો ક્યાંક 'પ્રકાશ-મંડળ' નામથી સમિતિઓ બનાવવામાં આવી, જેમાં યુવાનો ભારે ઉત્સાહથી ભાગ લેતા હતા. તેઓનું કામ હતું સાક્ષરતા, સફાઈ, સમૂહભોજન, શિક્ષણકેન્દ્રો તથા ખાદી વેચવા ગામેગામે ફરવાનું. પોતાના દેશ પ્રત્યે સ્વાભિમાન તથા આઝાદીના સંઘર્ષ માટે પ્રજાને માનસિકરૂપે તૈયાર કરવી.

સાને ગુરુજી ધૂની તો હતા જ, દૃઢનિશ્ચયી પણ હતા. તેઓ અન્યાય તથા ક્યાંય પણ કંઈ પણ ખોટું થતું હોય તે જરા પણ ચલાવી લેતા નહોતા. આઝાદી અગાઉ જ્યારે કેટલાયે પ્રાંતોમાં કૉંગ્રેસની એટલે કે પોતાના લોકોની સરકારો બની, ત્યારે સાને ગુરુજી તથા સામાન્ય પ્રજામાં એવી ધારણા સ્વાભાવિક જ બનવા માંડી કે હવે તો આપણાં દુ:ખ દૂર થઈ જશે. પોતાના જ લોકો છે, તેઓ તો આપણી સમસ્યાઓને સારી રીતે સમજે છે. એ જ વર્ષે ચોમાસામાં એટલો વરસાદ પડ્યો કે ખેડૂતોનો ઊભો પાક ડૂબી ગયો. પૂરે સર્વસ્વ ગળચી લીધું. જલગાંવના ખેડૂતોએ પોતાના જ લોકોની બનેલી સરકાર પાસે મદદનો પોકાર કર્યો. પરંતુ અંગ્રેજોની જેમ તે સરકારે પણ કોઈ ધ્યાન નહીં આપ્યું. ત્યારે સાને ગુરુજીના નેતૃત્વમાં ખેડૂતોએ વિરાટ વિરોધ પ્રદર્શિત કર્યો.

સાને ગુરુજીનું કહેવું હતું કે ખેડૂતો તથા મજૂરો દેશની કરોડ છે. તેઓની ભાવનાઓનું સન્માન કરવું જ જોઈએ. કોઈ પણ દેશ પોતાના ખેડૂતો તથા મજૂરોનો તિરસ્કાર કરીને ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. પોતાના જ લોકોની સરકારો જ્યારે પ્રજાનાં દુ:ખોથી આંખ આડા કાન કરવા માંડી, ત્યારે એમનો રોષ આ શબ્દોમાં ફૂટી નીકળ્યો:

'મહત્ત્વનાં સ્થાનો પર ગોબરગણેશ બેઠા છે તથા ધન-ધાન્ય પેદા કરવાવાળા નીચે બેઠા છે. આ બદલવું જોઈએ. અન્યાયને સિંહાસન પરથી ઉતારીને તેના પર ન્યાયને બેસાડવો જ ક્રાંતિ છે. પ્રતિષ્ઠા ધનની નથી, હા-જી-હા કરતાની નથી, વિદ્યાના ગર્વની પણ નથી. તમારું પોતાનું શું મૂલ્ય છે? તે ક્યાં છે? તમારી મહત્તા શી છે — એ તમારાં કરેલાં કાર્યોથી જ આંકવામાં આવશે.'

સાને ગુરુજીએ 'ભારત છોડો આંદોલન'માં સક્રિય ભાગ લીધો. આઝાદીની ઊંડી ઝંખના સાથે તેઓ ભારે જોશપૂર્વક આ આંદોલનમાં કૂદી પડ્યા. ઠેર-ઠેર વિદેશી વસ્ત્રોની હોળી સળગાવાઈ. અંગ્રેજ સરકારના દમન-ચક્રથી બચવા માટે કેટલાક લોકો ભૂગર્ભમાં જતા રહ્યા. સાને ગુરુજીએ મહારાષ્ટ્રમાં એવા લોકોના માટે ભોજન બનાવવાની જવાબદારી પોતાના માથે લીધી. પરંતુ ૧૮ એપ્રિલ, ૧૯૪૩ના રોજ એમને ગિરફ્તાર કરી લેવામાં આવ્યા તથા તેઓને યરવડા જેલમાં રાખવામાં આવ્યા. અહીં એમણે એક ભારે

મહત્ત્વપૂર્ણ કામ કર્યું.

આ જેલમાં ડૉ. ભીમરાવ આંબેડકરે ગાંધીજીનાં જીવન-દર્શન ઉપર આઠ દિવસ સુધી રોજ પોતાના કીમતી વિચારો પ્રગટ કર્યા. જે પ્રમાણે ૧૯૩૨માં સાને ગુરુજીએ ધુલિયા જેલમાં ગીતા ઉપર વિનોબાના વિચારોનો સંગ્રહ તૈયાર કર્યો હતો (જે 'ગીતા-પ્રવચન' નામથી સર્વસેવા સંઘ દ્વારા પ્રકાશિત થયો — જેની લાખો નકલ વેચાઈ ચૂકી છે તથા અનેક આવૃત્તિ નીકળી ચૂકી છે), તે જ પ્રમાણે યરવડા જેલમાં પણ આંબેડકરના વિચારો સાંભળતાં 'મહાત્મા ગાંધી: જીવનદર્શન' નામથી એમણે સંગ્રહ તૈયાર કર્યો, જે પછીથી એ જ નામે પ્રકાશિત થયો.

અહીંથી સાને ગુરુજીને નાસિકની જેલમાં મોકલવામાં આવ્યા. આ જેલમાં રહીને એમણે 'ઇસ્લામી સંસ્કૃતિ' તથા 'ચીની સંસ્કૃતિ' નામે બે પુસ્તકો લખ્યાં. તેઓ ક્યારેય નવરા બેસતા નહોતા. જેલની બહાર રહેતા તો દેશની આઝાદીના સંઘર્ષમાં સક્રિય સાથ આપતા અને જેલની અંદર રહેતા તો આસપાસના કેદીઓમાં ચેતના ફૂંકવામાં તથા લખવા-વાંચવામાં પોતાનો સમય પસાર કરતા હતા. ૧૫ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ સાને ગુરુજીને નાસિક જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.

જેલમાંથી બહાર આવીને એમણે જોયું કે કૉંગ્રેસના એક જૂથના લોકો ક્રાંતિકારીઓ વિશે અપમાનજનક વાતો કરી રહ્યા છે, ત્યારે એમને ભારે દુઃખ થયું. એમણે ખૂબ દૃઢતાપૂર્વક એનો વિરોધ કર્યો તથા કહ્યું કે ક્રાંતિકારીઓની પદ્ધતિ જુદી હોઈ શકે છે, પરંતુ એમની દેશભક્તિ ઉપર શક કરવાનો કોઈને પણ હક નથી. તેઓ તો સાચા દેશભક્ત છે.

સાને ગુરુજીના જીવનનું એક અગત્યનું કાર્ય પંઢરપુરના વિઠ્ઠલ ભગવાનના મંદિરનાં દ્વાર સૌના માટે, અર્થાત્ દલિતોના માટે પણ ખોલાવવાનું હતું. એના માટે એમણે કાયદેસર કાર્તિક એકાદશીના દિવસે આમરણાંત ઉપવાસની ઘોષણા કરી અને સાચે જ ઉપવાસ પર બેસી ગયા. સવર્ણોએ એનો ભારે વિરોધ કર્યો. સાને ગુરુજીના માટે ગાળોનો પણ ઉપયોગ કર્યો. એમને ધૂની, માથાફરેલો તથા જાત-જાતનું કહ્યું! છતાં તેઓ પોતાના સિદ્ધાંત પર દૃઢ રહ્યા અને મંદિરનાં દ્વાર હરિજનોના માટે ખોલાયાં ત્યાં સુધી (ગાંધીજીની દખલગીરીના કારણે એ થયું) ઉપવાસની પોતાની પ્રતિજ્ઞા નહીં તોડી. હા, એક અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય હતું, તે એ કે તે દિવસોમાં એમણે સવર્ણોના માનસિક પછાતપણાને બદલવાના ભરપૂર પ્રયત્નો કર્યા, પરંતુ ખૂબ જ શાંત ભાવે. એમનું કહેવું હતું, દલિતો પણ મનુષ્ય છે. તેઓ પણ આપણા ભાઈ-ભાંડું છે. તેઓ પોતાની વાતમાં એક દૃષ્ટાંત આપે છે — 'એક માતા છે, એનાં ચાર બાળકો છે. તેઓમાંથી ત્રણ માતાની પાસે બેસે છે. તેઓ ચોથાને માતાની પાસે આવવા નથી દેતાં. ત્યારે માના હૈયા પર કેટલું વીતતું હશે? તેને કેવી વેદના થતી હશે? દૂર બેઠેલા બાળક માટે મા વ્યાકુળ બને છે. પછી ભગવાન તો મા કરતાં પણ વધારે દયાળુ છે. લોકોની મનોરચના બદલવા માટે જ મારા તમામ પ્રયત્નો, મારી તમામ દોડધામ છે, મારો ઉપવાસ છે.'

સામાન્ય પ્રજાની લાગણી જીતવા માટે તેઓ કહે છે — 'પંઢરપુર મંદિરનું ખૂલવું તો એક પ્રતીક-માત્ર છે. એ મંદિરનાં ખૂલવાનો અર્થ છે — આપણાં સૌનાં હૈયાંનું ખૂલી જવું. સૌની જ્યાં પ્રતિષ્ઠા થાય એ જ ધર્મ છે, એ જ સ્વતંત્રતા છે... આ કાર્યને સમય તો આગળ લઈ જ જશે, પરંતુ તેના પહેલાં જ વિચારો બદલવામાં આપણો પુરુષાર્થ છે, બુદ્ધિમતા છે.'

સાને ગુરુજી બીમાર તો પડ્યા જ હતા, ઉપરથી શરીરને તોડી નાખતા આ

ઉપવાસ! તેઓ ઘણા નિર્બળ થઈ ગયા. ગાંધીજી ખૂબ જ ચિંતિત થયા. એમણે કેંદ્રીય વિધાનસભાના અધ્યક્ષ દાદાસાહેબ માવલંકર વગેરે કેટલાક વિદ્વાન તથા પ્રભાવશાળી લોકોને હકીકતથી વાકેફ કર્યા. ત્યારે વળી ગાંધીજીએ ન્યાયાલયના આદેશ દ્વારા સૌના માટે મંદિર ખોલાવવાનું દૃઢતાપૂર્વક સમર્થન કર્યું. આ આદેશ મળ્યા પછી જ ગુરુજીએ ૧૦ મે, ૧૯૪૭ના રોજ ઉપવાસના દસમા દિવસે પારણાં કર્યાં. સાને ગુરુજીએ કેટલો કઠિન તથા ભયંકર માનસિક અને શારીરિક સંઘર્ષ કર્યો, ત્યારે વળી હજારો વર્ષના જાતિગત ભેદભાવની કઠોર લોહજંજીરને તેઓ ખોલી શક્યા. તેઓ માનતા હતા — માનવતાના હિતમાં કદાચ પ્રાણ પણ આપવા પડે તો તે કોઈ ભારે કીમતી વાત નથી.



આજે હું વિચારું છું, ક્યાં ૧૯૪૭ અને ક્યાં ઈસવીસન ૨૦૦૨! તે સમયના સવર્ણોની માનસિક ભૂમિકા તથા આજના સવર્ણોની માનસિક ભૂમિકામાં કોઈ જમીન-આસમાનનો ફરક નથી આવ્યો. બીજી બાજુ, આજે જે પણ દલિતોના હિતની વાત કરે છે, તેઓને ઉશ્કેરાટનો માર્ગ જ બતાવે છે. સવર્ણોના વિરુદ્ધ એક નફરતભરી શત્રુસેનાના રૂપમાં તેઓને માનસિકરૂપે તૈયાર કરવામાં આવી રહ્યા છે. પરંતુ ગાંધીજીની હૃદયપરિવર્તનની વાત જ આજે પણ વધારે ઉચિત લાગે છે. એ જ માર્ગે ચાલીને આપણે આ બંને ધ્રુવોમાં સાચી સમજણ પેદા કરી શકીએ છીએ, બાકી તો પરસ્પર ઘૃણા તથા હત્યાઓની અનંત શૃંખલા ચાલુ છે જ, અને નજીકના ભવિષ્યમાં પણ એ અટકે તેમ જણાતું નથી. આ જ બાબત સાંપ્રદાયિક ભેદભાવોમાં પણ દેખાય છે. એક બાજુ જુદી-જુદી જાતિઓ તથા સંપ્રદાયોમાં આત્મઘાતક જૂથો તૈયાર કરવાની જે વાતો થઈ રહી છે, તે સાંભળીને કોઈપણ સમજુ માણસ એ નહીં કહી શકે કે ધાર્મિક અથવા જાતિગત કડવાશમાં કોઈ પણ જાતની, રતિભર પણ ઘટાડો કરી શકાય. ઊલટું આ કટુતા હજી વધારે કટ્ટરતા સહિત વધશે.

ગાંધીજી આખી જિંદગી આંતરિક પ્રેમ તથા હિંદુ-મુસ્લિમ એકતા માટે કામ કરતા રહ્યા અને અંતે એક કટ્ટર હિંદુના હાથે એમની હત્યા થઈ. સાને ગુરુજીના માટે ગાંધીજીની હત્યા 'એક મહાન આદર્શ'ની હત્યા હતી. તેઓ આ હત્યાથી સ્તબ્ધ થઈ ગયા. જાણે એમની વૈચારિક શક્તિ જ હણાઈ ગઈ. પછી ધીમે-ધીમે એમણે પોતાની જાતને આ સ્તબ્ધતામાંથી બહાર કાઢી અને 'કર્તવ્ય' નામનું છાપું પ્રગટ કર્યું. એ એક રીતે ગાંધીજીના પ્રત્યે એમની શ્રદ્ધાને, આસ્થાને જીવિત રાખવાનો પ્રયાસ હતો.

દેશને આઝાદી મળ્યા પછી જે પોતાના લોકોની સરકાર બની, તેણે પણ અંગ્રેજોના જ માર્ગે ચાલવાનું શરૂ કર્યું ત્યારે સાને ગુરુજીને એ બાબતે ઘણો જ આઘાત લાગ્યો. ધીમે-ધીમે આ નવી રાજનૈતિક સ્થિતિથી એમનો મોહભંગ થઈ રહ્યો હતો. પોતાના જ લોકોની સરકાર પાસેથી એમણે પ્રજાના કલ્યાણ માટેની જે અપેક્ષાઓ રાખી હતી તે બધી ધૂંધળી થઈ રહી હતી, પણ હવે સંઘર્ષ કરવાની એમની શારીરિક શક્તિ ઘટતી જતી હતી. તેઓ બીમાર રહેવા લાગ્યા હતા. એમને ખીજ ચઢતી હતી કે પોતે શા માટે જીવી રહ્યા છે! એમણે મરી જવું જોઈએ, જ્યારે તેઓ દેશના દુર્ભાગ્યને બદલવા માટે કંઈ જ કરી નથી શકતા!!

અંતે એવી સ્થિતિ થઈ ગઈ હતી કે એમના માથામાં ભયાનક પીડા થતી અને તે સમયે ઊંઘની ગોળીઓ લેવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. એવી જ સ્થિતિમાં ૧૧ જૂન, ૧૯૫૦ના રોજ એમનું અવસાન થઈ ગયું. દેશે બીજો એક ગાંધી ગુમાવી દીધો. માત્ર ૫૦ વર્ષની વયમાં સાને ગુરુજી જતા રહ્યા. પરંતુ તેઓ જ્યાં સુધી જીવ્યા, અવિરત

પરિશ્રમ કરતા રહ્યા. એમનું જીવન કર્મણ્યતાનું દૃષ્ટાંત છે. એક-એક ક્ષણ તેઓ દેશના માટે જીવ્યા. એમના અવસાન પર વિનોબાજીએ લખ્યું — 'સાને ગુરુજીનો મૃત્યુ-લેખ મારે લખવો પડશે એવું મેં ક્યારેય વિચાર્યું નહોતું. ઉંમરમાં તેઓ મારાથી નાના તથા સ્વસ્થ હતા. ૫૦ વર્ષની ઉંમર હતી. આટલા ટૂંકા સમયમાં એમણે કેટલું મોટું કામ કર્યું. મહારાષ્ટ્રની સમગ્ર તરુણ પેઢી એમના વિચારો પર મોહિત હતી. એમને બાળકો ઉપર ખૂબ પ્રેમ હતો.'

એમનું એક મોટું સ્વપ્ન હતું — 'વિશ્વભારતી'ની જેમ મહારાષ્ટ્રમાં એક 'આંતરભારતી' વિશ્વવિદ્યાલય ખોલવાનું, જ્યાં તમામ ભાષાનું અધ્યયન થઈ શકે. તમામ પ્રાંતોની ભાષા જ્યાં સમાનરૂપે તે-તે ભાષાના વિદ્વાનો દ્વારા ભણાવવામાં આવે. સાને ગુરુજી ઇચ્છતા હતા કે આ રીતે તમામ પ્રાંતની ભાષાનું શ્રેષ્ઠ સાહિત્ય આખા દેશમાં વંચાય. આવી જ ભાષાની એકતા માટે તેઓ 'આંતરભારતી' ખોલવા ઇચ્છતા હતા, પરંતુ એમનું સ્વપ્ન અધૂરું જ રહી ગયું. સાને ગુરુજીના પોતાના શબ્દોમાં 'આંતરભારતી'ની એમની કલ્પના આવી હતી:

'...સુંદર એવી જગ્યા હોય — ત્યાં અલગ-અલગ ભાષાઓના જ્ઞાતા હોય. તે સૌને હિંદી આવડવી જોઈએ. તે-તે ભાષાનું સાહિત્ય ત્યાં રહે. સંસ્થા સાથે જોડાયેલું એક વિદ્યાલય રહે. ખેતી હોય, ગ્રામોદ્યોગની વ્યવસ્થા હોય. ભારતીય ભાષાઓ શીખવાની ત્યાં સગવડ હોય. વિભિન્ન ભાષાઓનાં સાહિત્યનો મરાઠીમાં અનુવાદ કરવામાં આવે. અન્ય ભાષાઓની માસિક પત્રિકા કાઢીને તે-તે પ્રદેશની તમામ બાબતોનો પરિચય કરાવવામાં આવે. મારી 'આંતરભારતી' યોજનાનું આ રૂપ છે.'

આજે આપણે દક્ષિણ ભારતીય ભાષાઓ તથા ઉત્તર ભારતીય ભાષાઓ વચ્ચે અપરિચયની એક દીવાલ જોઈએ છીએ. ત્યાં સુધી કે દુર્ભાગ્યવશ એક જાતનું અંતર તથા ભાષાકીય વૈમનસ્યનો ભાવ પણ હવે ઊભરી રહ્યો છે. એવામાં સાને ગુરુજીની 'આંતરભારતી'ની પરિકલ્પના કેટલી ઉચિત લાગે છે. સાથે જ નવાઈની વાત તો એ છે કે તેઓ કેટલા દૂરંદેશી હતા.

સાને ગુરુજી જેવા લોકો પોતાના જીવનકાળમાં તો જ્યાં પણ રહે છે, જયોતિપુંજની જેમ પ્રકાશ ફેલાવે જ છે. એમના ગયા પછી પણ એમના આદર્શરૂપી તેજકિરણો અંધકારમાં માર્ગ બતાવતાં રહે છે. ભગવાન કરે ને આજે આપણે એમના ચીંધેલા માર્ગે ચાલીને અંધકારમાં ભટકતા આ મહાદેશના ભીષણ 'રોગો' તથા 'વ્યાધિઓ' સાથે લડવાનું શીખી શકીએ.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ

ભારતના પ્રંથમ રાષ્ટ્રપતિ



ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું જીવન સેવા તથા સાદાઈનું અદ્ભુત ઉદાહરણ છે. બિહારના એક નાનકડા ગામ જીરાદેઈમાં જન્મેલો બાળક મોટો થઈને દેશના સર્વોચ્ચ પદ ઉપર પહોંચશે તેવી તો કોઈએ કલ્પના પણ ન કરી હોય, પરંતુ યોગ્યતા પોતાનો માર્ગ જાતે જ શોધી નાખે છે. મહાન પ્રતિભાઓને દબાવી ન શકાય. તેઓ જ્યાં પણ હોય, પોતાની મહાનતાની છાપ છોડે છે, અને આખી દુનિયાનું ધ્યાન પોતાના ભણી ખેંચી લે છે. ડૉ. રાજેન્દ્રપ્રસાદની સાથે આમ જ થયું. પરતંત્ર ભારતમાં આશા તથા સ્વપ્નાંભરેલી વીજળીની જેમ તેઓ આખા ભારતમાં છવાઈ ગયા. તેઓ જેટલા સીધા, સરળ તથા વિનયી હતા, તેટલા જ સિદ્ધાંતવાદી અને દૃઢ હતા. આથી જ તમામ લોકો એમનું સન્માન કરતા હતા તથા એમની વાતો પર વિશ્વાસ કરી લેતા હતા. ત્યાં સુધી કે અંગ્રેજ અધિકારીઓ પણ એમનું સન્માન કરવા માટે વિવશ બનતા હતા. પાછળથી તેઓ દેશના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે એમણે આખી દુનિયા સમક્ષ ત્યાગ તથા સાદાઈનો એક નવો આદર્શ મૂક્યો. તેઓ પૂર્ણપણે ભારતીય આદર્શોમાં ઢળેલા મહાનાયક સિદ્ધ થયા. આથી

જ આપણે આજે પણ એમને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ જ નહીં, બલકે 'એક મહાન ભારતીય આત્મા'ના રૂપમાં પણ યાદ કરીએ છીએ.

રાજેન્દ્રપ્રસાદનો જન્મ બિહારના એક સાધારણ પરિવારમાં ૩ ડિસેમ્બર, ૧૮૮૪ના રોજ થયો. એમના પિતાનું નામ મહાદેવ સહાય હતું. મહાદેવ સહાયને પાંચ સંતાન હતાં — ત્રણ દીકરી, બે દીકરા. દીકરાઓમાં રાજેન્દ્રપ્રસાદ સૌથી નાના હતા. એમના મોટાભાઈ મહેન્દ્રપ્રસાદ એમને ખૂબ જ ચાહતા હતા અને રાજેન્દ્રપ્રસાદના જીવન તથા વ્યક્તિત્વના વિકાસમાં એમણે ઘણી સહાયતા કરી.

રાજેન્દ્રપ્રસાદ અત્યંત મેધાવી વિદ્યાર્થી હતા. એક વાર જે કંઈ સાંભળી લેતા, એમને તરત યાદ રહી જતું. પરંતુ રાજેન્દ્રપ્રસાદ કિતાબી કીડા નહોતા. તેઓ ખૂબ જ ગંભીરતા તથા ધ્યાનથી પોતાની આજુબાજુના વાતાવરણને પણ જોતા હતા. એમણે પોતાની આત્મકથામાં પોતાના બાળપણ વિશે અનેક રોચક તથા સારી-સારી વાતો લખી છે, તેમાં જીરાદેઈ ગામના લોકોની તહેવાર ઊજવવાની પદ્ધતિ પણ છે. રાજેન્દ્રબાબુ લખે છે કે તહેવાર હિંદુઓના હોય કે મુસલમાનોના, આખું ગામ ખૂબ જ ઉમંગ તથા ઉત્સાહથી ઊજવતું હતું.

રાજેન્દ્રપ્રસાદ પોતાની ગંભીરતા તથા અધ્યયનની છાપ છોડતા ધીમે-ધીમે ઊંચા વર્ગોમાં આવ્યા. એન્ટ્રન્સમાં તેઓ આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા. આ સમાચારથી ઘરમાં જ નહીં, બલકે દૂર-દૂર સુધી આનંદની લહેર દોડી ગઈ. ત્યાર પછી એમણે કોલકાતાની પ્રેસિડેન્સી કૉલેજમાં નામ લખાવવાનો નિર્ણય કર્યો. ત્યાં જે શિષ્યવૃત્તિ એમને મળતી હતી, તેનાથી જ હવે પછીના અભ્યાસનો ખર્ચ ચાલતો હતો.

રાજેન્દ્રપ્રસાદ જેવી ગંભીર વ્યક્તિ વળી દેશની સ્થિતિથી અપરિચિત કેવી રીતે રહી શકે! તેઓ કેવળ પોતાના કોર્સનાં પુસ્તકો જ નહોતા વાંચતા, બલકે પોતાના દેશ તથા સમાજ વિશે લખાયેલાં ગંભીર પુસ્તકો પણ એટલા જ રસથી વાંચતા હતા. વળી અંગ્રેજોના શાસન વિરુદ્ધ દેશમાં જે સ્વાધીનતા સંઘર્ષ ચાલી રહ્યો હતો, તેને પણ તેમણે ખૂબ નજીકથી જોયો હતો. ઈ.સ. ૧૯૦૫માં બંગાળમાં સ્વદેશી આંદોલન ચાલ્યું, ત્યારે રાજેન્દ્રબાબુ તેમાં કૂદી પડ્યા. ઈ.સ. ૧૯૦૬માં કૉંગ્રેસનું અધિવેશન થયું, ત્યારે રાજેન્દ્રપ્રસાદ એક સ્વયંસેવકના રૂપમાં તેમાં દાખલ થઈ ગયા. દેશના મોટા-મોટા નેતાઓને નજીકથી જોવા તથા સાંભળવાની એમને તક મળી.

એક વાર ગોપાલકૃષ્ણ ગોખલે કોલકાતા પધાર્યા. એમણે રાજેન્દ્રપ્રસાદને મળવા માટે બોલાવ્યા. ગોખલેજીએ થોડા દિવસ પહેલાં 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા' સોસાયટીની સ્થાપના કરી હતી. એમણે રાજેન્દ્રપ્રસાદને કહ્યું — 'વકીલાત છોડો અને દેશનાં કામોમાં લાગી જાઓ.' એ સમયે રાજેન્દ્રપ્રસાદના ઘરની સ્થિતિ સારી નહોતી. મોટાભાઈની જુદી જ અપેક્ષાઓ હતી. એમણે મોટાભાઈને એક કરુણ તથા માર્મિક પત્ર લખ્યો, જેમાં દેશભક્તિની ભાવનાઓ છલકાઈ રહી હતી.

કેટલાંક કારણોસર રાજેન્દ્રપ્રસાદ ગોખલેજીની સંસ્થામાં જોડાઈ શક્યા નહીં. એમની વકીલાત ઘણી સારી ચાલવા માંડી. ત્યાં સુધી કે કોલકાતા હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ આશુતોષ મુખર્જીએ એમને પોતાના ઘરે બોલાવ્યા તથા એમને શાબાશી આપતાં કહ્યું — 'તેં કોર્ટમાં ખૂબ જ સારી દલીલો કરી, તેથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું. આથી તને એકલા મળવાની ઇચ્છા થઈ.'

આશુતોષ મુખર્જીએ રાજેન્દ્રપ્રસાદને લૉ કૉલેજમાં ભણાવવા માટે સમય કાઢવા કહ્યું. રાજેન્દ્રબાબુ સમક્ષ એક નવી તક હતી. એમણે હા પાડી દીધી.

થોડા સમય પછી ગાંધીજીની હાકલ પણ રાજેન્દ્રપ્રસાદે સરસ રીતે ચાલતી વકીલાતને ત્યાગી દીધી. માત્ર એક જમીનદાર હરિજીના કેસમાં તેઓ શરૂથી અંત સુધી કામ કરતા રહ્યા. એટલા માટે કે બાબુ હરિજી રાજેન્દ્રપ્રસાદની પ્રતિભાથી અત્યંત પ્રભાવિત હતા. એમણે એમની પાસેથી વચન લઈ લીધું હતું. એ જ વચનને પૂર્ણ કરવા માટે તેઓ ઈ.સ. ૧૯૨૦માં લંડન પ્રિવી-કાઉન્સિલમાં વકીલાતના કામસર ગયા. ત્યાં સિનિયર બૅરિસ્ટરોએ રાજેન્દ્રબાબુની બુદ્ધિ-પ્રતિભાની ભારે પ્રશંસા કરી; પરંતુ જ્યારે તેઓને જાણ થઈ કે ગાંધીજીની હાકલ પર રાજેન્દ્રપ્રસાદે વકીલાત છોડી દીધી છે, ત્યારે તેમનાં મોં આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં.

ત્યારબાદ રાજેન્દ્રપ્રસાદ ગાંધીજીના સંપર્કમાં આવ્યા તથા ચંપારણ આંદોલનમાં તેઓ એમના જમણા હાથ બન્યા. તે અરસામાં રાજેન્દ્રબાબુની ખ્યાતિ દેશના ખૂણેખૂણામાં પ્રસરી ગઈ. લોકો એમના ઇશારા પર સર્વસ્વ ન્યોચ્છાવર કરવા માટે તૈયાર હતા. રાજેન્દ્રબાબુ પોતે પણ એટલી સાદાઈથી રહેતા હતા, જેનાથી પ્રજા તથા તેઓમાં કોઈ તફાવત જણાતો નહોતો. જે પણ રાષ્ટ્રીય નેતા ચંપારણ આવ્યા, તેઓ રાજેન્દ્રબાબુની સરળતા તથા સાદાઈથી અત્યંત પ્રભાવિત થઈ ગયા.

તે પછી ગાંધીજીનું અસહયોગ આંદોલન શરૂ થયું, ત્યારે રાજેન્દ્રપ્રસાદે રાત-દિવસ એક કરી દીધાં. દેશની આઝાદી માટે દેશભક્તોની ટોળકીઓ નીકળવા લાગી. રાજેન્દ્રપ્રસાદના પ્રભાવથી તે સમયે આખા બિહારમાં દેશભક્તિની ભાવના ઉછાળા મારતી હતી. પાછળથી જ્યારે સાઇમન કમિશન બિહારમાં પહોંચ્યું તો અધિકારીઓએ ડરીને રાજેન્દ્રપ્રસાદને બોલાવ્યા. તેમને કહ્યું — 'અમે ઇચ્છીએ છીએ, પંજાબ તથા ઉત્તર પ્રદેશ જેવી દુર્ઘટનાઓ અહીં ન થાય.'

રાજેન્દ્રપ્રસાદે કહ્યું — 'સાઇમન કમિશનના વિરોધમાં તો ચોક્કસ થશે. તમે અમને તેથી રોકી ન શકો. હા, જો તમે દુર્ઘટનાને ટાળવા ચાહતા હો તો રસ્તાની એક બાજુ સાઇમન કમિશનના સમર્થકોને રાખો, બીજી બાજુ વિરોધ કરનારાઓને.' એમ જ થયું. પહેલા દિવસે જ્યારે સાઇમન પટણા ઊતર્યો તો તેની આંખો ફાટી ગઈ. સમર્થકો માત્ર સો-દોઢસો જણ હતા, અને રસ્તાની બીજી બાજુ વિરોધ કરનારા પચીસ-ત્રીસ હજાર લોકો, જેમના ચહેરા પર દેશભક્તિની ચમક હતી. પ્રદર્શનકારીઓ શાંતિપૂર્વક પોતાનું પ્રદર્શન કરી રહ્યા હતા, પણ એ જોઈને સાઇમનનો ચહેરો ઝંખવાઈ ગયો. તેને હકીકત સમજાઈ ગઈ. જૂઠા સરકારી દાવાઓની પોલ ખૂલી ગઈ.

રાજેન્દ્રપ્રસાદની લોકપ્રિયતા દિવસે-દિવસે વધી રહી હતી તેથી તેઓને ઈ.સ. ૧૯૩૪માં કૉંગ્રેસના સભાપતિ ચૂંટવામાં આવ્યા. તે સમયે એમણે આખા દેશનો ફેરો કર્યો. તેઓ જ્યાં પણ જતા, પ્રજા સાથે સીધો સંબંધ કરી લેતા. લોકોને લાગતું રાજેન્દ્રબાબુ તો આપણી વચ્ચેના જ માણસ છે. આથી જ એમનો પ્રભાવ દિવસે-દિવસે વધતો ગયો. ઈ.સ. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં રાજેન્દ્રબાબુને ગિરફ્તાર કરી લેવામાં આવ્યા. ત્રણ વર્ષ સુધી તેઓ જેલમાં રહ્યા અને ગંભીરતાથી દેશની સ્થિતિ વિશે ચિંતન-મનન કરતા રહ્યા.

રાજેન્દ્રપ્રસાદના વ્યક્તિત્વમાં એવી ગંભીરતા અને ઊંડાઈ હતી કે જે કામ એમને સોંપવામાં આવતું તે ચોક્કસ પૂરું થઈ જતું. આથી જ ૧૬ જૂન, ૧૯૪૬ના રોજ દેશમાં જે અંદરની સરકાર બની, તેમાં રાજેન્દ્રપ્રસાદને ખાદ્ય તથા કૃષિમંત્રી બનાવવામાં આવ્યા. દેશમાં અન્નની સમસ્યા જટિલ હતી. દેશમાં ઊપજ ઝાઝી હતી નહીં, આથી અનાજ બહારથી મંગાવવું પડતું હતું. રાજેન્દ્રપ્રસાદ સમસ્યાના ગંભીર અભ્યાસમાં લાગી ગયા

અને એમણે ખેતી પર વિશેષ ભાર મૂક્યો.

સ્વતંત્ર ભારતનું પોતાનું બંધારણ બનાવવા માટે જે બંધારણ-સભા બની, તેના અધ્યક્ષ પણ ડૉ. રાજેન્દ્રપ્રસાદ જ ચૂંટાયા. એમણે ભરપૂર પ્રયત્નો કર્યા કે એવું બંધારણ બનાવવામાં આવે જે પ્રજાની આકાંક્ષાઓ તથા સ્વપ્નાંને પૂર્ણ કરે. બંધારણ-સભામાં અનેકવાર મતભેદો પણ ઊભા થતા. પરસ્પર તીવ્ર વાદ-વિવાદ થતા. છતાં રાજેન્દ્રબાબુ અત્યંત શાંતિથી તે સમસ્યાઓને ઉકેલી નાખતા. એનું એક કારણ પણ હતું કે તમામ વર્ગોના નેતા રાજેન્દ્રબાબુનો આદર કરતા હતા તથા એમના ઉપર અતિ વિશ્વાસ રાખતા હતા.

છેવટે બંધારણ તૈયાર થઈ ગયું. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસને દેશનું ગણતંત્ર હોવાનું જાહેર કરવામાં આવ્યું. રાજેન્દ્રબાબુ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. તેઓ ૧૩ મે, ૧૯૬૨ના રોજ રાષ્ટ્રપતિ પદ પરથી મુક્ત થયા. આ બાર વર્ષમાં એમણે રાષ્ટ્રપતિ પદનું ગૌરવ જે રીતે વધાર્યું, તે યાદ કરીને આજે પણ તમામનાં મસ્તક એમના સન્માનમાં ઝૂકી જાય છે.

રાજેન્દ્રપ્રસાદ એક સ્પષ્ટ તથા સારા લેખક પણ હતા. તેમણે પોતાની આત્મકથા હિન્દીમાં લખી, જેનું પોતાનું દસ્તાવેજી મહત્ત્વ છે. ઉત્તમ તથા ઉત્કૃષ્ટ આત્મકથાઓમાં એની ગણના થાય છે. રાજેન્દ્રપ્રસાદની આત્મકથા વાંચીને એમના વ્યક્તિત્વનું ગૌરવ તથા જીવન-સંઘર્ષોને નજીકથી જાણી શકાય છે. સાથે જ ભારતીય સ્વાધીનતા સંઘર્ષનું એ દર્પણ પણ છે, જેના પર નજર નાખતાં જ સમજાઈ જાય છે કે મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ તથા રાજેન્દ્રબાબુ જેવા રાજનેતાઓના નેતૃત્વમાં સમસ્ત ભારતીય જનતા કેવી રીતે પરાધીનતાની બેડીઓ તોડવા માટે કટિબદ્ધ બની હતી!

રાઇટ બંધુ

હવામાં ઊડવાનું સાહસ





હજારો વર્ષથી આપણે કથા-વાર્તાઓમાં ઊડતાં વિમાનો વિશે સાંભળતા આવ્યા છીએ. મહાભારત તથા પુરાણોમાં પણ એમનાં વર્ણન છે. ભગવાન રામનું પુષ્પક વિમાન

તો ખૂબ જ પ્રસિદ્ધ છે. બધાએ એના વિશે વાંચ્યું હશે કે લંકા-વિજય પછી રામ સીતાજી, લક્ષ્મણ, હનુમાન, સુગ્રીવ, જાંબવાન વગેરેની સાથે એ જ પુષ્પક વિમાન દ્વારા ઊડીને અયોધ્યા આવ્યા હતા. એવી પરીકથાઓ પણ અનેક છે, જેઓમાં ઊડતી પરીઓ કે પરીઓના ઊડનખટોલાઓનાં વર્ણન છે. એ જ પ્રમાણે અપ્સરાઓ પણ ઊડીને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચી જતી હતી. ખબર નથી, એ કથાઓમાં કેટલું સત્ય છે, પણ તેના પરથી એટલી તો ચોક્કસ ખબર પડે છે કે મનુષ્યમાં પણ પશુ-પંખીઓની જેમ હવામાં ઊડવાની લાલસા ખૂબ હતી. પોતાની આ ઇચ્છાને પૂરી કરવા માટે મનુષ્યે અનેક પદ્ધતિઓ શોધી. તેમાંની જ એક ઊડતું જહાજ અથવા વિમાન પણ છે. પણ હકીકતમાં વિમાન બનાવીને મનુષ્યના ઊડવાની વાત કંઈ બહુ જૂની નથી.

સૌથી પહેલાં આપણને લિયો નાર્દો દ વિંચીના વિશે માહિતી મળે છે. વિંચી ઇટલીના અત્યંત પ્રતિભાવાન ચિંતક, કલાકાર તથા વિજ્ઞાની હતા. એમની ગણના દુનિયાના સૌથી શ્રેષ્ઠ ચિત્રકારોમાં થાય છે. પરંતુ વિંચી ઘણા જ ઉત્તમ કવિ તથા સંગીતકાર પણ હતા. એમણે અનેક યંત્રોની પણ શોધ કરી. સર્વપ્રથમ એમણે જ હવાઈ જહાજનો નકશો તૈયાર કર્યો અને લોકોને જણાવ્યું કે મનુષ્ય પણ પક્ષીઓની જેમ ઊડી શકે છે. તે સમયે લોકોએ વિંચીની વાતો પર વિશ્વાસ નહીં કર્યો અને એમને હસી કાઢ્યા. પરંતુ પછીથી જ્યારે વિંચીની કલ્પનાના આધાર પર જ ખરેખર હવાઈ જહાજ બન્યું, ત્યારે લોકો દંગ રહી ગયા. લિયો નાર્દો દ વિંચી ખૂબ જ ધૂની હતા. પક્ષીઓને જોઈને એમના મનમાં હવાઈ જહાજના ઊડવાનો વિચાર આવ્યો. તેઓ ખૂબ જ ધ્યાનથી ઊડતાં પક્ષીઓને જોતા રહેતા ને વિચારતા રહેતા, શું મનુષ્ય પણ આ જ રીતે ન ઊડી શકે? એક વાર તો ઉત્સાહમાં આવીને તેઓ એક પાંજરામાં ઘણાં બધાં પક્ષીઓ લઈને એક ટેકરી પર ગયા. ટેકરી પર ઊભા રહીને તેમણે પાંજરાનું દ્વાર ખોલી દીધું. પક્ષી ફ્રર્ર્ર્ કરતાં ઊડી ગયાં અને વિંચી ધ્યાનથી જોતા રહ્યા — પક્ષીઓ ઊડે છે કેવી રીતે? કેવી રીતે પાંખ ફફડાવે છે તથા તેનાથી કેવી રીતે હવાની ગાદી બને છે? શું એવી જ રીતે હવાઈ જહાજ પણ ઉડાવી ન શકાય?

એ જ પ્રમાણે હવાઈ જહાજમાં બેસીને ઊડવાની કલ્પના મનુષ્યના મનમાં આવી અને ત્યારથી જ હવાઈ જહાજ ઉડાવવાના પ્રયત્નો થયા. સર્વપ્રથમ બલૂનમાં ગરમ ગૅસ ભરીને ઊડવાની કોશિશ થઈ. પછી ગૅસના બદલે ઍંજિન કે યંત્રોનો ઉપયોગ શરૂ થયો. આ રીતના ઊડતા મશીનને ગ્લાઇડર કહેવાયું, પરંતુ આ ઊડતાં મશીનો વધારે સફળ ન થયાં. ગ્લાઇડર ઊડતાં તો હતાં પરંતુ મોડે સુધી હવામાં રહી શકતાં નહોતાં. વળી તેમને પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવી પણ શકાતાં નહોતાં. એનાથી પણ ખરાબ વાત એ હતી કે આ પ્રકારનાં મોટાભાગનાં ગ્લાઇડર દુર્ઘટનાગ્રસ્ત થયાં. આથી લોકોના મનમાં ધીમે-ધીમે એવી નિરાશા આવવા માંડી કે મનુષ્યના માટે ઊડી શકવાનું કે ઊડતાં હવાઈ જહાજ બનાવી શકવાનું શક્ય જ નથી. ઊડતાં વિમાન માત્ર કથા-વાર્તાઓ તથા પરાણ-કથાઓની જ વાતો છે.

પરંતુ આવી નિરાશાઓ તો પરીક્ષા લેવા માટે જ આવે છે. મનુષ્ય જો આવાં દુ:ખ અથવા નિરાશાઓથી ગભરાઈને બેસી પડે તો એની ભાવિ શોધયાત્રા શરૂ જ કેવી રીતે થાય? છેવટે અમેરિકાના બે ભાઈઓએ જહાજ ઉડાવીને બતાવી દીધું. તે દિવસે મનુષ્યના માટે હવામાં ઊડવાનું અશક્ય કામ ન રહ્યું. આખી દુનિયાએ રાઇટ બંધુઓની આ શોધને આનંદથી વધાવી લીધી.

રાઇટ બંધુ અમેરિકાના એક ગરીબ પાદરીના છોકરા હતા. તેઓ સાઈકલ બનાવવા

તથા સમારવાનું કામ કરતા હતા. તેઓમાં મોટા ભાઈનું નામ વિલબર હતું અને નાનાનું નામ ઓરવિલ હતું. રાઇટ ભાઈઓએ વિજ્ઞાનનું કોઈ વ્યાવહારિક શિક્ષણ લીધું નહોતું, છતાં તેઓ ખૂબ જ ખંતીલા હતા. તેમના મનમાં કંઈ નવું કામ કરવાની પ્રબળ ઇચ્છા હતી. તેમણે જ્યારે ઊડતાં ગ્લાઇડર્સ વિશે સાંભળ્યું તો એમના મનમાં ખૂબ જ ઉત્સુકતા થઈ. તેઓ ઊડતાં ગ્લાઇડર્સની કાર્યપદ્ધતિ જાણવા માગતા હતા, જેથી તેમાં સુધારો કરી શકાય અને હવામાં ઊડી શકાય.

અત્યાર સુધીમાં આ ગ્લાઇડર્સમાં ઊડનારા અનેક લોકો પ્રાણ ગુમાવી બેઠા હતા. આથી તેમાં સુધારો કરવો જરૂરી હતો, પણ આ જોખમી કામ હતું. રાઇટ ભાઈઓ વળી કયાં જોખમથી ગભરાય તેવા હતા! તેઓ વર્ષો સુધી પોતાની એ જ કોશિશોમાં લાગી રહ્યા. સાઇકલની દુકાનમાંથી એમને જે આવક થતી હતી, તે પોતાના આ જ પ્રયોગો પર હોમી દેતા હતા, છતાં આર્થિક સંકડામણ રહેતી હતી. એમને હવાઈ જહાજ માટે જરૂરી સાધન-સામગ્રી ખરીદવી પડતી હતી. એના માટે ખૂબ જ ધનની જરૂર હતી. આખરે એમણે પોતાની બહેન પાસેથી હજારો રૂપિયા ઊછીના લીધા, જેથી પોતાના કામમાં પ્રગતિ લાવી શકે... અને ખરેખર સતત પ્રયોગો તથા રાત-દિવસની મહેનત પછી રાઇટ બંધુઓએ દુનિયાને પહેલું વિમાન બનાવીને બતાવી દીધું.

૧૭ ઑગસ્ટ, ૧૯૦૩ના રોજ રાઇટ બંધુઓએ અમેરિકાના નોર્થ કેરોલિનાના તટ પર પોતાનું આ પહેલું વાયુયાન બનાવીને બતાવ્યું હતું. તટ પર એક બાજુ લાકડાના મંચ બનાવ્યા હતા. બીજી બાજુ રાઇટ બંધુઓએ તૈયાર કરેલું વિમાન ઊભું હતું. વિમાનને ખેંચીને મંચ પર લાવવામાં આવ્યું અને મોટર ચાલુ કરવામાં આવી. જોતજોતામાં વિમાન જમીનથી ઉપર ઊડ્યું અને ચાળીસ મીટર સુધી ઊડ્યા પછી પાછું જમીન પર આવી ગયું. આમ રાઇટ બંધુઓ અનેક વાર ઊડ્યા અને લોકોએ આશ્ચર્યપૂર્વક એમને ઊડતા જોયા.

ગઈકાલ સુધી જે 'જાદુ' હતું — કાલ સુધી જે સ્વપ્ન હતું, તે આજે હકીકત બની ગયું. અને એને હકીકતમાં ફેરવાતાં હજારો લોકોએ જોયું હતું. વિજ્ઞાનનો આ ઐતિહાસિક વિજય હતો — વિજ્ઞાનનો મહાન ચમત્કાર!

વાસ્તવમાં રાઇટ બંધુઓની આ શોધે આપણી દુનિયાનું રૂપ જ બદલી નાખ્યું. હવે દુનિયાના એક છેડેથી બીજા છેડાની વચ્ચેનું લાંબું અંતર પણ ન રહ્યું. વિમાનથી તેને માત્ર થોડા જ કલાકોમાં વટાવી શકાય છે. એનો યશ આપણે તે ધૂની રાઇટ બંધુઓના આપવો પડશે જેમણે પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ વિમાનને ઉડાવ્યું.

રાઇટ બંધુઓના વિમાનની એક ખૂબી એ હતી કે તેને પોતાની ઇચ્છાથી નિયંત્રિત કરી શકાતું હતું. વિમાનને જરૂર પ્રમાણે ઊંચું કે નીચું કરી શકાતું હતું તથા પોતાની ઇચ્છાથી ઉડાવી તથા જમીન પર ઉતારી શકાતું હતું.

આ વિમાનની શોધ પછી પણ રાઇટ બંધુઓ અટક્યા નહીં, બલકે તેઓ જીવનભર તેમાં નવા-નવા ફેરફારો કરતા રહ્યા, જેથી વિમાનની ગતિને વધારે વધારી શકાય તેમજ હવાઈયાત્રાને વધારે સુવિધાજનક, સુરક્ષિત તથા આરામદાયક બનાવી શકાય.

આધુનિક સંસ્કૃતિ રાઇટ બંધુઓની આ અદ્‌ભુત શોધના માટે હમેશાં તેઓની ઋણી રહેશે.

જૉન ગુટેનબર્ગ

લો, શરૂ થઈ પુસ્તકની વાત



આજે બજારમાં છાપેલું પુસ્તક સહેલાઈથી તથા ઓછી કિંમતે મળી જાય છે, પરંતુ પહેલાં એવું નહોતું. કોઈ એક પુસ્તક મેળવવા માટે મહિના તો શું, વર્ષો સુધી પ્રતીક્ષા કરવી પડતી હતી. અને ત્યારે પુસ્તકો માત્ર શ્રીમંત લોકોની પાસે જ પહોંચતાં હતાં. ગરીબ લોકો તો એને મેળવવાની કલ્પના પણ કરી શકતા નહોતા. એટલા માટે કે મુદ્રણયંત્રની શોધ પહેલાં પુસ્તક તૈયાર કરવાનું અત્યંત કઠિન કામ હતું. દરેક ચોપડીનો એક એક અક્ષર હાથે લખવો પડતો હતો, ત્યારે વળી મુશ્કેલીથી ચોપડીની નકલ તૈયાર થતી હતી. કોઈ ચોપડીની પાંચ-દસ નકલ તૈયાર કરવામાં પણ ઘણો સમય લાગી જતો હતો. વળી એમાં ઘણી ભૂલો પણ રહી જતી હતી. પરંતુ મુદ્રણયંત્રની શોધ પછી પુસ્તકો છાપવાનું એટલું સરળ બની ગયું કે થોડા જ સમયમાં આપણે કોઈ પુસ્તકની હજારો-લાખો નકલ તૈયાર કરી શકીએ છીએ... અને આ ચમત્કાર જે ધૂની વિજ્ઞાનીના કારણે થઈ શક્યો, તેનું નામ છે જૉન ગુટેનબર્ગ.

જૉન ગુટેનબર્ગનો જન્મ આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં જર્મનીના મૅન્જ

શહેરમાં થયો. ગુટેનબર્ગનું આખું નામ હતું જોહાનેસ ફ્લીસ્ચ જુમ ગુટેનબર્ગ.

ગુટેનબર્ગના પિતા મૅન્જના જાણીતા એકાઉન્ટન્ટ હતા. ઘરની સ્થિતિ સારી હતી. પણ ગુટેનબર્ગનું મન ભણવામાં બહુ લાગતું નહોતું. એમના મનમાં કંઈ બીજી જ ધૂન હતી ને એમનું બુદ્ધિશાળી મગજ પોતાના માટે સાચું કામ તથા સાચા માર્ગની શોધમાં હતું. ગુટેનબર્ગની દોસ્તી સોનીઓ, કલાકારો તથા સિક્કા બનાવનારાઓ સાથે હતી, ગલીમાં તેઓની ઘણી દુકાનો હતી. એમણે આ પ્રકારનાં અનેક કામ શીખી લીધાં. ધાતુઓ ભેળવીને જુદી-જુદી જાતની ધાતુઓ બનાવવાના કામમાં તેઓ હોશિયાર થઈ ગયા. ત્યારે જ તેમના મનમાં ધાતુના અક્ષર ઢાળવાનો વિચાર આવ્યો. એમને થયું, જો તેઓ આ કામ કુશળતાથી કરે, તો તેઓ એક એવું મુદ્રણયંત્ર બનાવી શકે છે જેનાથી પુસ્તકો સહેલાઈથી છાપી શકાય. એનાથી મનુષ્યનો ઘણો બધો શ્રમ તથા સમય બચી જશે.

પરંતુ મુદ્રણયંત્ર વિશે વિચારવું જેટલું આનંદપ્રદ હતું, વ્યવહારમાં એને સાકાર કરવું એટલું જ મુશ્કેલ હતું. આમેય દરેક કામમાં મુશ્કેલીઓ તો આવે જ છે, પરંતુ ગુટેનબર્ગ પણ ઓછા સાહસી નહોતા. એમણે દરેક બાબત માટે પ્રથમ પોતાની જાતને તૈયાર કરી લીધી હતી. મનોમન તેઓ દરેક સમસ્યાનો ઉકેલ શોધવામાં લાગી રહેતા. સર્વપ્રથમ તેમણે દરેક અક્ષરનાં સુંદર ચિત્રો તૈયાર કર્યાં. પછી એમના જ આધારે લાકડાના અક્ષર બનાવ્યા. પછી તમામ અક્ષરનાં બીબાં બનાવ્યાં તથા ધાતુના અલગ-અલગ અક્ષર બનાવ્યા. તેઓ ચૂપચાપ આ તમામ કામોમાં લાગી રહ્યા અને મનોમન મુદ્રણયંત્રની યોજના પર કામ કરતા રહ્યા. તેઓ ઇચ્છતા હતા, જ્યાં સુધી મુદ્રણયંત્ર બનીને તૈયાર ન થઈ જાય, એમની આ શોધ ગુપ્ત જ રહે.

આખરે એક શ્રીમંત મિત્રની મદદથી જૉન ગુટેનબર્ગે ઈ.સ. ૧૪૫૦માં મુદ્રણનું પહેલું મશીન લગાવ્યું. એના આ પ્રિન્ટિંગ મશીનમાં છપાનારું પહેલું પુસ્તક હતું - લેટિનનું બાઇબલ. પોતાના પહેલા પ્રયાસમાં જ જૉન ગુટેનબર્ગે ખૂબ જ હોશિયારી તથા સફાઈથી કામ કર્યું હતું. એ એના પરથી સમજાય છે કે એમના પ્રેસમાં છપાતા પહેલા પુસ્તકના દરેક પાના પર બેતાળીસ પંક્તિઓ હતી. બીજી એક વિશેષ વાત એ હતી કે જૉન ગુટેનબર્ગે જોકે છૂટા-છૂટા અક્ષર ઢાળ્યા હતા, તેથી છાપ્યા પછી કોઈ એક પાનાના અક્ષરો વડે ફરી બીજાં પાનાં પણ તૈયાર કરી શકાતાં હતાં. ગુટેનબર્ગને આ બાઇબલ છાપવામાં ત્રણ વર્ષ સુધી મહેનત કરવી પડી. તેમના દ્વારા છપાયેલું બાઇબલ આજે પણ ‘ગુટેનબર્ગનું બાઇબલ’ તરીકે જાણીતું છે. તેના છપાયા પછી લગભગ પાંચસો વર્ષ પછી ન્યૂયોર્કમાં તેની એક નકલ એક લાખ વીસ હજાર ડૉલરમાં વેચાઈ હતી.

સાચું તો એ છે કે ગુટેનબર્ગની શોધથી એક જાતની ક્રાંતિ જ થઈ. હવે પુસ્તકો ખૂબ જ સરળતાથી છપાવા લાગ્યાં. વળી ધાતુમાં ઢાળેલા જુદા-જુદા અક્ષરોને વારંવાર વાપરવાથી છાપકામ વધારે મોંઘું પણ ન રહ્યું. આથી પંદરમી સદીના અંત સુધીમાં યૂરોપનાં જુદાં-જુદાં શહેરોમાં એક હજારથી પણ વધારે મુદ્રણયંત્રો લાગી ગયાં હતાં, જેમનાથી પુસ્તકો તથા જ્ઞાન-વિજ્ઞાનની સામગ્રી છપાઈ રહી હતી. ખરેખર ગુટેનબર્ગે પ્રિન્ટિંગ પ્રેસ અથવા મુદ્રણયંત્રની શોધ કરીને જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં એક મહાન ક્રાંતિ કરી નાખી.

ગુટેનબર્ગના મૃત્યુ પછી તેમના જન્મસ્થાન પર એમના નામથી એક ભવ્ય સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી. અનેક શહેરોમાં એમનાં સ્મારક ઊભાં થયાં અને આજે પણ લોકો આ પ્રતિભાશાળી વિજ્ઞાનીને ‘જ્ઞાન-વિજ્ઞાનના દૂત’ના રૂપમાં આદરથી યાદ કરે છે.

એલિયસ હોવ

સિલાઈ મશીન આમ બન્યું



એમ તો વિજ્ઞાને હજારો વસ્તુઓની શોધ કરી છે, જેમનાથી આપણું જીવન આરામદાયક બન્યું તથા એમના કારણે અનેક તકલીફો તથા મૂંઝવણોથી આપણે બચ્યા. પરંતુ આ શોધોમાં સિલાઈ મશીન સૌથી જુદી જ તથા અદ્ભુત છે. એટલા માટે કે એ ઘર-ઘરમાં વપરાતી ચીજ છે અને લગભગ દરરોજ એની જરૂર પડે છે. કદાચ એટલા જ માટે સ્ત્રીઓનું તો એ સર્વશ્રેષ્ઠ મિત્ર છે. એક મોટા લેખકે કહ્યું, 'હળ પછી કદાચ સીવણયંત્ર જ વિજ્ઞાનની એવી શોધ છે, જેણે આપણા જીવનમાં ખરેખર ક્રાંતિકારી પરિવર્તન લાવી દીધું.' એમ તો ખોરાક પછી કપડાં જ તો મનુષ્યની સૌથી મોટી અને મૂળ જરૂરિયાત છે.

સીવણયંત્રની શોધ અમેરિકન વિજ્ઞાની એલિયસ હોવે કરી હતી. પણ એલિયસ હોવ પુસ્તકિયા વિજ્ઞાની નહોતા. ન તો એમણે વિજ્ઞાનનું કોઈ વ્યાવહારિક શિક્ષણ લીધું હતું. એમણે પુસ્તકોથી નહીં, જીવનના ખુલ્લા વિશ્વવિદ્યાલયમાં પોતાનું શિક્ષણ મેળવ્યું હતું અને જાતે પ્રયોગ કરીને શીખ્યા હતા.

સીવણયંત્રની શોધ કરનારા ખંતીલા વિજ્ઞાની હોવનું જીવન કેટલું કઠિન તથા

સંઘર્ષપૂર્ણ હતું અને કેટલી ચઢતી-પડતીમાંથી પસાર થયા બાદ એમને સફળતા મળી, એ સ્વયં કોઈ રોમાંચક કથાથી ઓછું નથી. વાસ્તવમાં હોવ એક કારખાનામાં મિકેનિક તરીકે કામ કરતા હતા. એમના પિતા સારા ખેડૂત હતા, પરંતુ એલિયસ હોવ પોતાનું જીવન પોતાની રીતે જીવવા માગતા હતા. આથી પિતાનું ઘર છોડીને એમણે એક સાધારણ મિકેનિકનું કામ કરવાનું શરૂ કર્યું. એક દિવસ હોવે પોતાના માલિકને કોઈ સાથે વાત કરતા સાંભળ્યા. એમના માલિકનું કહેવું હતું — 'કેવું સારું, કોઈ કપડાં સીવવાનું મશીન બનાવે તો. એનાથી દુનિયાનું ખૂબ કલ્યાણ થશે. વળી આપણને એની જરૂર પણ છે.' બસ તે દિવસે હોવે નક્કી કરી લીધું કે ગમે તે થઈ જાય, તેઓ સીવણયંત્ર બનાવીને જ જંપશે.

તે સમયે એલિયસ હોવની આર્થિક સ્થિતિ સારી નહોતી. છતાં એમણે નોકરી છોડી દીધી. પોતાના સામાન તથા કુટુંબીઓને સાથે લઈને પિતાના ફાર્મ પર આવી ગયા અને પોતાના પ્રયોગોમાં લાગી ગયા. પણ એક દિવસ એમની તે નાનકડી પ્રયોગશાળામાં આગ લાગી ગઈ અને એમની તમામ મહેનત પર પાણી ફરી વળ્યું.

હોવ અત્યંત નિરાશ થઈ ગયા. ઉપરથી ઘરનાં માણસો એમને મહેણાં મારતાં હતાં. ઘરની હાલત સારી નહોતી, છતાં એમના મનમાં સીવણયંત્ર સિવાય બીજી કોઈ બાબત ઠસતી જ નહોતી. એમણે પોતાના એક જૂના મિત્ર જ્યૉર્જ ફિશરને આની વાત કરી. ફિશરે એમને મદદ કરવાની ખાતરી આપી. હોવ સપરિવાર ફિશરને ત્યાં રહેવા લાગ્યા અને પોતાના કામમાં મંડી પડ્યા.

આખરે મશીન તૈયાર થયું, પરંતુ હજી એમાં થોડી-ઘણી કચાશ હતી. એક તો કાપડને આગળ ધપાવવા માટે થોડી વ્યવસ્થા કરવાની હતી. બીજી મુશ્કેલી એ હતી કે થોડાક ટાંકા પછી અટકવું પડતું હતું અને ફરીથી મશીનને ચાલુ કરીને આગળ કામ કરવું પડતું હતું. હોવે આ તકલીફોનો ઇલાજ પણ શોધી કાઢ્યો. આખરે મશીન ખૂબ સારી રીતે કામ કરવા લાગ્યું. હોવે તેના પર પોતાનો તથા ફિશરનો સૂટ સીવ્યો. ખરેખર મશીનનું કામ ખૂબ જ સંતોષકારક હતું. ફિશર તો આ જોઈને ઊછળી પડ્યો. અત્યાર સુધીમાં મશીન બનાવવામાં ખૂબ ખર્ચ થઈ ગયો હતો. આ તમામ ખર્ચ ફિશરે જ કર્યો હતો. એને આશા હતી કે હવે આ મશીનો ધડાધડ વેચાશે અને એનું બધું ધન પાછું આવી જશે.

ફિશર અને હોવે અનેક જગ્યાએ આ મશીનનું પ્રદર્શન કર્યું. પરંતુ કોઈએ તેને ખરીદવામાં રસ ન દાખવ્યો, બલકે દરજીઓ તો એમની વિરુદ્ધ થઈ ગયા. વિચારવા લાગ્યા કે આ મશીનના આગમનથી એમની રોજી જતી રહેશે.

હવે હોવ પાછા નિરાશ થવા લાગ્યા. જે મશીનને બનાવવા માટે એમણે આટલાં કષ્ટ વેઠ્યાં હતાં, તેને લોકો આ રીતે ધુત્કારે, તે એમનાથી સહન થઈ શકતું નહોતું. પરંતુ તેમનું મન કહેતું હતું કે આજે નહીં તો કાલે લોકો આનું મહત્ત્વ સમજશે. આખરે બોસ્ટનમાં કપડાં બનાવનારી ફેક્ટરીના માલિક સાથે એમણે વાત કરી. માલિકે મશીન જોયું તો એને ઘણું આશ્ચર્ય થયું. તેણે એક સ્પર્ધાનું આયોજન કર્યું. એક બાજુ હાથ વડે સીવનારી કુશળ સ્ત્રીઓ હતી, બીજી બાજુ હોવ. પાંચેય સ્ત્રીઓને એક-એક કપડું આપવામાં આવ્યું અને એકલા હોવને એ જ આકારના પાંચ ટુકડા. તેઓમાંથી કોઈ સ્ત્રી હજી એક કપડું પણ સીવી શકી નહોતી કે હોવે સીવણ મશીન વડે પાંચ કપડાં સીવીને બતાવી દીધાં. છતાં ફેક્ટરીનો માલિક તે મશીનને ખરીદવા માટે તૈયાર ન થયો. હા, જોનારાઓએ તેની ખૂબ જ પ્રશંસા કરી. ત્યાર પછી હોવે વૉશિંગ્ટન જઈને મશીનનું પેટન્ટ કરાવ્યું, છતાં મશીનનો કોઈ ઘરાક આગળ ન આવ્યો.

અત્યાર સુધીમાં ફિશર પણ કંટાળી ગયો હતો અને વધારે ખર્ચ કરવાની તેની

સ્થિતિ ન હતી. તેણે હોવને સ્પષ્ટ જણાવી. દીધું — 'ભાઈ, હવે તારો તથા તારા પરિવારનો બોજ ઉઠાવવો મારા માટે શક્ય નથી.' હોવ પોતાનાં પત્ની-બાળકોની સાથે ફરીથી રસ્તા પર આવી ગયા.

થોડા સમય પછી એલિયસ હોવ ઇંગ્લૅન્ડ ગયા. ત્યાં તેમણે પોતાના મશીનનાં અનેક પ્રદર્શનો કર્યાં. લોકો તેની શોધની ખૂબ જ પ્રશંસા કરતા, પરંતુ તેને કોઈ ખરીદવા આવતું નહીં. ત્યાં સુધી કે લંડનમાં એક વ્યક્તિએ હોવના સીવણયંત્રને પોતાના નામ પર પેટન્ટ કરાવવાની કોશિશ કરી. હોવ નિરાશ થઈ ગયા હતા. તેઓ જ્યારે લંડનથી પાછા ફર્યા, એમની પાસે પોતાની યાત્રાના ખર્ચ માટે ધન પણ નહોતું. એમણે પોતાના પેટન્ટ અંગેના કાગળ ગિરવે મૂકીને થોડું ધન મેળવ્યું અને પરિવારને પાછો મોકલી દીધો. પછી તેઓ એક જહાજ પર રસોઇયાનું કામ કરીને અમેરિકા આવ્યા. અહીં આવીને તેમણે જોયું, તેમની પત્ની મરણપથારી પર પડી છે. પત્નીના મૃત્યુ પછી હોવ બિલકુલ તૂટી ગયા.

એમની આ પીડા ત્યારે અધિક વધી ગઈ જ્યારે તેમણે છાપામાં સીવણયંત્ર વિશે વાંચ્યું. સમાચારમાં મોટા અક્ષરે લખ્યું હતું — 'સીવણયંત્ર: એક મહાન શોધ.' એલિયસ હોવ એ આખા સમાચાર વાંચી ગયા, પણ એમાં ક્યાંય એમના નામનો ઉલ્લેખ નહોતો. લંડનમાં એમણે પોતાના સીવણયંત્રનાં અનેક પ્રદર્શનો કર્યાં હતાં. લોકોએ જોઈ-જોઈને એવાં જ મશીનો બનાવી નાખ્યાં અને ખૂબ પૈસા કમાવા લાગ્યા. તેઓ એ ભૂલી ગયા કે સીવણયંત્રને હોવ પોતાના નામથી પેટન્ટ કરાવી ચૂક્યા હતા.

એક દિવસ હોવ આઇ. એ. સિંગરનો શોરૂમ જોવા ગયા. ત્યાં એવું જ સીવણયંત્ર જોઈને એમને આઘાત લાગ્યો. હવે કેસ લડવા સિવાય કોઈ છૂટકો ન હતો. પરંતુ હોવ પાસે તો થોડું-ઘણું પણ ધન નહોતું. પેટન્ટના કાગળ તો તેઓ પહેલેથી જ લંડનમાં ગિરવે મૂકી ચૂક્યા હતા. આખરે એક શ્રીમંત માણસે હોવને મદદ કરવાનું નક્કી કર્યું. તેઓ વર્ષો પહેલાં હોવના સીવણયંત્રનું પ્રદર્શન જોઈ ચૂક્યા હતા અને તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ મદદથી હોવના મનમાં ફરી આશાનો સંચાર થયો. અદાલતનો નિર્ણય હોવના પક્ષમાં ગયો. એમને વિજય મળ્યો તથા આખા જગતે આદરપૂર્વક એમને સીવણયંત્રના શોધકના રૂપમાં સન્માન તથા માન્યતા આપી.

હોવે સીવણયંત્ર તૈયાર કરવાની પોતાની કંપની શરૂ કરી. જોત-જોતામાં તેઓ ખૂબ જ શ્રીમંત બની ગયા. પરંતુ પોતાની ગરીબીને તેઓ ક્યારેય ભૂલ્યા નહોતા અને આજીવન ગરીબોને મદદ કરતા રહ્યા. મૃત્યુના થોડા મહિના પહેલાં હોવના પેટન્ટનું નવીનીકરણ થવાનું હતું, પણ એમણે ના પાડી દીધી. એમણે કહ્યું — 'હું ચાહું છું, જે પણ ઇચ્છે તે સારું સીવણયંત્ર બનાવે, કેમકે એનાથી આખરે ગરીબોનું કલ્યાણ થાય છે અને લાખો લોકોને રોજી મળે છે.'

આ કહેતી વેળા જરૂર હોવની આંખોમાં પોતાની પત્નીનો ચહેરો રહ્યો હશે, કેમકે હોવ જ્યારે સાધારણ મિકેનિક હતા, ત્યારે કેવળ તેમની કમાઈથી જ ઘરનો ખર્ચો નહોતો ચાલતો. હોવની પત્નીને પણ હાથે સિલાઈ કરીને એમને સાથ આપવો પડતો હતો. ઘણી વાર તેઓ મોડી રાત સુધી કપડાં સીવતાં રહેતાં અને હોવ મનોમન વિચારતા રહેતા, 'ભગવાન કરે, હું કોઈ રીતે મારાં પત્નીનો ભાર હળવો કરી શકું.'

અને ખરેખર સીવણયંત્રની શોધ કરીને હોવે કરોડો ગૃહિણીઓને સુખ અને આરામ પહોંચાડ્યાં છે.

હેનરી ડ્યૂનાં

જેમનાથી રેડક્રૉસની કથા શરૂ થઈ



આજથી લગભગ ૧૭૦ વર્ષ પહેલાં સ્વિટ્ઝરલૅન્ડના જિનેવા શહેરમાં એક સંપન્ન પરિવારમાં બાળક હેનરી ડ્યૂનાંનો જન્મ થયો. છોકરો જ્યારે થોડો મોટો થયો, ત્યારે એણે જોયું કે એની મા એક ટોપલીમાં થોડાં કપડાં, ખાવા-પીવાની ચીજો અને થોડા પૈસા લઈને હમેશાં અનાથાલય જાય છે. પિતા પણ ઉદાર દિલના હતા અને છૂટા હાથે દાન આપતા હતા. આમેય ઘરમાં ધનની કોઈ ખોટ નહોતી. એનાથી બાળક હેનરી ડ્યૂનાંના મનમાં પણ કરુણાની ભાવનાનો વિકાસ થયો.

એક વાર આ છોકરો પોતાનાં માતા-પિતાની સાથે ફ્રાંસના દક્ષિણમાં સમુદ્રકિનારે આવેલા ટુલોન શહેરમાં ગયો. ત્યાં તેણે સમુદ્રકિનારે જહાજમાંથી માલ ઉતારનારા મજૂરોને જોયા. તેઓ જિનેવાના કેદી હતા અને તેમના પગમાં બેડીઓ પડી હતી. બાળક હેનરી ડ્યૂનાંનું મન આ દૃશ્ય જોઈને દ્રવિત થઈ ઊઠ્યું. તેણે મનોમન સંકલ્પ કર્યો કે તે એમનાં દુ:ખ દૂર કરવાનો કોઈ ને કોઈ ઉપાય જરૂર કરશે.

મોટો થઈને હેનરી ડ્યૂનાં એક બૅન્કના મેનેજર બની ગયા. કામના કારણે તેઓ એક

વાર ઇટલીના લિંબોર્ડી વિસ્તારમાં ગયા. ત્યાં આરામ માટે રાતે ઉત્તર ઇટલીના કાસ્ટિલિયો શહેરની એક ધર્મશાળામાં રોકાયા. નજીકમાં જ એક નાનું ગામ સોલ ફરીનો હતું જેની વસ્તી એક હજારથી પણ ઓછી હતી. અચાનક રાત્રે બંદૂક ચાલવાના અવાજ સાંભળીને હેનરી ડ્યૂનાં ખળભળી ઊઠ્યા. આ અવાજ સોલ ફરીનો ગામથી જ આવી રહ્યો હતો.

હેનરી ડ્યૂનાં તરત જ સોલ ફરીનો ગામ ભણી ચાલી નીકળ્યા. ત્યાં જઈને એમણે જોયું — આખું ગામ યુદ્ધનું મેદાન બન્યું હતું. એક બાજુ ફ્રાંસ અને સ્કેન્ડેનેવિયાની સુસજ્જ સેનાઓ હતી, જ્યારે બીજી બાજુ ઓસ્ટ્રિયાની. લગભગ ત્રણ લાખ સૈનિકો સામસામા હતા. પંદર કલાક સુધી ભીષણ યુદ્ધ ચાલ્યું, જેમાં અસંખ્ય લોકો મર્યા. ઘાયલોની સંખ્યા અગણિત હતી. ઘાયલો તરફડી-તરફડીને મરી રહ્યા હતા. માત્ર એક બહાદુર માણસ એંબેલિન તથા થોડી સ્ત્રીઓ ઘાયલોને પાણી પાઈ રહ્યાં હતાં. યુદ્ધભૂમિમાં નીડર રહીને સેવા કરવાના આ આદર્શથી હેનરી ડ્યૂનાં અત્યંત પ્રભાવશાળી થયા. એમના મનમાં પણ ઘાયલોની સેવાનો ભાવ ઉત્પન્ન થયો.

હેનરી ડ્યૂનાંએ તરત સોલ ફરીનોના ઘાયલોની સેવા માટે કેટલાક દયાળુ માણસોનું એક દળ બનાવ્યું. તેઓ રાત-દિવસ ઘાયલોની સેવામાં લાગી રહેતા. તેઓના ઘરે પત્રો લખતા તથા ઘાયલોની સાથે પ્રેમ તથા સહાનુભૂતિપૂર્ણ વિનમ્ર વ્યવહાર કરતા. ઝડપથી હેનરી ડ્યૂનાંએ ઘાયલોનાં દિલ જીતી લીધાં. એમની સામે અનેકવાર અનેક મુશ્કેલીઓ પણ આવી. એક વાર તેઓ ઓસ્ટ્રિયાના એક ઘાયલ સૈનિકને સાંત્વનાના બે શબ્દ કહેવા માટે નમ્યા, ત્યારે જ એક સ્ત્રી બૂમ પાડી ઊઠી — 'આ તો શત્રુ છે!' ડ્યૂનાં ઘણી મુશ્કેલીથી એને સમજાવી શક્યા કે સેવા કરનારા લોકો આવી બાબતોથી પર હોય છે. ધીમે-ધીમે પોતાના પ્રેમથી એમણે સૌનાં દિલ જીતી લીધાં.

હેનરી ડ્યૂનાં થોડા સમય પછી જિનેવાથી પાછા ફર્યા, પણ હવે ધંધા પરથી એમનું મન ઊઠી ગયું હતું. એમની સામે સતત ઘાયલોનાં ચિત્રો ઊપસી આવતાં, જાણે તેઓ એમને પોકારી રહ્યાં હોય. પોતાની તમામ સંપત્તિ એમણે ઘાયલોની સેવા માટે સમર્પિત કરી દીધી.

હેનરી ડ્યૂનાંએ હવે 'સુવેનિયર ઑફ સોલ ફરીનો' નામથી એક સ્મરણિકા પ્રકાશિત કરી. આ સ્મરણિકા પાશવિક્તા વિરુદ્ધ એક દસ્તાવેજ હતી. એમાં તમામ ભેદભાવોથી પર રહીને આવેશભરી અપીલ કરવામાં આવી હતી. યુદ્ધની ભયંકરતાનાં એવાં ચિત્રો હતાં જે મનને પિગળાવી દેતાં હતાં. આ પુસ્તક તમામ દેશોમાં વહેંચવામાં આવ્યું. સાથોસાથ તમામ દેશોમાં ઘાયલોની સેવા માટે સમિતિઓ પણ રચવામાં આવી. આ સમિતિઓમાં દેશ, જાતિ અથવા રંગ સંબંધી કોઈ ભેદભાવ ન હતો. અનેક પ્રભાવશાળી લોકો સ્વેચ્છાએ આ સંગઠનમાં જોડાયા. હેનરી ડ્યૂનાંની અપીલે સૌને પિગળાવી દીધા હતા.

બહુ ઝડપથી એમનાં સંગઠનની પ્રથમ મહાસભા (૨૬ ઑક્ટોબર, ૧૮૬૩)નું સંમેલન યોજાયું. તેમાં ૧૪ દેશોના ૩૬ પ્રતિનિધિઓએ ભાગ લીધો. બીજી મહાસભા ૮ એપ્રિલ, ૧૮૬૪ના રોજ યોજાઈ. તેમાં ૧૫ યૂરોપીય દેશો સામેલ થયા. એ જિનેવા સંમેલન તરીકે ઓળખાય છે. આ જ સંમેલનમાં શ્વેત ભૂમિ પર લાલ રંગના ક્રૉસને તટસ્થતાના ચિહ્ન તરીકે યાદ કરવામાં આવ્યો. આ જ ચિત્ર-સંકેત આજે રેડક્રૉસની આંતરરાષ્ટ્રીય ઓળખ બની ગયો છે.

સૌથી પહેલાં લૂઇ આપિયાએ આ ચિહ્ન ધારણ કર્યું હતું. પછી તો આખા વિશ્વનું ધ્યાન આપોઆપ તેના ભણી ગયું. રેડક્રૉસનું પહેલું યોગદાન ઇ.સ. ૧૮૭૦-૭૧માં ફ્રાંસ-પર્શિયા યુદ્ધમાં ઊભરી આવ્યું. ત્યાં સુધીમાં આ સંગઠનનું નામ 'રેડક્રૉસ સોસાયટી' પડી

ચૂક્યું હતું. આ સંસ્થાનું આદર્શ વાક્ય હતું. — 'યુદ્ધની વચ્ચે માનવતા.' ખરેખર આ એક આદર્શ વાકય જ રેડક્રૉસ સોસાયટીનો ઉદ્દેશ્ય તથા ભાવનાને સ્પષ્ટ કરી દે છે.

રેડક્રૉસ સોસાયટીનું મહત્ત્વ તથા વિસ્તાર એટલા પરથી જ સમજી શકાય છે કે ગાંધીજી જ્યારે દક્ષિણ આફ્રિકામાં કાળા લોકોના દમન વિરુદ્ધ પોતાનું આંદોલન ચલાવી રહ્યા હતા, ત્યારે તેઓ પણ આ સંસ્થાના સભ્ય બની ગયા હતા. તે સમયે ગાંધીજીએ યુદ્ધ-કેદીઓની સેવાનું વ્રત પણ લીધું હતું. તેમાં ચિંતિત સંબંધીઓને પત્ર લખીને એ પણ જણાવવાનું સામેલ હતું કે ઘાયલ સૈનિકો ક્યાં છે તથા હમણાં એમનો કેવો ઇલાજ ચાલી રહ્યો છે. આ કામમાં પ્રસિદ્ધ ફ્રાંસીસી લેખક રોમ્યાં રોલાં પણ ગાંધીજીના સહાયક હતા. તેઓ ગાંધીજીના મિત્ર બની ગયા હતા તથા એમના લિપિક (રાઇટર)નું કામ કરતા હતા.

ધીમે-ધીમે રેડક્રૉસ સોસાયટીએ આખી દુનિયામાં પોતાની શાખ બનાવી લીધી હતી તથા આપોઆપ તેનો વિસ્તાર થતો ગયો. કદાચ એટલા જ માટે કે વિશ્વના લોકો યુદ્ધની ભીષણતાને ધિક્કારતા હતા તથા યુદ્ધોથી ત્રાસી ગયા હતા. હેનરી ડ્યૂનાંની સંસ્થામાં તેઓને શાંતિનો નવો સંદેશ દેખાયો.

હેનરી ડ્યૂનાં જાણતા હતા કે એમની સંસ્થા રેડક્રૉસ દુનિયામાં યુદ્ધને અટકાવી તો ન શકે, પણ જ્યાં સુધી યુદ્ધો થતાં રહેશે, આ સંસ્થા લોકોને યાદ અપાવશે કે શત્રુ પણ મનુષ્ય છે, એનું સન્માન કરવું જોઈએ. આ રીતે રેડક્રૉસના કારણે યુદ્ધની વચ્ચે પણ માનવ-પ્રેમ પાંગરતો રહેશે.

અને ખરેખર રેડક્રૉસ સંસ્થા પોતાના ઉદ્દેશ્યમાં ઘણી બધી સફળ રહી છે. બે દેશો વચ્ચેના યુદ્ધ પછી યુદ્ધકેદીઓની અદલાબદલીમાં એ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એટલું જ નહીં, સ્ટેશન પર સૈનિકોના માટે કેન્ટિન ચલાવવા જેવાં કામો પણ રેડક્રૉસના સ્વયંસેવકો કરે છે. દુષ્કાળ, પૂર, પ્લૅગ, આગ તથા અન્ય કુદરતી દુર્ઘટનાઓ વેળા પણ રેડક્રૉસ સંસ્થાના લોકો જાતે જ સક્રિય બનીને દુનિયાની સેવા તથા જનકલ્યાણમાં લાગી જાય છે. આથી જ ઈ.સ. ૧૯૭૪ સુધીમાં રેડક્રૉસ સંસ્થા ૧૧૪ દેશોમાં પ્રસરી ચૂકી હતી. ત્રેવીસ કરોડ લોકો એના સભ્યો હતા. આજે તો આ સંખ્યા અનેકગણી વધી ગઈ છે.

બાંગલાદેશની લડાઈ વેળા રેડક્રૉસ સંસ્થાએ ત્રીસ કરોડ રૂપિયાની સહાય આપી હતી. એ જ પ્રમાણે ૧૯૨૭માં જયારે પંજાબમાં ભયંકર પૂર આવ્યું હતું, ત્યારે રેડક્રૉસની કાર્યવાહી ખૂબ જ નોંધનીય રહી હતી. ઈ.સ. ૧૯૭૧-૭૨માં જ્યારે એક કરોડ બંગાળી શરણાર્થી ભારત આવ્યા ત્યારે રેડક્રૉસે છૂટા હાથે તેઓને મદદ કરી. હવે તો 'જુનિયર રેડક્રૉસ' નામની સંસ્થા પણ રચાઈ ગઈ છે, જેમાં ૭ થી ૧૨ વર્ષનાં બાળકો ભાગ લે છે. એની સ્થાપના ઈ.સ. ૧૯૨૨માં થઈ હતી.

હેનરી ડ્યૂનાંએ લોકકલ્યાણ માટે રેડક્રૉસ સંસ્થા દ્વારા શાંતિ તથા પ્રેમનો સંદેશ આપ્યો હતો. આ સંદેશ આજે દુનિયાના ખૂણા-ખૂણામાં ફેલાઈ ગયો છે, છતાં આ સંસ્થાના નિર્માતા હેનરી ડ્યૂનાંના જીવનનો અંત ભારે ગરીબીમાં થયો હતો. એમનું અવસાન હોડેન ગામમાં થયું હતું. ઈ.સ. ૧૮૬૭ સુધીમાં પોતાના મહાન આદર્શોના કારણે અપાર સંપત્તિના માલિક હેનરી ડ્યૂનાં એકદમ દેવાબિચા બની ગયા. એમણે સોસાયટીમાંથી પણ રાજીનામું આપી દીધું હતું.

ઈ.સ. ૧૯૦૧માં હેનરી ડ્યૂનાં તથા ફ્રાંસીસી રેડક્રૉસ સંસ્થાના જન્મદાતા ફ્રેડરિક પાસીને નોબેલ શાંતિપુરસ્કાર આપવામાં આવ્યો. ડ્યૂનાંએ પુરસ્કારની તમામ રકમ રેડક્રૉસને દાનમાં આપી દીધી. ઈ.સ. ૧૯૧૦માં એક નાનકડા ગામ હોડેનમાં હેનરી ડ્યૂનાંનું મૃત્યુ થયું.

૮ મે ડ્યૂનાંનો જન્મદિવસ છે. આ દિવસનો આ મહાન સંદેશ છે કે દુનિયાના તમામ લોકો પરસ્પર ભાઈ-ભાઈ છે. એ આનંદની વાત છે કે ડ્યૂનાંના પવિત્ર આદર્શોએ આજે આખી દુનિયાના લાખો લોકોને એકતાના તાંતણે બાંધી રાખ્યા છે. સાચું પૂછો તો રેડક્રૉસ માનવીય ઇતિહાસમાં એક અદ્‌ભુત વૈશ્વિક પરિવાર છે, જે તમામ પ્રકારના ભેદભાવોથી અલિપ્ત છે. આ વૈશ્વિક પરિવાર વિશ્વને હમેશાં શાંતિ તથા માનવ-સેવાનો સંદેશ આપતો રહેશે.

નારાયણ ગુરુ

સાચા હૃદયમાંથી નીકળેલી વાતો



છેલ્લાં હજારો વર્ષથી ભારતમાં જાતિપ્રથાએ પોતાનાં મૂળ જમાવેલાં છે. શિક્ષણના વ્યાપની સાથે-સાથે લોકોમાં થોડીઘણી ઉદારતા આવી છે, પણ આજેય લોકો — મોટાભાગે ઉચ્ચ વર્ણના લોકો જાતિભાવમાં પોતાનું ગૌરવ પોતાના વ્યવહારમાં કોઈ ને કોઈ રીતે છલકાવી જ દે છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એવા અનેક મહાપુરુષો થયા જેમણે પોતાનું આખું જીવન જ જાતિ-પ્રથા જેવા ભયંકર સામાજિક દૂષણને ડામવામા લગાવી દીધું. પેરિયાર રામાસ્વામી, જ્યોતિબા ફુલે, ડૉ. આંબેડકર, મહાત્મા ગાંધી તથા નારાયણ ગુરુ એવા જ તારલા છે, જેમણે ભેદભાવથી અલિપ્ત રહીને સમાન ભાવવાળા સમાજના નિર્માણ માટે મોટું કામ કર્યું.

એમ તો આખા ભારતમાં જ જાતિપ્રથાનું દૂષણ ફેલાયેલું છે, પરંતુ કેરળ જેવા પ્રદેશમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એ પોતાની ચરમ સીમા પર હતું. તે સમયે બ્રાહ્મણોને સમાજમાં સૌથી ઉચ્ચ સ્થાન મળ્યું હતું. કહેવાતી નીચી જાતિના લોકો તેઓની સામે ઊભા રહીને વાત કરી શકતા નહોતા. પુરડ વન્નન નામની નીચી જાતિના લોકોની તો એટલી દુર્દશા હતી કે એમનો ચહેરો જોઈ લેવા માત્રથી કોઈ બ્રાહ્મણ અપવિત્ર થઈ જતો હતો. આથી પુરક વન્નન જાતિના લોકોને અત્યંત તુચ્છકારપૂર્વક જોવામાં આવતા હતા. માત્ર ઊંચી જાતિ અને નીચી જાતિના લોકોમાં જ આવો ભેદભાવ ન હતો, બલકે નીચલા

વર્ણોમાં પણ અનેક ભેદ-ઉપભેદ હતા. તેઓ પણ પરસ્પરને ઘૃણાભાવે જોતા હતા. છતાં છેવટે દશા તો તમામ દલિત લોકોની ખરાબ હતી અને તેઓને પશુઓ કરતાં પણ હલકા ગણવામાં આવતા હતા. નીચ વર્ણના લોકો ન તો મંદિરમાં જઈ શકતા હતા, ન તો એમનાં બાળકો સ્કૂલોમાં ભણી શકતાં હતાં, અને ન તો તેઓ સવર્ણોના કૂવામાંથી પાણી લઈ શકતા હતા. ત્યાં સુધી કે નીચ વર્ણના લોકો ગામની અંદર ઝૂંપડું પણ બનાવી શકતા નહોતા. તેઓ ગામની બહારની પડતર જમીન પર જ ઝૂંપડીઓ બનાવી શકતા હતા. એક રીતે તેઓ જાણે નર્કમાં જીવી રહ્યા હતા.

આવી જ સામાજિક વિષમતામાં જકડાયેલા વાતાવરણમાં ચેંપપંતિ ગામમાં એક ગરીબ પરિવારમાં ૩ સપ્ટેમ્બર, ૧૮૫૪ના દિવસે નારાયણ ગુરુનો જન્મ થયો. નારાયણ ગુરુનો જન્મ ઇજવા જાતિમાં થયો હતો, જે નીચ જાતિ ગણાય છે. કહેવાય છે કે તે સમયે કેરળમાં ઇજવા જાતિના લોકો બ્રાહ્મણોથી થોડું અંતર રાખીને જ ચાલતા હતા, કેમકે એમના સ્પર્શથી પણ બ્રાહ્મણો અપવિત્ર થઈ જતા હતા. નારાયણ બાળપણથી જ વાંચવા-ભણવામાં કુશાગ્ર બુદ્ધિના હતા. ખૂબ ખંતથી એમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને પછી સંસ્કૃતના જ શિક્ષક બની ગયા, પરંતુ નારાયણ ગુરુને ભણાવવાનું ગમ્યું નહીં. તેઓ પોતાની ચારે બાજુ ફેલાયેલા ભેદભાવ તથા સ્પૃશ્ય-અસ્પૃશ્યથી અત્યંત બેચેન રહ્યા કરતા હતા. તેઓ કંઈક કરવા માગતા હતા, જેથી જાતિપ્રથા અને અસ્પૃશ્યતાનાં પ્રેતોથી સમાજ મુક્ત થઈ શકે અને બંધનમુક્ત જીવન જીવે.

યુવાવસ્થામાં જ સાંસારિક બંધનોમાં બંધાવાના બદલે નારાયણ ગુરુ સાચા માર્ગની શોધમાં સાધુ-સંતોની સંગતમાં રહેવા લાગ્યા. યોગીઓ જેવું જીવન જીવવા લાગ્યા. પછી કોઈ યોગિનીનો ઉપદેશ પામીને એમણે લોકોમાં ચેતના ફેલાવવાનું કાર્ય શરૂ કર્યું. સર્વપ્રથમ સંદેશ એમણે 'અરુવિપ્પુરપ' નામના સ્થળેથી આપ્યો. ધીમે-ધીમે નારાયણ ગુરુની વાતોની અસર લોકો પર થવા માંડી. વાત સવર્ણ જાતિના લોકો સુધી પણ પહોંચી. તેઓમાંથી પણ કેટલાક લોકો નારાયણ ગુરુની વાતોને સમજવા લાગ્યા.

નારાયણ ગુરુનો સંદેશ હતો કે મનુષ્યજાતિ એક છે, ઊંચ-નીચની વાતો નકામી છે. તમામ માણસો એક જ પ્રભુનાં સંતાન છે. નાનું-મોટું કોઈ નથી. તમામ ધર્મ એક જ ઈશ્વર ભણી લઈ જાય છે. તમામ ધર્મ આપણને શીખવે છે, 'તમસો મા જ્યોતિર્ગમય'. તો પછી ઝઘડો શેનો છે? કોણ નાનું, કોણ મોટું આ નક્કી કરનારા આપણે કોણ છીએ? દરેકમાં એ જ ઈશ્વરનો અંશ છે, એટલે કોઈનું પણ અપમાન કરવું ન જોઈએ. પરસ્પર અદ્ભાવ વધારવા માટે એમણે સમૂહ ભોજન-સમારંભોને પ્રોત્સાહન આપ્યું, જ્યાં તમામ જાતિઓના લોકો ભેગાં બેસીને એક સરખું ભોજન કરે, જેથી ભાઈચારો વધે. તે સમયના હિસાબે એમણે એક ક્રાંતિકારી પગલું એ ઉઠાવ્યું કે લોકોને આંતર્જાતીય લગ્નો માટે પ્રોત્સાહિત કર્યા, જેથી જાતિપ્રથાનાં બંધનોની તાકાત ઓછી થાય અને લોકોનું હળવું-મળવું પ્રગાઢ બને.

નારાયણ ગુરુનું બીજું એક કામ ઘણું મોટું હતું, તે હતું મંદિરોનું નિર્માણ. અને આ મંદિરો તમામના માટે ખુલ્લાં હતાં. એમાં કોઈ આડંબર નહોતો. કોઈ વિધિ-વિધાનથી પૂજા-પદ્ધતિઓ નહોતી. બલકે સહજ ભાવે દરેક જણ પોતાના ઈશ્વરનાં દર્શન કરી શકતું હતું. આ મંદિરોમાં કોઈ બ્રાહ્મણ જ પૂજારી હોય તે જરૂરી નહોતું, બલકે સ્વચ્છ તથા શુદ્ધ જીવન ગાળનારી કોઈ પણ જાતિની વ્યક્તિ પૂજારી થઈ શકતી હતી. કર્મકાંડ તથા ધાર્મિક આડંબરોમાં નારાયણ ગુરુને બિલકુલ વિશ્વાસ નહોતો. એમનું વ્યક્તિત્વ એટલું પ્રખર હતું કે એમની વાતનો વિરોધ કરવાની હિંમત ઉચ્ચવર્ણના મોટા લોકોમાં પણ નહોતી. નારાયણ

જે પણ કહેતા હતા. અંદરના સાચા આવેગથી કહેતા હતા. તમામ ધર્મોની આંતરિક કડવાશને દૂર કરવા માટે એમણે 'અલવાય'માં એક અદ્વૈત આશ્રમની સ્થાપના કરી. અહીં જ એમણે એક સર્વધર્મ સમ્મેલન પણ કરાવ્યું હતું, જેમાં તમામ ધર્મોની સારી-સારી બાબતો આગળ લાવવામાં આવી. આ સમ્મેલનનો સાર એ જ હતો કે તમામ ધર્મો મનુષ્યને અંધકારમાંથી કાઢીને પ્રકાશ તરફ લઈ જાય છે. આથી કોઈ ધર્મ નાનો કે મોટો નથી. નારાયણ ગુરુનો ઉપદેશ હતો — 'કોઈની જાતિ ન પૂછો, ન તો પોતાની જાતિ બતાવો, અને ન તો એના વિશે વિચારો.'

પોતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે એમણે કેરળના સમુદ્રી તટની દૂર-દૂર સુધી પગપાળા યાત્રાઓ કરી. આ યાત્રાઓને સંદેશ-યાત્રાઓ પણ કહી શકાય. નારાયણ ગુરુને લોકો મનોમન એક સાચા સંત તથા પૂર્ણ યોગીના રૂપમાં પૂજતા હતા. એમના બે આશ્રમ અતિ પ્રસિદ્ધ છે. એક તો તિરુવાંકુરની પાસે 'વસ્કલ'માં છે અને બીજો અલવાયમાં 'અદ્વૈત આશ્રમ'. લોકો દૂર-દૂરથી આ આશ્રમોમાં નારાયણ ગુરુનાં દર્શન માટે એ રીતે જાય છે, જાણે કોઈ તીર્થસ્થાનની યાત્રા કરવા જઈ રહ્યા હોય.

નારાયણ ગુરુને સંસ્કૃત ભાષા તથા સંસ્કૃત સાહિત્યનું વિશદ જ્ઞાન તો હતું જ, સાથે જ કેરળમાં જન્મવાના કારણે મલયાલમના તેઓ પ્રકાંડ વિદ્વાન હતા. તમિળનું પણ એમને સારું જ્ઞાન હતું. એમણે પોતાના પ્રદેશની પ્રજા માટે 'તિરુકુરલ' તથા 'ઓજિવિલ ઉડુક્કમ' નામના તમિળના મહાન ગ્રંથોનો મલયાલમમાં અનુવાદ કર્યો, જેથી આ મહાન ગ્રંથો સર્વ સામાન્યની સમજમાં આવી શકે. મલયાલમમાં રચિત 'આત્મોપદેશ શતકમ્' નામનું પુસ્તક તો સર્વ સુલભ છે. આ પુસ્તકમાં મનુષ્ય પોતાના પર કાબૂ રાખીને અન્યો સાથે કેવી રીતે વ્યવહાર કરે, તેનું શિક્ષણ સરળ ભાષામાં આપવામાં આવ્યું છે.

દેખાવમાં નારાયણ ગુરુ તદ્દન સામાન્ય ભારતીય જેવા જ હતા, પરંતુ એમની આંખોમાં અદ્ભુત તેજ હતું. સામેનો માણસ તેનાથી સહજ જ આકર્ષિત થઈ જતો હતો. નારાયણ ગુરુ ટોળું ભેગું કરીને, ભાષણ આપીને પ્રચાર નહોતા કરતા, બલકે તેઓ તો જાતે જ પગે ચાલીને વ્યક્તિ-વ્યક્તિનો સંપર્ક કરતા હતા. લોકો જાતે જ એમનાથી મોહિત થઈને એમની પાછળ-પાછળ જતા હતા તથા એમનું ધ્યાન રાખતા હતા. કેરળમાં રૂઢિઓમાં જકડાયેલા, જાતિ-પ્રથા તથા અસ્પૃશ્યતાથી ગ્રસ્ત સમાજના માટે આટલું મોટું કામ કરવા છતાં તેઓ વિનમ્રતાથી કહેતા હતા, 'હું જીવનમાં કંઈ કરી ન શક્યો.'

૧૯૨૮માં ૭૪ વર્ષની ઉંમરે નારાયણ ગુરુ બ્રહ્મલીન થઈ ગયા. આજે નારાયણ ગુરુ તો આપણી વચ્ચે નથી, પરંતુ કેરળની જનતાએ પોતાના આ મહાન ગુરુની યાદમાં અનેક સ્કૂલો, કૉલેજો તથા હૉસ્પિટલો ખોલીને એમના વિચારોને આજે પણ જીવિત રાખ્યા છે.

મહર્ષિ કર્વે

સ્ત્રીઓમાં જાગૃતિ તથા શિક્ષણનું મિશન



ભારતમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તથા ૨૦મી સદીના પ્રારંભમાં જે લોકોએ સ્ત્રીઓના ઉત્થાન અંગે વિચાર્યું અને પછી પોતાના ચિંતનને સાકાર સ્વરૂપ પણ આપ્યું, તેઓમાં મહર્ષિ કર્વેનું નામ આગળપડતું છે. સ્ત્રીશિક્ષણ વિના સ્ત્રીના ઉત્થાન અંગે વિચારી જ ન શકાય. શિક્ષણ જ તે જ્યોતિ છે, જે તેઓને અજ્ઞાનના અંધકારમાંથી બહાર લાવીને પુરુષ સમોવડી બનાવવાનું સામર્થ્ય પેદા કરે છે. સ્ત્રીઓ પુરુષોના સમાન બનશે, ત્યારે જ તો ગૃહસ્થીની ગાડી બરાબર ચલાવી શકશે. ભણશે-લખશે તો આખા પરિવારને શિક્ષિત બનાવવાની ચેતના તેઓમાં આવશે. પોતાની ઉપર થતા અત્યાચારોને સમજી શકશે તથા તેમનો પ્રતિકાર કરવાની ક્ષમતા તેઓમાં આવશે. એટલું જ નહીં, તેઓ પોતાની જાતને સમાજનો એક મહત્ત્વપૂર્ણ તથા અનિવાર્ય એકમ સાબિત કરી શકશે. આ જ બધી બાબતો પર ઊંડાણથી ચિંતન કરીને, મહર્ષિ કર્વેએ પોતાનું આખું જીવન મહિલા-શિક્ષણના ક્ષેત્રમાં નક્કર કાર્ય કરવામાં સમર્પિત કરી દીધું.

મહર્ષિ કર્વેનો જન્મ ૧૮ એપ્રિલ, ૧૮૫૮ના રોજ મહારાષ્ટ્રના મુરુડ નામના ગામમાં થયો. એમનું આખું નામ કેશવ કર્વે હતું. પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હતી. પરંતુ બાળપણથી મહર્ષિ કર્વેએ ક્યારેય મુશ્કેલીઓ સામે હાર ન સ્વીકારી, ત્યાં સુધી કે પોતાના

પ્રયત્નમાં નિષ્ફળ નીવડવા છતાં પણ તેઓ ક્યારેય દુ:ખી થતા નહોતા. જે કામની ધૂન ચડતી, તેને પૂર્ણ કરીને જ તેઓ જંપતા હતા. શરીરથી નિર્બળ હોવાના કારણે તેઓ પોતાની ઉંમર કરતાં પણ નાના લાગતા હતા, જેનું પરિણામ એમને ૧૭ વર્ષની ઉંમરે સહન કરવું પડ્યું. પોતાની ઉંમર કરતાં ઘણા નાના દેખાવાના કારણે એમને બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં ન આવ્યા. ભલે ને તેઓ પોતાના ગામ મુરુડથી એકસો દસ માઈલ પગપાળા ચાલીને સતારામાં પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા. એ બાબત કોઈ તપસ્યાથી નાની ન હતી. પણ પ્રશંસાના બદલે અસફળતા જ મળી. તોપણ તેઓ નાસીપાસ ન થયા. તે વર્ષનો ઉપયોગ એમણે અંગ્રેજી ભાષા શીખવામાં કર્યો અને પછીથી તેમાં ઘણી બધી યોગ્યતા મેળવી લીધી. ઈ.સ. ૧૮૮૪માં મુંબઈ વિશ્વવિદ્યાલયમાં બી.એ.ની પરીક્ષા પાસ કરી. એમનો પ્રિય વિષય ગણિત હતો.

સામાજિક દંભો, જેમ કે જન્મદિવસ પર ભોજન-સમારંભો, કોઈના મૃત્યુ પર સામૂહિક ભોજન-સમારંભ કે અન્ય સમારંભોમાં ઢોલ-નગારાં પર ખર્ચ કરવો મહર્ષિ કર્વેને જરા પણ ગમતું ન હતું. પોતાના એકમાત્ર પુત્ર રઘુનાથના મુંડન-સંસ્કાર વખતે ઘરનાંઓની ખૂબ ઇચ્છા હોવા છતાં એમણે કોઈ સમારંભ કરવા ન દીધો. તેના બદલે ૩૦૦ રૂપિયા પોતાના ગામના વિકાસ માટે બનેલા કોષમાં દાન કર્યા. એ જ પ્રમાણે પત્નીના મૃત્યુ પર પણ કોઈ જમણવાર ન ગોઠવ્યો, બલકે તેના નિમિત્તે ૫૦૦ રૂપિયા ગામના કોષમાં જમા કરાવી દીધા. પત્ની સાથે તેઓ અંતરના ઊંડાણથી જોડાયેલા હતા, આથી જ તેની યાદમાં પોતાના તરફથી એક શિષ્યવૃત્તિ શરૂ કરી, જેથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી શકે.

મહર્ષિ કર્વેના સમયે હિંદુ સમાજમાં વિધવાઓની સ્થિતિ અત્યંત દયનીય હતી. એમના વાળ મુંડાવીને એમને ઘરની એક ઓરડીમાં જ સીમિત કરી દેવામાં આવતી હતી. જીવન-પ્રવાહથી પૂર્ણપણે કાપીને, મૃત્યુપર્યંત પોતાના દિવસો પૂરા કરવા માટે ત્યજી દેવામાં આવતી હતી. મહર્ષિ કર્વેનું મન વિધવાઓની આ દશા જોઈને વ્યગ્ર બની ગયું. સર્વપ્રથમ તો એમને એ જ સૂઝયું કે એક વિધવા-વિવાહ સંઘ રચવામાં આવે. એમની ઇચ્છા હતી કે વિધવાનાં લગ્ન કરીને તેને ફરીથી જીવનની ધારામાં સરળતાથી લાવી શકાય છે. પણ તેમાં સૌથી મોટી તકલીફ એ હતી કે મોટાભાગની સ્ત્રીઓ કોઈ પણ કિંમતે પુનર્લગ્ન કરવા માગતી ન હતી. હજારો વર્ષના સંસ્કાર એવા હતા કે એક જીવનમાં પતિ તો એક જ હોય. ત્યારે મહર્ષિ કર્વેએ બીજો ઉપાય વિચાર્યો કે જો એમને એકલાં જ, એટલે પતિ વિના જ જીવન ગાળવું હોય તો તેઓને ભણાવીને એટલાં સમર્થ બનાવી દેવાય, જેથી કોઈના પર પણ નિર્ભર ન રહેતાં, તેઓ પોતે જ પોતાના પગ પર ઊભાં થઈ શકે. પોતાનો તથા પોતાનાં બાળકોનો બોજ જાતે ઉઠાવી શકે તથા સન્માનભેર જીવી શકે. એમના આ વિચારને વિધવાઓ તથા બાકીના સમાજના લોકોનું પણ ભરપૂર સમર્થન મળ્યું. હવે તેઓ પૂર્ણપણે આ કામમાં મંડી પડ્યા.

મહર્ષિ કર્વે કેવળ વિચારોથી જ ક્રાંતિકારી નહોતા, બલકે પોતે તેના પર અમલ કરીને પણ બતાવતા હતા. એવું જ ક્રાંતિકારી પગલું હતું ૧૧ માર્ચ, ૧૮૯૩ના રોજ ગોડુબાઈ નામની વિધવા સાથે લગ્ન કરવાનું. તેના માટે તેઓને થોડો સમય સામાજિક બહિષ્કાર પણ સહન કરવો પડ્યો. પરંતુ મહર્ષિ કર્વે જે પગલું ઉઠાવતા હતા, તેમાં પાછી પાની નહોતા કરતા.

સ્ત્રીઓને સક્ષમ બનાવવાની શરૂઆત એમણે ઈ.સ ૧૮૯૬માં અનાથ બાળાઓ માટે એક આશ્રમ ખોલીને કરી. આ કામ માટે એમણે ખૂબ જહેમતપૂર્વક પગપાળા ફરી-

ફરીને ફાળો એકત્ર કર્યો. થોડું ધન ભેગું થતાં, પુણેની પાસે હિંગણેમાં એક નાનકડો અનાથાશ્રમ બનાવવામાં આવ્યો. આ આશ્રમમાં શરૂઆતમાં માત્ર આઠ વિધવાઓ તથા બે છોકરીઓ હતી. મહર્ષિ કર્વે દિવસે કૉલેજની નોકરી કરતા અને સવાર-સાંજ આશ્રમમાં ભણાવતા હતા. પહેલું મહિલા વિદ્યાલય ખોલવાનું એમનું સ્વપ્ન ૪ માર્ચ, ૧૯૦૭ના રોજ પૂર્ણ થયું, જ્યારે એમણે મહિલા વિદ્યાલયની શરૂઆત કરી. ૧૯૧૧ સુધીમાં વિદ્યાલયનું પોતાનું મકાન બંધાઈને તૈયાર થઈ ગયું. શરૂઆત તો એમણે જાતે જ ભણાવવાથી કરી હતી, પણ ધીમે-ધીમે એમની સાથે બીજા લોકો પણ જોડાતા ગયા. મહર્ષિ કર્વે પુણેની સૌથી મોટી કૉલેજ ફર્ગ્યુસન કૉલેજમાં ૨૩ વર્ષ પ્રાધ્યાપક રહીને નિવૃત્ત થયા હતા. આથી હજારો વિદ્યાર્થીઓ તેમના પ્રત્યે આદરભાવ રાખતા હતા તથા એમનો યથાસંભવ સહયોગ કરવામાં પણ અચકાતા નહોતા.

મહિલાઓને આગળ વધતી તથા સમર્થ બનતી જોઈને તથા તેઓના સ્વાભિમાનથી દમકતા ચહેરા જોઈને મહર્ષિ કર્વેને અપાર સંતોષ મળતો હતો. છતાં હજી પણ તેમના મનમાં એક ઇચ્છા ઉછાળા મારી રહી હતી. તેઓ ભારતમાં પણ એક એવું વિશ્વવિદ્યાલય બનાવવા માગતા હતા, જે કેવળ મહિલાઓ માટે જ હોય. એમણે પોતાના એક મિત્ર પાસેથી સાંભળ્યું હતું કે જાપાનમાં કેવળ મહિલાઓ માટે એક વિશ્વવિદ્યાલય છે. આ વિશ્વવિદ્યાલયની કલ્પનાની પાછળ એમના મનમાં બે બાબતો ઘણી આગળ તરી આવતી હતી. એક તો એ કે સ્ત્રીઓને તેઓની માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે અને બીજું એ કે ચોક્કસ જ કેટલાંક ક્ષેત્રો એવાં છે જેમાં સ્ત્રીઓ પુરુષો કરતાં અનેકગણી કુશળતાથી પોતાની યોગ્યતા સાબિત કરી શકે છે. એમની ઇચ્છા હતી કે એની સાથે તેઓને સામાન્ય શિક્ષણ પણ આપવામાં આવે, કે જે સૌના માટે છે. મહર્ષિ કર્વેના આ વિચારોનું ગાંધીજીએ જોરદાર સમર્થન કર્યું. બસ, હવે તો કામ શરૂ થઈ ગયું. મદનમોહન માલવીયની જેમ મહર્ષિ કર્વેને ફાળા દ્વારા ધન ભેગું કરવામાં જરાપણ સંકોચ ન હતો. તેઓ માનતા હતા કે કોઈ પણ સારા કામ માટે બીજાનો સહયોગ સંકોચાયા વિના લઈ લેવો જોઈએ. એ જ દિવસોમાં મુંબઈના એક ઘણા મોટા ઉદ્યોગપતિ સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસીએ આ વિશ્વવિદ્યાલયના નિર્માણ માટે પંદર લાખ રૂપિયા દાનમાં આપ્યા. અત્યાર સુધીમાં મળેલી આ સૌથી મોટી રકમ હતી. આથી એમની માતા શ્રીમતી નત્થીબાઈના નામ પર, આ મહિલા વિશ્વવિદ્યાલયનું નામ શ્રીમતી નત્થીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિશ્વવિદ્યાલય રાખવામાં આવ્યું. જે એસ.એન.ડી.ટી.ના નામથી આજે પણ મુંબઈ શિક્ષણ જગતમાં પોતાનું અગ્રીમ સ્થાન ધરાવે છે.

મહિલાઓની સાથોસાથ મહર્ષિ કર્વેએ મહારાષ્ટ્રનાં ગામડાંમાં પણ શિક્ષણપ્રસારનું બીડું ઝડપ્યું. એમણે સર્વપ્રથમ સ્કૂલ પોતાના ગામમાં ખોલી, અને દર મહિને ૧૫ રૂપિયા આ સ્કૂલ માટે આપતા હતા. પછી ધીમે-ધીમે એવી ચાળીસ સ્કૂલો ખૂલી ગઈ. દેશના આઝાદ થવા પર સરકારે જ આ યોજનાને પોતાના હસ્તક લીધી, બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય, પુણે વિશ્વવિદ્યાલય તથા એસ.એન.ડી.ટી. વિશ્વવિદ્યાલયે પોતપોતાની માનદ્ પદવીઓ આપીને મહર્ષિ કર્વેનું બહુમાન કર્યું. ૧૯૫૮માં એમને ભારત સરકાર તરફથી 'ભારત રત્ન'નો ઇલ્કાબ આપવામાં આવ્યો, જેના તેઓ સાચા હકદાર હતા. તેઓ ૧૦૪ વર્ષનું નિરંતર સક્રિય જીવન જીવ્યા હતા. ૯ નવેમ્બર, ૧૯૬૨ના રોજ ભારતના આ મહાન પનોતા પુત્ર હંમેશના માટે આપણને છોડી ગયા.

મહાત્મા હંસરાજ

હું પાયાનો પથ્થર છું



એક વાર એક શેઠ કૉલેજના પ્રિન્સિપાલને મળવા ગયો. તેણે ધાર્યું હતું કે પ્રિન્સિપાલ ખૂબ ઠાઠ-માઠવાળા તથા રૂઆબદાર હશે. આલીશાન ઘરમાં રહેતા હશે. પણ તેણે જ્યારે જોયું કે બે ઓરડીના એક મામૂસી મકાનમાં, તેઓ એક સાધારણ પાટ પર ફાટેલી ધાબળી સોઢીને કંઈ લખી રહ્યા છે, તો તે વિસ્મય પામ્યો. બીજા દિવસે તે પશ્મીનાની બે શાલ લઈને આવ્યો અને પ્રિન્સિપાલને આગ્રહ કર્યો કે તેઓ આનો સ્વીકાર કરે. પ્રિન્સિપાલ સાહેબે સ્પષ્ટ ના પાડી દીધી. પરંતુ હા, શેઠના ઘણા આગ્રહ કરવા પર તેને કૉલેજના કોષમાં જમા કરી દેવાની સલાહ આપી. શેઠ આશ્ચર્ય પામ્યો, રાજી પણ થયો, એટલા માટે કે માણસના રૂપમાં આજે તેણે ખરેખર એક દેવદૂત સાથે મુલાકાત કરી હતી! 'સાદું જીવન ઉચ્ચ વિચ્ચાર'નો આવો મહાન આદર્શ ધરાવનારા હતા મહાત્મા હંસરાજજી.

૧૯મી સદીના અંતમાં સંપૂર્ણ ભારતમાં કોઈ ને કોઈ રૂપે સ્વતંત્રતાનો જુવાળ ચાલી રહ્યો હતો. અંગ્રેજોની વિરુદ્ધ આ સંગ્રામ ખાસ કરીને, બે મોરચે ચાલી રહ્યો હતો. એક

બાજુ અંગ્રેજો સાથે સીધો મોરચો લઈને લડનારા સ્વાધીનતા સેનાનીઓ હતા. બીજો માર્ગ લાંબો હતો, પણ હતો ખૂબ દૃઢ. તે હતો દેશના કરોડો-કરોડો લોકોને અંગ્રેજોના અત્યાચારો પ્રત્યે જાગૃત કરવા. તેઓમાં રાષ્ટ્રીય સ્વાભિમાન તથા રાષ્ટ્રીય ગૌરવની ભાવના જગાવવી. આ કાર્ય સમાજ-સુધારના કાર્યક્રમ દ્વારા જ થઈ શકતું હતું. સમાજ-સુધાર પણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે લોકો તેને અપનાવવા માટે તૈયાર હોય. લોકોમાં શિક્ષણનો પ્રસાર કરીને જ સાચો સમાજ-સુધાર થઈ શકતો હતો. આ ક્ષેત્રમાં શિવરામ આપ્ટે, મહર્ષિ કર્વે, સર ગંગારામ, જ્યોતિબા ફુલે તથા મહાત્મા હંસરાજ જેવા અનેક એવા મહાનાયક થઈ ગયા, જેમણે પોતાનું આખું જીવન દેશના વિકાસ માટે, દલિતો તથા મહિલાઓને શિક્ષિત કરવામાં તથા જન-જનને સચેત કરવામાં લગાવી દીધું. આજે આખા દેશમાં ડી.એ.બી. સ્કૂલો તથા કૉલેજોમાં જે લાખો બાળકો શિક્ષણ લઈ રહ્યા છે, તેમની પાછળ જે ઊર્જાવાન વ્યક્તિત્વ છે, જેણે ખરેખર પાયાની ઈંટનું કામ કર્યું તે મહાત્મા હંસરાજ જ હતા. તેમણે ધાર્યું હોત તો નેહરુ તથા પટેલની જેમ ઘણા મોટા રાજનેતા પણ બની શક્યા હોત, પરંતુ એમનું કહેવું હતું — ‘હું પાયાનો પથ્થર છું. રચનાત્મક કાર્યમાં લાગેલો છું અને હમેશાં એમાં જ લાગ્યો રહીશ.’ ગીતાનો પ્રસિદ્ધ શ્લોક ‘કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન’ મુજબ આચરણ કરીને, એમણે સંપૂર્ણ જીવન ફળ વિના કે પુરસ્કારની અપેક્ષા રાખ્યા વિના, દેશના ખૂણા-ખૂણામાં ડી.એ.બી. શિક્ષણ-સંસ્થાઓ ખોલવા તથા તેમને સુચારુરૂપે ચલાવવાના ભારે કામમાં લગાવી દીધું.

પંજાબના હોશિયારપુર જિલ્લામાં બજવાડા નામનો એક કસ્બો છે. ત્યાં જ ૧૯ એપ્રિલ, ૧૮૬૪ના રોજ લાલા ચુનીલાલના ઘરે હંસરાજજીનો જન્મ થયો. તે એક ગરીબ પરિવાર હતો. સ્કૂલ ઘરથી ઘણે દૂર હોવા છતાં, તે સમયે અન્ય બાળકો જતાં હતાં તે પ્રમાણે હંસરાજ પણ પગપાળા જતા હતા. પરંતુ ઉનાળામાં જમીન તપી જતાં પગ બળતા, ત્યારે ઘરે પાછા ફરવું અતિ મુશ્કેલ થઈ પડતું હતું. તેમ છતાં એમણે ભણવા પ્રત્યે ક્યારેય આળસ ન બતાવી. બાળપણથી જ તેઓ અભ્યાસમાં ઘણા તેજસ્વી હતા. બાર વર્ષની વયમાં જ તેઓ ગણિતમાં અત્યંત હોશિયાર હતા. એક સમયની વાત છે, એમને ગણિતનું એક પુસ્તક ખરીદવાનું હતું. દુકાનદારે મજાકમાં બાળક હંસરાજને કહ્યું કે તે જો એક અઘરા સવાલને ઉકેલી આપે તો ચોપડી મફત મળી જશે. હંસરાજે તે સવાલ મિનિટોમાં ઉકેલી આપ્યો અને એમને ગણિતની ચોપડી મફતમાં મળી ગઈ. ૧૮૮૫માં એમણે બી.એ. કર્યું ત્યારે આખા પંજાબમાં એમને બીજું સ્થાન મળ્યું, જે તે સમયે ભારે સન્માનની વાત હતી.

લાહોરમાં ભણતાં-ભણતાં જ હંસરાજજી ઉપર સ્વામી દયાનંદના વિચારોનો ઘણો ઊંડો પ્રભાવ પડ્યો. તે દિવસોમાં દેશમાં ઠેર-ઠેર આર્યસમાજ મંદિર ખૂલી રહ્યાં હતાં, જ્યાં લોકો યજ્ઞાદિ કરતા અને પછી દેશ તથા સમાજની વર્તમાન સ્થિતિ પર ઊંડી ચર્ચા-વિચારણા ચલાવતા હતા. એમના માટે જાણે આર્યસમાજ સંસ્થા એક ચોક્કસ સ્થાનના રૂપમાં સામે આવી, જ્યાં તેઓ ચિંતન-મનન કરતા તથા સમાજમાં ચેતના જગાવવાની યોજનાઓ બનાવીને તેને પૂર્ણ કરવામાં લાગી જતા હતા. આર્યસમાજી સંસ્થાઓથી સમાજમાં ધીમે-ધીમે એક નવો જ ભાઈચારો વધી રહ્યો હતો. આર્યસમાજી હોવાનો અર્થ હતો ઉદાર વિચારવાદી, વિવેકશીલ વ્યક્તિ. તે સમયે આર્યસમાજી હોવું મોટા સન્માનની વાત ગણાવા માંડી હતી.

હંસરાજજી પણ તે જ વિચારોથી રંગાયા હતા તથા કંઈ નક્કર કાર્ય કરવા માટે વિચારી રહ્યા હતા. તેવા જ સમયમાં ૩૦ ઑક્ટોબર, ૧૮૯૩ના રોજ વિષ અપાવાના

કારણે મહર્ષિ દયાનંદનું દેહાવસાન થઈ ગયું. હંસરાજજીના માટે આ ઘટના એક તીવ્ર વ્યક્તિગત આઘાતથી ઓછી નહોતી. સ્વામી દયાનંદના નિધન પછી આર્યસમાજ, લાહોરની સભામાં એવું નક્કી થયું કે સ્વામી દયાનંદની સ્મૃતિમાં દયાનંદ એંગ્લો-વૈદિક સ્કૂલ તથા કૉલેજ બોલવામાં આવે, જેમાં ભારતીય તથા પાશ્ચાત્ય બંને શિક્ષણપદ્ધતિઓનો મેળ હોય. આ કાર્ય માટે આઠ લાખ રૂપિયા ફાળો ભેગો કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું. પણ કેવળ દસ હજાર રૂપિયા જ ભેગા થઈ શક્યા. એ બાબતથી હંસરાજજીને ભારે દુઃખ થયું કે કેવળ પૈસાના અભાવે સ્વામી દયાનંદની સ્મૃતિમાં ખૂલનારી સ્કૂલ તથા કૉલેજ હવે નહીં ખૂલશે. એમણે એ જ ક્ષણે નિર્ણય લીધો કે તેઓ ડી.એ.બી. સ્કૂલના બિનપગારદાર પ્રધાનાચાર્ય બનવા માટે તૈયાર છે. આ આશયનો એક પત્ર એમણે લાહોર આર્યસમાજ સભાને મોકલી આપ્યો.

તે પહેલાં એમણે પોતાના મોટાભાઈ પાસેથી આ માર્ગ પર ચાલવા માટેની મંજૂરી લઈ લીધી હતી. એમણે પોતાના મોટાભાઈ મૂલરાજને કહ્યું — ‘એ અત્યંત દુઃખની વાત છે કે પૈસાના અભાવે દયાનંદ કૉલેજ શરૂ થઈ શકતી નથી. હું કૉલેજ ચલાવવા માટે મારું જીવન અર્પણ કરવા માગું છું. મારી ઇરછા છે કે એક પણ પૈસો લીધા વિના, કૉલેજને મારું જીવન-દાન કરી દઉં. પરંતુ આ કાર્ય તમારી સહાયતા વિના ન થઈ શકે.’ મોટાભાઈ મૂલરાજે સહર્ષ મંજૂરી આપી દીધી અને હંસરાજજીના પરિવારનો તમામ ખર્ચ વહન કરવાની જવાબદારી પણ માથે લઈ લીધી. ત્યાર પછી તો હંસરાજજીએ ક્યારેય પાછું વળીને ન જોયું.

આર્યસમાજ સભા, લાહોરને જ્યારે હંસરાજજીનો બિનપગારદાર પ્રધાનાચાર્યનું પદ સંભાળવાનો પત્ર મળ્યો, તો તેઓમાં નવો ઉત્સાહ જાગ્યો. એમણે તરત જ લાહોરમાં ૧ જૂન, ૧૮૮૬ના રોજ આર્યસમાજ, લાહોરના ભવનમાં ડી.એ.બી. સ્કૂલ ખોલી નાખી. હંસરાજજી તથા આર્યસમાજના બીજા સભ્યોએ પણ ઘરે-ઘરે જઈને એટલા પ્રેમથી લોકોને પોતાનાં બાળકો આ સ્કૂલમાં મોકલવા માટે પ્રેરિત કર્યા કે એક સપ્તાહમાં જ તે સ્કૂલના વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણસો જેટલી થઈ ગઈ.

૧૮૮૯માં એણે કૉલેજનું રૂપ લઈ લીધું અને ૧૮૯૬ સુધીમાં તો અહીં એન્જિનિયરિંગના વર્ગો પણ શરૂ થઈ ગયા. મહાત્મા હંસરાજના પ્રિય વિષય અંગ્રેજી સાહિત્ય તથા ઇતિહાસ હતા. તેઓ આ બંને વિષય ખૂબ જ રસપૂર્વક ભણાવતા હતા. કૉલેજમાં વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પ્રત્યે પણ ઘણું ધ્યાન અપાતું હતું. તે સમયે પણ રમતોની સ્પર્ધાઓ યોજાતી રહેતી. કૉલેજના પ્રિન્સિપાલ હોવા છતાં મહાત્મા હંસરાજ અત્યંત સાદા મકાનમાં ખૂબ જ સાદું જીવન જીવતા હતા. ખાદીની કફની તથા લેંઘો તથા શિયાળામાં ઝભ્ભા જેવો કોટ. પથારીના નામે લાકડાની પાટ તથા એક જૂનો ધાબળો.

વ્યક્તિ પોતે જ આદર્શનું પ્રતીક બની જાય, તો બીજા લોકો ઘણા જલદી પ્રભાવિત થાય છે. મહાત્મા હંસરાજ પોતે જ નિઃસ્વાર્થ ભાવે સમાજસેવા કરી રહ્યા હતા, ત્યારે એમણે પોતાના જેવા અન્ય પણ સેંકડો સભ્યો ડી.એ.બી. સંસ્થાનોમાં જોડ્યા, જેઓ કેવળ રોજી પૂરતું થોડુંક ધન લઈને આજીવન આ સંસ્થાઓમાં કામ કરતા રહ્યા. તેથી તો આજે પણ આ સંસ્થાઓ સમાજમાં અત્યંત સન્માનપૂર્વક જોવાય છે.

શિક્ષણના પ્રસારની સાથોસાથ હંસરાજની દૃષ્ટિ દેશમાં ફેલાયેલા અસ્પૃશ્યતાના રોગ પ્રત્યે પણ જાગૃત હતી. એક વાર એક ચમાર જાતિના વિદ્યાર્થીના હૉસ્ટેલમાં પ્રવેશ લેવા પર બ્રાહ્મણ રસોઇયાએ તેના માટે ભોજન બનાવવાનો ઇન્કાર કર્યો. ત્યારે મહાત્માજીએ તમામ વિદ્યાર્થીઓને ખૂબ જ સારી રીતે સમજાવ્યું કે તમામ મનુષ્યો સરખા

છે, જાતિ-પ્રથા કોઢ છે. તમામ મનુષ્યો એક જ ઈશ્વરનાં સંતાન છે. આ સાંભળીને બધા વિદ્યાર્થીઓએ પેલા બ્રાહ્મણ રસોઇયાની વિરુદ્ધ હડતાલ પાડી દીધી. આખરે તેણે ઝૂકવું પડ્યું. મહાત્મા હંસરાજે એ પણ સમજાવ્યું કે કોઈ કામ નાનું નથી હોતું, જો તેને ખંતથી કરવામાં આવે તો, ભલે તે ધોબી કે મોચીનું જ કામ કેમ ન હોય.

તે ઉપરાંત દેશમાં જો ક્યાંક દુષ્કાળ કે પૂર જેવી કુદરતી આફતો આવતી, લોકો પરેશાન થતા કે ઘર વિનાના બની જતા, ત્યારે મહાત્મા હંસરાજ તરત જ યથાસંભવ મદદ કરવા માટે તૈયાર રહેતા હતા. વિધવાઓના કલ્યાણ તથા મહિલાઓમાં શિક્ષણ-પ્રસાર માટે પણ એમણે મહત્ત્વનાં કામ કર્યાં. ૭૪ વર્ષની ઉંમર સુધી સક્રિય રહીને તપસ્વી જેવું જીવન જીવીને, ૧૫ નવેમ્બર, ૧૯૩૮ના રોજ મહાત્મા હંસરાજ ચિરનિદ્રામાં પોઢી ગયા. તેઓ પોતાની પાછળ પરંપરાની તેજસ્વી રેખાની જેમ એટલી ડી.એ.બી. સ્કૂલો તથા કૉલેજો છોડી ગયા છે, કે આ શિક્ષણસંસ્થાઓ તેમની સ્મૃતિને ક્યારેય ઝાંખી પડવા નહીં દે.

લિવિંગ્સ્ટન

અંધારી દુનિયાનો દીવો



જ્યારે-જ્યારે વિશ્વની મહાન વ્યક્તિઓનો ઉલ્લેખ થશે, ત્યારે-ત્યારે લિવિંગ્સ્ટનનું નામ પણ જરૂર બોલાશે. એવા દૃઢનિશ્ચયી, બહાદુર તથા સાહસિક માણસ હતા લિવિંગ્સ્ટન. એમણે અસંખ્ય જોખમો સામે લડીને પોતાના જીવનનાં લગભગ ૩૨ વર્ષ આફ્રિકા જેવા વિશાળ મહાદ્વીપને શોધવામાં તથા જાણવામાં લગાવી દીધાં. આફતો આવી, છતાં લિવિંગ્સ્ટનના મજબૂત સાહસોને જોઈને આપોઆપ જાતે જ પીછેહઠ કરતી ગઈ.

ઈંગ્લૅન્ડમાં જન્મેલા લિવિંગ્સ્ટનને બાળપણથી જ લાંબી-લાંબી મુસાફરીઓ કરવાનો શોખ હતો. તેઓ ખૂબ જ રસપૂર્વક દૂર-દૂરના દેશોની યાત્રાઓ કરનારા યાત્રીઓની કથાઓ વાંચતા રહેતા અને વિચારતા — 'હું પણ મોટો થઈને દૂર-દૂરના દેશોની યાત્રાઓ કરીશ.'

તેઓ જ્યારે ૧૯ વર્ષના હતા, ત્યારે જ તેમણે એક ડૉક્ટરની ચીન-યાત્રાની વાત વાંચી, જે એટલી તો રોચક હતી કે એમણે નક્કી કરી લીધું હતું કે તેઓ પણ ડૉક્ટર

બનીને ચીનની યાત્રા કરશે.

પરંતુ લિવિંગ્સ્ટન કોઈ શ્રીમંત બાપના દીકરા તો હતા નહીં, જેને તમામ સુખ-સુવિધા જન્મતાં જ મળી જાય છે. ડૉક્ટરીના અભ્યાસ માટે એમણે જાતે જ નાણાંની વ્યવસ્થા કરવાની હતી. પૈસા કમાવા માટે એમણે એક કાપડની મિલમાં મજૂરી કરી ને પછી તે જ ધન વડે એમણે ડૉક્ટરીનો અભ્યાસ ગ્લાસ્ગો વિશ્વવિદ્યાલયથી પૂર્ણ કર્યો. હવે તેઓ વિચારતા હતા કે ચીનની યાત્રા પર નીકળવાનો સમય આવી ગયો છે. પરંતુ તે જ અરસામાં ચીનમાં યુદ્ધ ફાટી નીકળ્યું અને તેમની યોજના પડી ભાંગી. તેઓ અત્યંત નિરાશ થઈ ગયા, કેમકે એમને બીજા કોઈ દેશ વિશે જાણકારી જ નહોતી, જ્યાં તેઓ જઈ શકે. થોડા સમય પછી એમની મુલાકાત એક ઈસાઈ ધર્મ-પ્રચારક સાથે થઈ, જે આફ્રિકાથી પાછો ફર્યો હતો. તેણે ત્યાંના લોકો વિશે એમને ચિત્ર-વિચિત્ર વાતો સંભળાવી. લિવિંગ્સ્ટન આ બધી વાતો સાંભળીને એટલા મુગ્ધ થયા કે એમણે આફ્રિકા જવાનો જ નિશ્ચય કરી લીધો.

અત્યાર સુધીમાં જે લોકો આફ્રિકાની શોધમાં ગયા હતા, તેઓ કેવળ તેના કિનારાને સ્પર્શીને જ પાછા ફર્યા હતા. અંદર જવાની તેઓની હિંમત ચાલી નહીં. એક તો ત્યાંના નિગ્રો લોકોનો આતંક, જેઓ દેખાવે મજબૂત, કાળા રંગના કદાવર લોકો હતા અને કોઈ અજાણ્યા ઉપર જરાક પણ શંકા જતાં, મારી નાખવામાં તેઓને કોઈ સંકોચ થતો નહોતો. બીજું, એટલાં ગાઢ જંગલ, જ્યાં દિવસે પણ સૂર્યનાં કિરણો ધરતી પર પહોંચી શકતાં નહોતાં. આ જંગલોમાં જાત-જાતનાં ભયંકર જાનવરો — વાઘ, રીંછ, ચિત્તા તથા એવા વિશાળકાય હાથી હતા, જેઓ પોતાની મસ્તીમાં કોઈને પણ કચડી શકતા હતા. એવા દેશને અંદર સુધી જઈને જોવાની ઇચ્છા લિવિંગ્સ્ટનમાં ઉછાળા મારવા લાગી.

લિવિંગ્સ્ટને પોતાની યાત્રા નવેમ્બર, ૧૮૪૦માં શરૂ કરી. જ્યોર્જ નામનું જહાજ લઈને લિવિંગ્સ્ટન આફ્રિકાના દક્ષિણ વિસ્તારમાં ઉત્તમાશા અખાત ભણી ઊપડ્યા. ત્યાંથી તેઓ પોતાના જહાજને ઉત્તર-પૂર્વ ભણી લઈ ગયા. ત્યાં તેઓ અલગોવાની ખાડીમાં પહોંચીને એક કિનારા પર ઊતરી ગયા. આગળનો રસ્તો જમીનનો હતો. તે દિવસોમાં બળદગાડાંથી જ લાંબી લાંબી-મુસાફરીઓ કરવામાં આવતી હતી. તેમણે પણ બળદગાડાથી આગળ જવાની શરૂઆત કરી, તથા ઘણું લાંબું અંતર વટાવીને તેઓ કુરુમાનમાં પહોંચી ગયા, જ્યાં ઈસાઈ મિશનરીનું કાર્યાલય હતું. રસ્તામાં એમણે અનેક મુશ્કેલીઓ સહન કરી. અહીં જ પ્રથમ વાર એમણે શાહમૃગ જોયા. એક દુર્ઘટનામાં તો તેઓ મહામુસીબતે જીવતા બચ્યા. વાસ્તવમાં લિવિંગ્સ્ટન શિકારી પણ હતા. રસ્તામાં તેમનો સામનો એક વાઘ સાથે થયો. એમણે વાઘને ગોળી મારી, પણ તે મર્યો નહીં. ઊલટું તેણે લિવિંગ્સ્ટનના ખભાને કરડી ખાધો. એ તો એમના સાથીઓ હતા, જેમણે તે વાઘને મારી નાખ્યો, બાકી તો તે લિવિંગ્સ્ટનને ખતમ કરી દેત અને તેમની આફ્રિકાની યાત્રાનું સ્વપ્ન મનમાં જ રહી જાત. તેમના આ સાથીઓ આફ્રિકન જ હતા, જેઓ હવે એમના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખતા હતા અને એમને પ્રેમ પણ કરવા લાગ્યા હતા. તેઓને લાગતું હતું, તેઓના ભલા માટે જ તેઓની વચ્ચે કોઈ દેવદૂત આવી ગયો છે. લિવિંગ્સ્ટન તેઓની બીમારીઓનો ઇલાજ કરતા, તેઓને અંધશ્રદ્ધાઓના અંધકારમાંથી બહાર કાઢવાની કોશિશ કરતા અને તેઓને થોડું-ઘણું લખતાં-વાંચતાં પણ શીખવતા. એમની ઉદારતાની સુગંધ દૂર-દૂર સુધી ફેલાઈ ગઈ. તેઓ જ્યાં પણે જતા, લોકો તેમને મદદ કરવા માટે તત્પર રહેતા.

લિવિંગ્સ્ટન કુરુમાનમાં થોડા દિવસ રોકાયા. આગળની મુસાફરી માટે દાણા-

પાણીની વ્યવસ્થા કરી, તથા પોતાના થોડા આફ્રિકી સાથીઓની સાથે આફ્રિકાના એકદમ અંદરના ભાગની યાત્રા માટે નીકળી પડ્યા. મધ્ય આફ્રિકાના લોકો અત્યંત હિંસક તથા જંગલી હતા, પરંતુ લિવિંગ્સ્ટનના મધુર તથા હિતસ્વી સ્વભાવના કારણે તેઓ એમના સહાયક બની ગયા. હવે તેમને તેઓની વચ્ચે કોઈ જાતનો ભય નહોતો. આફ્રિકાના તે ભાગમાં થોડો સમય ગાળીને તેઓ પાછા કૂરુમાન જતા રહ્યા, જ્યાં એમનાં લગ્ન અંગ્રેજ પાદરીની દીકરી સાથે થયાં. તે પણ લિવિંગ્સ્ટનની જેમ જ જિજ્ઞાસુ તથા સાહસી યાત્રી હતી તથા નવા-નવા પ્રદેશોની યાત્રાઓ માટે અત્યંત ઉત્સુક રહેતી હતી. થોડો સમય આરામથી ગાળીને લિવિંગ્સ્ટનના મનમાં આફ્રિકાના સહારાનું રણ જોવાની ઇચ્છા જાગી. તે યાત્રામાં તેમને દાણા-પાણીનો ભયંકર અભાવ સહેવો પડ્યો, છતાં તેઓ હિંમત ન હાર્યા. રસ્તામાં જ એક પ્રકારની ઝેરી માખી, જેનું નામ ટ્સેટ-સી છે, તેનો પણ આ કાફલાને સામનો થયો. તે માખીઓના કારણે તેમના અનેક ઘોડા તથા બળદ મરી ગયા. જોકે તે સમયે દાસપ્રથા હતી, છતાં લિવિંગ્સ્ટન દાસપ્રથાના વિરોધી હતા. તેમણે આ પ્રથાને બંધ કરવા માટે પોતાની સાથેના લોકોમાં ચેતના જગાવવાની ભરપૂર કોશિશ કરી, પણ જ્યારે એના ઘોડા-બળદ મરી ગયા, તો તેમને પણ ગુલામોથી કામ ચલાવવું પડ્યું.

થોડી વધુ યાત્રા કરીને તેઓ જંબેજી નદીના કિનારે પહોંચી ગયા. નદીના કિનારાનાં જંગલોમાં હાથી, વાઘ, ચિત્તા વગેરે ભયંકર પ્રાણીઓ હતાં તથા નદીની અંદર મગરમચ્છ અને દરિયાઈ ઘોડા હતા, નદી વટાવીને તેઓ બલૌદા નામના રાજ્યમાં પહોંચ્યા. ત્યાંના લોકો લગભગ નગ્ન હતા. ત્યાં સુધી કે રાણી પણ. તેમણે પોતાનાં શરીરો ઉપર જાત-જાતના રંગોના લપેડા પણ કર્યા હતા. એવા વિચિત્ર લોકોને જોઈને લિવિંગ્સ્ટન સ્તબ્ધ રહી ગયા.

ત્યાર પછી યાત્રાઓનો થાક તથા વધારેપડતી મુશ્કેલીઓના કારણે લિવિંગ્સ્ટનનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું. છતાં તેમના મનમાં આફ્રિકાની આરપાર જવાની ધૂન સવાર હતી. તેઓ સતત આગળ ધપ્યે જતા હતા. રસ્તામાં મળતા લોકો સાથે તેઓ વાતો કરતા, તેમની ભાષામાં તેમના અંધવિશ્વાસો દૂર કરવાની કોશિશ કરતા તથા તેઓની અંદર જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાની કોશિશ કરતા હતા. એ જ યાત્રામાં તેઓને જંબેસી નામના ઝરણાનાં દર્શન થયાં. તે એટલું વિશાળ હતું તથા પાણી એટલી ઊંચાઈથી તથા એટલી ભયંકર ગર્જનાની સાથે પડતું હતું કે તેઓ આ પ્રાકૃતિક દૃશ્ય જોઈને અંજાઈ ગયા. તેમણે એનું, નામ ‘વિક્ટોરિયાનો ધોધ’ પાડી દીધું. તેના પહેલાં તેઓ થોડા સમય માટે પોતાના દેશ ઇંગ્લૅન્ડ જઈ આવ્યા હતા, પરંતુ એમનું મન તો આફ્રિકામાં જ રહી ગયું હતું. સ્વસ્થ થતાં જ કરી તેઓ આફ્રિકાની યાત્રા પર નીકળી ગયા અને ફરીથી તે જ આદિમ લોકોની વચ્ચે પહોંચી ગયા, જેઓ પાસેથી તેમને આટલી આત્મીયતા મળી હતી.

સમયની સાથે-સાથે હવે તેઓનું શરીર થાકવા લાગ્યું હતું, પરંતુ તેમનામાં ઉત્સાહની જરા પણ ખોટ નહોતી. તેમણે જ્યાં સુધી થઈ શક્યું, આફ્રિકામાં દાસપ્રથા બંધ કરવા માટે લોકોમાં ચેતના ફેલાવવાની ભરપૂર કોશિશ કરી. તેમના અંધવિશ્વાસોને તોડવાની કોશિશ કરી તથા તે જંગલી લોકોને જ્ઞાન દ્વારા સભ્ય બનાવવાની પૂર્ણ કોશિશ કરી.

તેઓ જે લોકોની વચ્ચે કામ કરતા, તેઓ જ તેમના ભણી આકર્ષાઈ જતા હતા અને તેમના આત્મીય બની જતા હતા. એવા જ લોકોની વચ્ચે જ્ઞાનનો પ્રસાર કરતાં-કરતા, અંતે ૧૮૭૩માં લિવિંગ્સ્ટન પોતાની અંતિમ તથા અનંત યાત્રા પર ચાલી નીકળ્યા. પરંતુ જેઓની વચ્ચે એમણે પ્રકાશ ફેલાવ્યો હતો, તેઓ પોતાના આ દેવદૂતના આમ સૌને

છોડીને ચાલી નીકળવા પર અત્યંત દુ:ખી થયા. લિવિંગ્સ્ટનના મૃત્યુ પછી, લગભગ ૮-૯ મહિનાની યાત્રા કરીને શબને લઈને તેઓ આફ્રિકાના પૂર્વ કિનારા પર આવ્યા. ખૂબ સન્માનપૂર્વક તેઓએ લિવિંગ્સ્ટનના શબને ઇંગ્લૅન્ડ મોકલ્યું. પોતાના આ મસીહાને અંતિમ વિદાય આપતી વેળા તેઓ સૌ મૌન હતા ને તેઓની આંખો આંસુથી છલકાતી હતી.

રોબર્ટ ફાલ્કન સ્કોટ

દક્ષિણ ધ્રુવનો અથાક યાત્રી



દુનિયામાં ધૂની લોકોની ખોટ નથી. આ વિશાળ પૃથ્વીના એક-એક તસુની શોધ કરવાની ઇચ્છા મનુષ્યની અંદર હમેશાં આગળ ધપવાની લાલસા પેદા કરતી રહી છે. કેવળ શોધ નહીં કરવી, બલકે મનમાં એવી આકાંક્ષા પણ રાખવી કે સૌથી પહેલાં એનાં જ પગલાં તે અજ્ઞાત ભૂમિ ઉપર પડે, જે આજ સુધી કોઈએ ન જોઈ હોય — એ માણસની ઇચ્છા રહી છે. ઈ.સ. ૧૭૭૩માં કૅપ્ટન કૂક દક્ષિણ ધ્રુવના કિનારા સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો. દક્ષિણ ધ્રુવની યાત્રા કરવા માટે ઇંગ્લૅન્ડના કૅપ્ટન રોસે પણ પ્રયત્નો કર્યા, પરંતુ પોતાની યાત્રા દરમિયાન જ તેને સમુદ્રમાં લગભગ ૪૦૦ માઈલ સુધી બરફ જ બરફ જામેલો દેખાયો, એટલે તે પાછો ફર્યો. આજે પણ તે બરફના સમુદ્રી વિસ્તારનું નામ રોસ બંધ છે.

રોસ પછી ઇંગ્લૅન્ડના જ રોબર્ટ ફાલ્કન સ્કોટ પણ ઈ.સ. ૧૯૦૧માં પોતાની સાથે થોડા વિજ્ઞાનીઓને લઈને, એક જહાજ પર ચઢીને દક્ષિણ ધ્રુવની સાહસયાત્રા પર નીકળી પડ્યા. આ જહાજનું નામ ‘ડિસ્કવરી’ હતું. બરફાળ પ્રદેશમાં તે જહાજને ચાલવામાં કોઈ

ખાસ તકલીફ નહોતી. આ યાત્રા માટે રોબર્ટ સ્કોટ તથા તેના જૂથે વિશેષ વ્યવસ્થા કરી રાખી હતી. ખૂબ સરસ ખાવા-પીવાની ચીજો તથા પૂરતાં ગરમ વસ્ત્રો. ઇંગ્લૅન્ડથી ન્યૂઝીલૅન્ડ પહોંચતાં જ ઋતુ ખૂબ બર્ફિલું થઈ ગઈ. ચારે તરફ બરફ જ બરફ હતો. આ બર્ફિલા વિસ્તારમાં સીલ માછલી તથા દરિયાઈ ચિત્તાઓ સિવાય બીજો કોઈ જીવ દેખાતો નહોતો.

અત્યાર સુધી તો ચોવીસ કલાક દિવસ જ દિવસ રહેતો હતો. સૂર્ય ડૂબતાં ઠંડી ભયંકર રીતે વધી ગઈ અને લગભગ ચાર મહિના સુધી હવે રાત જ રાત રહેવાની હતી. આથી રોબર્ટ સ્કોટે તે જ સ્થાને રહીને આ અંધકારવાળો સમય ગાળવાનું નક્કી કર્યું. સૂરજ નીકળતાં ફરીથી શોધયાત્રા શરૂ થઈ ગઈ. સ્કોટે એક યોજના બનાવી કે થોડા-થોડા માઈલના અંતરે નાના-નાના ગોદામ બનાવી દેવામાં આવે, જેમાં ખાવા-પીવાનો સામાન સંભાળીને રાખી દેવાય. એમણે વિચાર્યું કે આના લીધે તમામ સામાનને ઉપર સુધી ઉપાડીને લઈ જવાની ઝંઝટ નહીં રહેશે. બીજું, પાછાં ફરતાં ખોરાકની ખોટ પણ નહીં રહેશે. દક્ષિણ ધ્રુવ અહીંથી લગભગ ૮૫૦ માઈલ દૂર હતો.

રોબર્ટ સ્કોટ તથા તેના સાથીઓ હજી લગભગ ચારસો માઈલનું અંતર જ કાપી શક્યા હતા કે બરફની વર્ષાએ જીવવું તથા આગળ વધવું મુશ્કેલ કરી નાખ્યું. બર્ફિલું તોફાન એટલું વેગીલું હતું કે ઊભા રહેવાનું પણ મુશ્કેલ હતું, તો ચાલવાની વાત જ ક્યાં રહી! ખાવાનો સામાન પણ ખલાસ થઈ જવામાં હતો. પરંતુ નસીબજોગે ઇંગ્લૅન્ડથી બીજી ભોજન-સામગ્રી પહોંચી ગઈ, જેના સહારે તેઓ લગભગ ત્રણસો માઈલ વધુ આગળ ધપી ગયા. પણ હજીયે દક્ષિણ ધ્રુવ નજીક નહોતો, હજી લગભગ દોઢસો-બસો માઈલની દુર્ગમ યાત્રા બાકી હતી. પરંતુ હવે ફરીથી તેઓની ભોજન-સામગ્રી પૂરી થઈ જવાથી તથા સાથીઓ વધારેપડતા ત્રાસી જતાં રોબર્ટ સ્કોટે ઇંગ્લૅન્ડ પાછા કરવાનો અત્યંત અણગમતો નિર્ણય લેવો પડ્યો.

રોબર્ટ સ્કોટે પોતાની પ્રથમ યાત્રા ૧૯૦૧થી શરૂ કરી હતી તથા તેનાં નવ વર્ષ પછી એટલે કે ૧૯૧૦માં વિલક્ષણ ધૂની યાત્રી સ્કોટે ફરીથી દક્ષિણ ધ્રુવની યાત્રા શરૂ કરી. તેમના મનમાં દક્ષિણ ધ્રુવ સુધી પહોંચવાની ધૂન સવાર હતી, જે તેમને જંપીને બેસવા દેતી નહોતી. આ યાત્રા શરૂ થયાના થોડા જ સમય પછી રોબર્ટ સ્કોટને તાર દ્વારા સમાચાર મળ્યા કે એમંડસન નામનો અમેરિકન યાત્રી પણ આ યાત્રા પર છે અને તે પણ દક્ષિણ ધ્રુવ પહોંચવા માગતો હતો. એમંડસને ઉત્તર ધ્રુવની પણ સફળતાપૂર્વક યાત્રા પૂર્ણ કરી હતી. આ સમાચારથી રોબર્ટ સ્કોટને જરાક આંચકો તો લાગ્યો જ કે તેનો કોઈ પ્રતિસ્પર્ધી પણ દક્ષિણ ધ્રુવ પર પહોંચીને પોતાના દેશનો ઝંડો ત્યાં રોપશે. પણ તેમની હિંમત જરા પણ ઓછી ન થઈ. તેઓ આ યાત્રામાં એવા ઘોડા પણ લઈ ગયા હતા, જે બરફ ઉપર ચાલી શકતા હતા તથા સ્લેજ ગાડીઓ પણ. પરંતુ જેમ-જેમ યાત્રામાં આગળ ધપતા રહ્યા, કેટલાક ઘોડા ને કૂતરા તો મરી ગયા, જ્યારે બાકીના એટલા થાકી ગયા કે તેઓ પોતાના શરીરનું વજન ઉઠાવવામાં પણ લાચાર હતા. એવા સંજોગમાં રોબર્ટ સ્કોટના માત્ર પાંચ જ સાથી એમની સાથે બચ્યા હતા. તથા એક સ્લેજ ગાડી હતી, જેને તેઓ જાતે જ ખેંચી રહ્યા હતા. તેમના અન્ય સાથીઓ આ દુર્ગમ યાત્રાની તકલીફો સામે લડીને, નાહિંમત થઈને પાછા જતા રહ્યા હતા.

હવે દક્ષિણ ધ્રુવ એટલું દૂર રહી ગયું હતું કે તેઓ એને જોઈ શકતા હતા. ત્યાં એમણે જોયું કે એક ઝંડો અગાઉથી રોપેલો છે. રોબર્ટ સ્કોટને થોડી હતાશા થઈ કે તેમના પહેલાં જ કોઈ ત્યાં પહોંચી ગયું છે, પરંતુ એ વાતનો અત્યંત આનંદ પણ હતો કે આ

વેળાની યાત્રામાં તેમણે પોતાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે. તેઓના પહેલાં એમંડસન ૧૬ ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ પોતાનો અમેરિકન ઝંડો ત્યાં ફરકાવી ચૂક્યો હતો. પછી રોબર્ટે બરાબર એક મહિના પછી ત્યાં પહોંચીને ૧૭ જાન્યુઆરી, ૧૯૧૧ના રોજ પોતાના ઇંગ્લૅન્ડનો ઝંડો ત્યાં ગર્વભેર ફરકાવ્યો.

પરંતુ પોતાની મંજિલ મેળવી લેવાનો તેમનો આ આનંદ લાંબો સમય ન ટક્યો, કેમકે પાછા ફરવાની યાત્રા અત્યંત દુર્ગમ હતી. પાછાં ફરતાં બરફના ભયંકર તોફાને તેઓને ઘેરી લીધા. રોબર્ટના સાથીદારોમાં ઇવાન, જે સૌથી સ્વસ્થ તથા શક્તિશાળી હતો, બીમાર પડી ગયો અને એના પ્રાણ ઝડપથી ઊડી ગયા. બીજો એક સાથી કેપ્ટન ઓટ્સ પણ ખરાબ અવસ્થામાં હતો. બરફમાં સતત ચાલતા રહેવાના કારણે તેના પગની આંગળીઓ ગળી ગઈ હતી. તે ચાલી શકતો નહોતો. તેના મનમાં તુમુલ અંતર્દ્વંદ્વ ચાલતું હતું કે તેના સાથીઓ તેના કારણે ઝડપથી પાછા ફરવાની યાત્રા કરી શકતા નહોતા. પરિણામે તે પણ હંમેશના માટે તેઓથી છૂટી ગયો ને બરફના તોફાનમાં વિલીન થઈ ગયો.

હવે માત્ર ત્રણ જ જણ બચ્યા હતા — વિલ્સન, બોવર તથા રોબર્ટ સ્કોટ. સ્કોટનો પણ જમણો પગ તદ્દન ખોટો પડી ગયો હતો. આ ત્રણેની પાસે ખાવાનું કંઈ જ નહોતું અને ઉપરથી હાડકાં ગાળી દેતું તોફાન. તેઓ ત્રણેએ રસ્તામાં જ એક જગ્યાએ તંબુ ઠોકી દીધો અને હવે લાગતું હતું કે તેઓ ક્યારેય પોતાના દેશ પાછા પહોંચી નહીં શકશે. રોબર્ટ સ્કોટે હમેશાં પોતાની સાથે રહેતી ડાયરીમાં આ યાત્રાનું વર્ણન લખ્યું. પોતાની પાછા ફરવાની મુસાફરીમાં, લગભગ બે મહિના પછી ૨૯ માર્ચના દિવસે એમણે લખ્યું — ‘હવે મને જરા પણ આશા જણાતી નથી, તેમ છતાં અમે છેવટ સુધી હિંમત હારીશું નહીં. અમારી શક્તિ ઘટી રહી છે અને હવે અમે મૃત્યુને નજીકથી જોઈ શકીએ છીએ હું ઘણું બધું લખવા ચાહતો હતો, પણ હવે કદાચ આ જ અંતિમ લખાણ હશે.’ ત્યાર પછી એમણે છેલ્લું વાક્ય લખ્યું — ‘ભગવાનની ખાતર અમારા પરિવારોનું ધ્યાન રાખશો.’

આ ઘટના પછી છ-સાત મહિના પછી ઑક્ટોબરમાં તેઓને શોધતા લોકો ત્યાં પહોંચ્યા, ત્યારે તેમને ત્રણેનાં શબ તથા રોબર્ટ સ્કોટની ડાયરી મળી. સાથે જ ૩૫ પાઉન્ડ વજનનું એક બંડલ પણ હતું, જેમાં એવી સામગ્રી હતી જે દક્ષિણ ધ્રુવની શોધ કરનારાઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અધ્યયન-સામગ્રી સાબિત થઈ.

ભલે ને રોબર્ટ ફાલ્કન સ્કોટ દક્ષિણ ધ્રુવ પહોંચનારો પહેલા માણસ નહોતા, પરંતુ જે લગનીથી તેઓ લગભગ દસ વર્ષ સુધી આ શોધમાં લાગી રહ્યા, તથા પોતાના મહાન લક્ષ્યના માટે જે અદમ્ય સાહસ તથા વીરતાની સાથે તેમણે પોતાનું બલિદાન આપ્યું, તે વંદન કરવાને યોગ્ય છે.

તેનજિંગ નોરગે

પ્રથમ એવરેસ્ટ વિજેતા



વિશ્વના સૌથી ઊંચા પર્વત શિખર એવરેસ્ટ પર માણસનું આ દસમું અભિયાન હતું. અત્યાર સુધી કોઈ પણ માણસને એવરેસ્ટ શિખરને આંબવામાં સફળતા મળી નહોતી. સ્વિટ્ઝરલૅન્ડના પર્વતારોહી જૂથની સાથે અગાઉની જેમ તેનસિંગ નોરગે પણ ચડાઈ કરી રહ્યા હતા. તેઓ ૨૮૨૧૫ ફૂટ સુધી ચડી ચૂક્યા હતા અને એવરેસ્ટ શિખરની કુલ ઊંચાઈ છે ૨૯૧૪૧ ફૂટ. અર્થાત્ ૧૦૦૦ ફૂટ કરતાં પણ ઓછું અંતર રહી ગયું હતું. તેનજિંગે સ્વિસ પર્વતારોહીઓ પાસેથી, જેઓ હવે આગળનું ચઢાણ કરવામાં તદ્દન અસમર્થ બની ગયા હતા. તથા પાછા ફરવા લાગ્યા હતા મંજૂરી માગી કે તે એકલા જ આ યાત્રા પૂર્ણ કરવા માગે છે. પરંતુ સ્વિસ પર્વતારોહીઓએ એવું વિચારીને એમને ઉપર જવા નહીં દીધા કે પછી તો એવરેસ્ટ શિખરને સર્વપ્રથમ આંબવામાં ભારતનું નામ રોશન થઈ જશે. લાચાર તેનજિંગે તેઓની સાથે જ પાછા ફરવું પડ્યું. પરંતુ એમના મનમાં ઊંડી પીડા હતી કે તેઓ ‘સાગરમાથા‘ને અડકી શકતા હતા, પરંતુ લાચાર હતા.

એમના અંતરમાં ‘સાગરમાથા’ એટલે કે એવરેસ્ટ શિખરને ન અડકી શકવાની પીડા

એટલી તીવ્ર હતી કે એમણે મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો કે બીજા કોઈ પણ 'એવરેસ્ટ અભિયાન'માં તેઓ પોતાની એ શરત જરૂર રાખશે કે અન્ય પર્વતારોહીઓ થાકી જાય તોપણ, જો તેઓ એકલા જ શિખરને આંબવા ચાહે તો એમને અટકાવવા નહીં.

તેનજિંગ નોરગે લગભગ બાળપણથી જ શેરપાનું કામ કરતા આવ્યા હતા. મતલબ પર્વતારોહીઓ (કે જેઓ તમામ સાધનોથી સજ્જ રહેતા હતા)નો સામાન પીઠ પર લાદીને તેઓની સાથે ચાલવું. અત્યાર સુધીમાં તેઓ અનેક વાર સાહસ-દળોની સાથે જઈ ચૂક્યા હતા. તેઓ પર્વતોના સ્વભાવ તથા ઋતુઓથી સારી રીતે માહિતગાર હતા અને દુર્ગમ માર્ગોથી પણ. બરફની શીલાઓ પડવાથી કે આંધી-તોફાન તથા બરફની વર્ષા થવા પર તૈયાર કરાયેલા નિશ્ચિત માર્ગોના બંધ થઈ જવા પર ક્યાંથી રસ્તો નીકળી શકે છે, તે વાત તેઓ કોઈ અનુભવી કીડીની જેમ જાણતા હતા. આથી જે પણ એવરેસ્ટ સાહસ શરૂ થતું, તેની સાથે તેનજિંગ નોરગેનું હોવું તો એક રીતે અનિવાર્ય જ હતું. પર્વતારોહીઓને લાગતું હતું કે તેનજિંગ સાથે રહેશે તો ઉપર ચઢવાનો કોઈ ને કોઈ રસ્તો મળતો જ જશે. જાણે તેનજિંગનો સાથે જ સફળતાની ખાતરી હોય.

૧૯૫૩માં એવરેસ્ટ શિખર આંબવા માટે અગિયારમું સાહસ-દળ તૈયારી કરી રહ્યું હતું. એની આગેવાની બ્રિટનના કર્નલ હંટ કરી રહ્યા હતા. એ જ સાહસ-દળમાં એડમંડ હિલેરી પણ હતા, જેઓ તેનજિંગને સાથે સૌથી પહેલા ચડાઈ કરનારાઓમાંના એક હતા. તેનજિંગને એવરેસ્ટ પર ચડવાનો છેલ્લાં વીસ વર્ષનો અનુભવ હતો, આથી તેઓ દરેક સાહસ-દળની સાથે એક શેરપાના રૂપમાં જ ગયા હતા — એક વજન ઊંચકતા કૂલીના રૂપમાં. પરંતુ કર્નલ હંટવાળા સાહસમાં એમને કાયદેસર એક પર્વતારોહીની પૂર્ણ સુવિધાઓ આપવામાં આવી. એમને અગાઉના સ્વિસ અભિયાન દળની સાથે જવાનો કટુ અનુભવ રહ્યો હતો, જ્યારે તેઓ ૧૦૦૦ ફૂટથી ઓછી ઊંચાઈ બાકી રહેવા છતાં લાચાર બનીને પાછા ફર્યા હતા. આથી એમણે કર્નલ હંટવાળા અભિયાન દળની સાથે જતાં પહેલાં એક શરત મૂકી હતી કે અન્ય સાથીઓના થાકીને પાછા ફરવાની સ્થિતિમાં, જો તેઓ સ્વતંત્રરૂપે આગળ જવા ઇચ્છે તો તેમના પર કોઈ બંધન નહીં હોય. કર્નલ હંટે આ શરત મંજૂર રાખી.

૫ માર્ચ, ૧૯૫૩ના રોજ કાઠમંડૂથી આ અભિયાન દળ 'સાગરમાથા' (એવરેસ્ટ શિખર)ને આંબવા માટે નીકળી પડ્યું. પહેલી ૧૬૦૦ ફૂટની ઊંચાઈ તો યાક બળદો પર સામાન લાદીને કરવામાં આવે છે. ૧૬૦૦ ફૂટથી ઉપરની ચડાઈમાં શેરપા લોકો જ સામાન ઉપાડીને લઈ જાય છે. તેનજિંગને તો કોઈ મુશ્કેલી જણાતી નહોતી. તેઓ પોતાનો સામાન જાતે જ લઈ જઈ રહ્યા હતા, પણ બીજા લોકો થાકવા લાગ્યા હતા. તેનજિંગ તેના પહેલાંના સ્વિસ અભિયાનમાં ૨૮૨૧૫ ફૂટ સુધી સફળ ચડાઈ કરીને પાછા ફર્યા હતા.

૨૫ મે સુધીમાં તેઓ ૨૮૨૭૦ ફૂટ સુધી પહોંચી ગયા હતા. હિલેરી તથા તેનજિંગના પહેલાંના દળમાં બોર્ડલ તથા ઇવાન્સ હતા. જેઓ અહીં સુધી પહોંચ્યા હતા અને ખૂબ જ થાકી જવાના કારણે પાછા ફરી ગયા હતા. તેઓથી આગળ બે સભ્યો હતા — તેનજિંગ તથા એડમંડ હિલેરી.

તેનજિંગ તથા એડમંડ હિલેરી ૨૭૯૦૦ ફૂટ સુધી પહોંચી ગયા હતા. અહીં તેમણે આઠમો પડાવ નાખ્યો. ૨૯ મે, ૧૯૫૩ની સવારે ચાર વાગે જ્યારે તેઓ ચઢાઈ શરૂ કરવાના હતા, ત્યારે જોયું કે ઑક્સિજન બહુ ઓછો રહ્યો છે, પણ તેનજિંગે હિલેરીને હિંમત આપી — 'કંઈ વાંધો નહીં, આપણે એકના બદલે અડધા ઑક્સિજનનો જથ્થો વાપરીશું, પરંતુ આપણું કાર્ય ચાલુ રખીશું.' કદાચ ઈશ્વરે પણ તેનજિંગની હિંમતને દાદ આપી હશે

અને તેઓની મદદ કરવાનું નક્કી કરી લીધું હશે. હજી તો તેઓ થોડા જ આગળ ગયા હશે તે બરફમાં દબાયેલા ઑક્સિજનના બે બાટલા તેઓને દેખાયા. તેનજિંગે ઈશ્વરનો આભાર માન્યો તથા આનંદથી તે બંને બાટલા બરફમાંથી કાઢી લીધા. તેનજિંગ આગળ-આગળ હતા ને હિલેરી પાછળ-પાછળ તેનજિંગે દબાવેલી દોરીના આધારે આગળ ધપતા હતા. થોડા આગળ જતાં તેમણે જોયું કે એક બાજુ ખૂબ જ ઊંચી ભેખડ છે, બીજી બાજુ ખાઈ — બીજો ક્યાંય રસ્તો નથી. ત્યારે જ તેનજિંગને એક તરફ પાતળી તિરાડ દેખાઈ જેમાં માંડમાંડ એક માણસ ઘસડાતો આગળ જઈ શકતો હતો. એડમંડ હિલેરીને લાગતું હતું બસ, હવે કોઈ રસ્તો નથી. હવે તો પાછા જ જવું પડશે. પરંતુ તેનજિંગ તો આ વેળા પૂર્ણપણે દૃઢ નિશ્ચય કરીને આવ્યા હતા કે ભલે કેટલીયે મુશ્કેલી આવે, તેઓ 'સાગરમાથા' (એવરેસ્ટ શિખર)ને અડકીને જ આવશે.

તેનજિંગે જ નક્કી કર્યું હતું કે આ અમળાતી પાતળી તિરાડમાં થઈને આગળ ધપીએ. હવે એડમંડ હિલેરીએ પોતાની જાતને પૂર્ણપણે તેનજિંગના હવાલે કરી દીધી હતી. તેનજિંગ જે કહેતા, હિલેરી તે જ કરતા જતા હતા. લગભગ બે-ત્રણ કલાક તે સાંકડી અંધારી તિરાડમાં આગળ વધતાં-વધતાં તેઓનાં શરીર પર અનેક જગ્યાએ નાના-મોટા ઉઝરડા પડ્યા, છતાં તેઓ સતત આગળ વધતા રહ્યા. જ્યારે તેઓને ખીણ પૂરી થતાં પ્રકાશ દેખાયો, ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. તેઓથી થોડાક જ ફૂટના અંતર પર એવરેસ્ટ શિખર હતું જેને આજ સુધી કોઈ અડકી શક્યું ન હતું. ત્યાં તેનજિંગ વિજય-ગર્વ સાથે મલકાતા ને દમકતા ઊભા હતા. તેમણે એવરેસ્ટ શિખર ઉપર વારાફરતી ભારત, નેપાળ તથા ઇંગ્લૅન્ડના ધ્વજ ગર્વ સાથે લહેરાવી દીધા. એમની આ પ્રસન્નતાના સહભાગી એડમંડ હિલેરી પણ તેમની સાથે ઊભા હતા.

આશ્ચર્ય અને પ્રસન્નતાથી છલકાતા આ અવસર પર બંનેના ચહેરા પરથી થાકનાં તમામ ચિહ્નો જાણે ગાયબ થઈ ગયા તથા તેઓના ચહેરા પર વિજયગર્વનો પ્રકાશ ઝળહળતો હતો. હિલેરીએ આ પ્રસંગે પોતાના કૅમેરા વડે અનેક ફોટો પણ લીધા.

તેનજિંગ નોરગે તથા એડમંડ હિલેરીની આ વિજય-યાત્રાના સમાચાર બીજા જ દિવસે આખા વિશ્વમાં ફેલાઈ ગયા. આ સફળતાને પ્રકૃતિ પર માનવના વિજયના રૂપમાં નવાજવામાં આવી. ૨૯ મે, ૧૯૫૩ના રોજ પૂર્ણ થયેલા આ અભિયાન પછી તો કેટલાંયે દળોએ એવરેસ્ટ શિખર પર ચઢવાની કોશિશ કરી. તેઓમાંથી થોડાક જ સફળ પણ થયા. પરંતુ તેનજિંગ નોરગે તથા એડમંડ હિલેરી દ્વારા સાગરમાથાને દુનિયામાં સૌથી પહેલી વાર આંબવાની પ્રસન્નતાની ચમક આજે પણ ઝાંખી નથી પડી. એવરેસ્ટ શિખર આજે પણ મનુષ્યને પડકારનું કહે છે — 'હિંમત, હિંમત, હિંમત...!' ખરેખર જિંદગીમાં હિંમત જો ન હારો તો કંઈ પણ અસંભવ નથી.

બચેન્દ્રી પાલ

ભારતની પ્રથમ એવરેસ્ટ વિજેતા નારી



ચાર વર્ષની બાળકી વાંકીચૂકી કેડીઓ પર થઈને પોતાનાં માતા-પિતાની સાથે ખેતરો ભણી જઈ રહી હતી. એને હર્યાં-ભર્યાં ખેતરો જોવાનું ખૂબ જ ગમી રહ્યું છે ને સાથે જ ઘરની બહાર આટલા ખુલ્લા વિસ્તારે એનું મન મોહી લીધું છે. તે ફરીથી બીજા દિવસે ખેતરોમાં જવા ચાહે છે, પણ એના પિતા એને કડકાઈથી ધમકાવીને ઘરે જ છોડી જાય છે. તે જોર-જોરથી રડે છે તથા થોડી વાર પછી રડતાં-રડતાં સૂઈ જાય છે, પણ ઊઠતાં જ તેને ખ્યાલ આવે છે કે ખેતરમાં જવાનું છે. તે એકલી જ ચાલી નીકળે છે ને બરાબર તે જ માર્ગે ખેતરમાં પહોંચી જાય છે — એકલી, તદ્દન નીડર. થોડી વાર ત્યાં નાચે-કૂદે છે અને પછી થાકીને ખેતરના શેઢા પર સૂઈ જાય છે.

ગામમાં ધમાલ મચે છે તથા રોકકળ પણ, કે બાળકીને કોણ ઉપાડી ગયું? આખરે તે ખેતરના શેઢા પર સૂતેલી મળે છે.

તે જિદ્દી બાળકી બીજું કોઈ નહીં, બચેન્દ્રી પાલ છે, જે વિશ્વના સૌથી ઊંચા શિખર એવરેસ્ટ પર વિજય-ધ્વજ ફરકાવનારી પ્રથમ ભારતીય નારી છે.

૨૪ મે, ૧૯૫૪ના રોજ હિમાચલ પ્રદેશના ચમોલી જિલ્લામાં જન્મેલી બચેન્દ્રી પાલ પોતાનાં પાંચ ભાઈ-બહેનોમાં ત્રીજા નંબરે છે. અન્ય પહાડી લોકોની જેમ એમનો પરિવાર પણ એક ગરીબ પરિવાર હતો, જેની પાસે મહામુસીબતે જીવનનિર્વાહ કરવાનાં સાધન હતાં. ત્યાં સુધી કે બાળકોની ફી ભરવાનું પણ બચેન્દ્રીના પિતા માટે ખૂબ મુશ્કેલ કામ હતું.

બાળપણમાં બચેન્દ્રી મોટાં સ્વપ્નાં જોયા કરતી હતી. પોતાના ગામના ઉપરથી કોઈ વિમાન ઊડતું જોતી તો કહેતી — 'હું પણ એક દિવસ વિમાનમાં ઊડીશ.' અથવા કાર જોતી તો તે બોલી પડતી — 'જોજો, મારી પાસે પણ એક દિવસ કાર હશે.' બીજા લોકો હસતા, પણ બચેન્દ્રીએ એમનાં મશ્કરી — ઠઠ્ઠાથી ડરીને મોટાં સ્વપ્નાં જોવાનું ન છોડ્યું.

અન્ય ભારતીય કન્યાઓની જેમ એને પણ બાળપણથી જ સમજાઈ ગયું હતું કે મા-બાપ અથવા સમાજના લોકો જે કંઈ વિચારે છે, છોકરાઓના માટે જ વિચારે છે. તેઓનો અભ્યાસ, તેઓની સારી રહેણી-કરણી, તેઓના જ માટે માખણ-મલાઈ. છોકરીઓ તો જાણે નકામી વસ્તુ છે. આ વાત બચેન્દ્રીને ખૂબ ખટકતી હતી. આ જ પીડાએ એના મનમાં એવો દૃઢ નિરધાર પેદા કર્યો કે તે એક દિવસ જરૂર કંઈ એવી બનીને બતાવશે કે આખું ગામ તેનું નેતૃત્વ સ્વીકારશે. બાળપણથી જ એણે વિચારી લીધું હતું કે કોઈ પણ કામ એવું નથી, જેને છોકરાઓ તો કરી શકે છે, પણ છોકરીઓ ન કરી શકે.

આર્થિક અભાવના કારણે આઠમીના અભ્યાસ પછી મોટી બહેનની જેમ બચેન્દ્રીને પણ આગળ ભણવાની ના પાડવામાં આવી. પણ એણે સમજી લીધું હતું કે શિક્ષણ જ એક એવો માર્ગ છે જે તેને તેનાં સ્વપ્નાં પૂર્ણ કરવામાં મદદ કરશે. તે પોતાના ભાઈઓની સાથે ખૂબ ઊંચા-ઊંચા પહાડો ચઢતી અને ક્યારેય થાકતી નહોતી. પોતાનો અભ્યાસ ચાલુ રાખવા માટે તેણે સિલાઈનું કામ શરૂ કરી દીધું, જેથી પોતાનાં પુસ્તકો તથા ફીના પૈસા ચૂકવી શકે. તેની આવી લગની જોઈને તેના પિતાએ તેને આગળ ભણવાની છૂટ આપી દીધી. દસમીની પરીક્ષામાં માત્ર ત્રણ માર્કથી ફર્સ્ટ ડિવિઝન રહી ગઈ. હવે તો બચેન્દ્રીના પિતા તેના પર ઘરે બેસવા તથા લગ્ન કરી દેવાનું દબાણ કરવા લાગ્યા, પણ બચેન્દ્રીની સ્કૂલના પ્રિન્સિપાલે તેના પિતાને સમજાવ્યા, 'તમે શા માટે દીકરીનું ભવિષ્ય બગાડો છો? આ ખૂબ જ પ્રતિભાશાળી છોકરી છે — એને આગળ ભણવા દો.' પ્રિન્સિપાલના કહેવાથી પિતાનું મન પીગળી ગયું અને હવે એમણે નક્કી કર્યું કે તેઓ બચેન્દ્રીના અભ્યાસમાં અવરોધ નહીં કરશે. આગળનો અભ્યાસ ચાલુ રાખીને બચેન્દ્રીએ સંસ્કૃત સાહિત્યમાં એમ.એ. કર્યું, ઉપરાંત બી.એડ. પણ. બચેન્દ્રીને હિમાલય ભણી શરૂથી જ ઊંડું આકર્ષણ હતું અને એનાં ઉત્તુંગ શિખરો એને લલકારતાં હોય તેમ લાગતું હતું. હિમાલયના આ અપાર આકર્ષણ તથા તેની લલકારના કારણે જ બચેન્દ્રીએ નેહરુ પર્વતારોહણ સંસ્થાનમાં પ્રવેશ લઈ લીધો. નેહરુ સંસ્થાનના નાયબ આચાર્ય મેજર પ્રેમચંદ ખૂબ જ સખત તથા અનુશાસનપ્રિય માણસ હતા. તેઓ પોતે પણ ખૂબ પરિશ્રમપૂર્ણ અને સક્રિય જીવન જીવતા હતા તથા બીજાઓ પાસેથી પણ તેવી જ અપેક્ષા રાખતા હતા. એમને કોઈપણ કામમાં ઢીલાશ જરા પણ પસંદ નહોતી. એવા સખત અનુશાસનપ્રિય વ્યક્તિએ જ્યારે બચેન્દ્રી પાલના પ્રદર્શન માટે એને 'એ' ગ્રેડ આપ્યો, તે સમયે એનું ચોક્કસપણે ખૂબ જ મહત્ત્વ હતું. એમણે ઉચ્ચ અધિકારીઓની સામે પણ બચેન્દ્રી પાલને એવરેસ્ટ અભિયાન માટે તદ્દન 'ફિટ' જાહેર કરી. એમની આ ભલામણની અસર ઉપર સુધી પડી તથા ઇંડિયન માઉન્ટેનિયરિંગ સંસ્થાન તરફથી ૧૯૮૪માં શરૂ થનારા એવરેસ્ટ અભિયાનમાં તેના સામેલ થવા માટે મંજૂરીનો પત્ર આવ્યો. હજી બચેન્દ્રી વિચારી પણ નહોતી શકતી કે તેના ઉપર અનેક સિનિયર તથા અનુભવી પર્વતારોહીઓ હોવા છતાં,

એવરેસ્ટ અભિયાન માટે એની પસંદગી શી રીતે થઈ શકે? આથી એણે આ પત્ર તરફ ધ્યાન જ ન આપ્યું તેમજ કોઈ જવાબ પણ નહીં આપ્યો. પરંતુ થોડા સમય પછી બીજી વાર આઇ.એમ.એફ. તરફથી પત્ર આવ્યો તથા મેજર પ્રેમચંદને આ બાબતની માહિતી મળી, તો એમણે બચેન્દ્રીને તરત જ પત્રનો ઉત્તર આપવા માટે કહ્યું. એમણે સમજાવ્યું કે આ તો એનું સૌભાગ્ય છે કે એને ૧૯૮૪માં થનારા અભિયાન માટે પસંદ કરવામાં આવી રહી છે. પરિણામે બચેન્દ્રીએ તરત જ સંમતિપત્ર મોકલી આપ્યો.

૧૯૮૪માં થનારા એવરેસ્ટ અભિયાનથી પહેલાં પણ કેટલાક ઍડવાન્સ કોર્સ શરૂ કરવામાં આવ્યા, જેમાં બચેન્દ્રી પાલે સફળતાપૂર્વક ભાગ લીધો. તેમાં ૧૯૮૨માં એક 'બ્લેક પીક' અભિયાન હતું — તેમાં ૬૩૮૭ મીટર ઊંચા શિખર પર ચઢાઈ કરવામાં આવી. બીજું અભિયાન ગંગોત્રી હતું, જે ૬૬૭૨ મીટર ઊંચાઈ પર હતું.

ફેબ્રુઆરી, ૧૯૮૩માં નેશનલ ઍડવેન્ચર ફાઉન્ડેશનના સંચાલક બ્રિગેડિયર જ્ઞાનસિંહ નેહરુ સંસ્થાનના તાલીમાર્થીઓના માટે એક સાહસિક કોર્સ ચલાવવા ઉત્તરકાશી આવ્યા. એમનો વ્યવહાર એટલો સ્નેહાળ હતો કે તમામ તાલીમાર્થીઓએ એમને 'છોટે ચાચા' કહેવાનું શરૂ કરી દીધું. થોડા દિવસો પછી તેઓ જતા રહ્યા અને ત્રણ મહિના પછી ફરીથી તાલીમ આપવા આવ્યા. આ વખતે તેઓ ચંદ્રપ્રભા અટવાલ, વિજ્યા પંત તથા બચેન્દ્રી પાલને દિલ્હી પણ લઈ ગયા, જેથી સમાચારવાળાઓ સાથે આ ભાવિ ઍવરેસ્ટ પર્વતારોહીઓની મુલાકાત કરાવી શકાય. દિલ્હીમાં અનેક છાપાંમાં તથા દૂરદર્શન પર તેઓની મુલાકાતો આવી.

ઑગસ્ટ, ૧૯૮૩માં વિશ્વભરના પર્વતારોહીઓનું સંમેલન થયું, જેમાં બચેન્દ્રી પાલે અનેક મોટા મહારથીઓનાં દર્શન કર્યાં. તેઓમાં તેનજ઼િંગ નોરગે પણ હતા. તેમનાં દર્શન કરીને બચેન્દ્રી પાલને રોમાંચ થઈ આવ્યો, કેમકે એ જ એવરેસ્ટ પર સફળતાપૂર્વક આરોહણ કરનારા પ્રથમ ભારતીય હતા. બીજી વ્યક્તિ હતી જાપાની મહિલા જુન્કો તાબઈ, જે એવરેસ્ટ પર પગ મૂકનારી દુનિયાની સર્વપ્રથમ નારી હતાં.

એવરેસ્ટનું આરોહણ શરૂ કરતાં પહેલાં અભ્યાસ માટે અનેક આરોહણ થયાં. તેમાં સૌથી છેલ્લું આરોહણ 'માના'નું હતું, જે ૭૫૦૦ મીટર ઊંચું છે. એવરેસ્ટના આરોહણની આ તાલીમના વડા હતા બ્રિગેડિયર જ્ઞાનસિંહ. તેમને એ ખબર હતી કે બચેન્દ્રીની આર્થિક સ્થિતિ બરાબર નથી. એમણે 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની'માં બચેન્દ્રીની નિમણૂંક કરાવી દીધી, જેથી તેના આ સાહસિક અભિયાનોનો તેનાં ઘરવાળાં પર કોઈ બોજ ન પડે તથા તે પોતાના ઘરવાળાને કંઈ આર્થિક મદદ પણ કરી શકે.

એવરેસ્ટ અભિયાન દળ સાત માર્ચે દિલ્હીથી કાઠમંડૂ પહોંચ્યું અને પછી ત્યાં થોડા દિવસ નાના-મોટા અભ્યાસમાં ગાળ્યા. આ દળ કેપ્ટન ડી. કે. ખુલ્લરના નિર્દેશનમાં ચઢાઈ કરી રહ્યું હતું તથા મેજર પ્રેમચંદ આ અભિયાન દળના ઉપનેતા હતા. અહીં બેઝ કૅમ્પથી આરોહણ શરૂ કરવામાં આવ્યું. એવું નક્કી કરવામાં આવ્યું કે દરરોજ પાંચસો થી છસો મીટર ચઢવાનું છે.

ત્યાં જ તેનજ઼િંગ નોરગે પણ પોતાની પુત્રી ડેકીની સાથે આ અભિયાન દળને મળવા આવ્યા. તેઓ સૌને ખૂબ પ્રેમથી મળ્યા. એમણે બચેન્દ્રીને વિશેષરૂપે કહ્યું — 'તું એક પાકી પહાડી છોકરી લાગે છે. તારે તો શિખર પર પહેલા જ પ્રયત્નમાં પહોંચી જવું જોઈએ.' આ શબ્દોથી બચેન્દ્રીને ઊંડી પ્રેરણા મળી. તેને લાગ્યું કે એક પહાડી છોકરી હોવાના કારણે તેણે તો ચોક્કસ જ એવરેસ્ટના શિખરને સ્પર્શવું જોઈએ.

એક વાર તો પ્રકૃતિના કોપથી મુશ્કેલીથી બચેન્દ્રી પાલના પ્રાણ બચ્યા. બચેન્દ્રી

પાલનો કૅમ્પ પૂર્ણપણે વેરવિખેર થઈ ગયો, જાણે આખો પહાડ જ તેના ઉપરથી પસાર થઈ રહ્યો છે. પરંતુ જ્યારે તેને બરફમાંથી કાઢવામાં આવી તો હેમખેમ હતી. કદાચ કુદરતે પોતાનું ભયાનક રૂપ જ બતાવ્યું હતું, કોઈ નુકસાન થવા નહોતું દીધું.

આખરે ૨૩ મે, ૧૯૮૪ના રોજ પ્રતીક્ષાની તે ઘડી આવી પહોંચી જ્યારે દિવસના એક વાગે તેઓ એવરેસ્ટના શિખર પર પહોંચી ગયાં. તેઓના આનંદનો પાર ન રહ્યો. બચેન્દ્રી પાલ એવરેસ્ટ પર આરોહણ કરનારી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ. તેણે સાગરમાથાને નમીને ખૂબ શ્રદ્ધાથી પ્રણામ કર્યા. પછી ત્યાં પોતાની સાથે લઈ ગયેલી દુર્ગાની નાનકડી મૂર્તિ તથા હનુમાનચાલીસા લાલ વસ્ત્રમાં લપેટીને, થોડુંક ખોદીને બરફમાં દબાવી દીધી. ત્યારબાદ ગર્વથી પોતાના દેશનો ત્રિરંગો. લહેરાવી દીધો.

એવરેસ્ટ પરથી પાછા ફરતાં આખા દેશે બચેન્દ્રી પાલને વધાવી લીધી. તેનું પોતાનું ગામ નકુરા તો તેના સ્વાગત માટે વરસાદની પણ પરવા કર્યા વિના ઊમટી પડ્યું. ઢોલ વગાડતાં એને સરઘસના રૂપમાં ઘરમાં લઈ જવામાં આવી. ઘરે જતાં જ તે માતાને જોરથી વળગી પડી. બચેન્દ્રી અને તેની માની આંખોમાં આનંદનાં અશ્રુ હતાં. પાસે જ ઊભેલા પિતાની આંખો પણ ભીની હતી. તેમની દીકરી બચેન્દ્રી પાલે પોતાનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું હતું.

જ્યોતિબા ફુલે

દલિતો તથા સ્ત્રીઓનો દેવદૂત



રસ્તાની બાજુ પર એક વૃદ્ધ હરિજન બેહોશ પડ્યો છે. સામે જ એક બ્રાહ્મણની હવેલી છે, પણ તે ઘરનું કોઈ જણ તેને પાણી નથી પાતું. ત્યાંથી જ્યોતિબા પસાર થાય છે. થોડે દૂરથી પાણી લાવીને તેના ચહેરા પર છાંટે છે તથા થોડું પાણી એને પાય છે. પાણી પીને તે વૃદ્ધ હરિજન ધીમે-ધીમે આંખો ખોલે છે અને પોતાના પ્રાણ બચાવનારને અત્યંત આભારવશ બનીને જુએ છે. જ્યોતિબા ફુલે તેને ટેકો આપીને ઊભો કરે છે અને પછી તેઓ પોતપોતાના માર્ગે ચાલી નીકળે છે.

એવા કેટલાયે દાખલા મહાત્મા જ્યોતિબા ફુલેના જીવનમાં વિખેરાયેલા પડ્યા છે. એમણે પોતાનું આખું જીવન દલિતો તથા સ્ત્રીઓના ઉદ્ધાર માટે સમર્પિત કરી દીધું હતું. જ્યોતિબા ફુલેનો જન્મ ઈ.સ. ૧૮૨૭માં ગોવિંદરાવ તથા ચિમણાબાઈના ઘરે પુણેમાં થયો.

બાળપણથી જ જ્યોતિબા ખૂબ ચંચળ હતા. પોતાની ઉંમરનાં બાળકો કરતાં વધારે બુદ્ધિશાળી. થોડા મોટા થતાં એમને પુણેની એક માત્ર સ્કૂલ જેને કલેક્ટર રૉબર્ટ્સને શરૂ કરી હતી, તેમાં દાખલ કરવામાં આવ્યા. તે સ્કૂલમાં તમામ અમીરોનાં બાળકો ભણતાં હતાં

અને મોટા ભાગે અંગ્રેજોનાં. પરંતુ બાળક જ્યોતિબાએ સાધારણ કપડાં તથા રહેણી-કરણીવાળા હોવા છતાં પણ, પોતાની પ્રખર બુદ્ધિથી સૌને મોહિત કરી દીધા. થોડાં વર્ષ અભ્યાસ છૂટી જવા છતાં ફરીથી અભ્યાસ ચાલુ રાખીને જ્યોતિબાએ મૅટ્રિક પાસ કરી લીધી હતી. ઘરમાં સતત આર્થિક તંગી ચાલતી રહેતી. આથી ઘરના લોકો ઇચ્છતા હતા કે જ્યોતિબા કોઈ સારી સરકારી નોકરી પકડી લે, જેનાથી ઘરની ગરીબી દૂર થાય.

પરંતુ જ્યોતિબા ફુલેનું મન તીવ્ર ગતિથી બીજી જ દિશામાં દોડી રહ્યું હતું. એમણે સ્કૂલમાં સ્વતંત્રતા, સહયોગ, માતૃત્વ તથા સાંપ્રદાયિકતા, સદ્ભાવ વગેરેના વિશે વાંચ્યું હતું. ત્યારે એમને એવા વિચારો વાંચીને ખૂબ જ સારું લાગતું હતું. પરંતુ તેઓ જ્યારે થોડા મોટા થયા, મૅટ્રિક પાસ કરી લીધી, ત્યારે એમણે પોતાની ચારે તરફની અસલી દુનિયા જોઈ. બધી બાજુ ઈર્ષ્યા, દ્વેષ, ઊંચ-નીચ, સાંપ્રદાયિક તણાવ તથા સ્ત્રીઓની દુર્દશા. એમનું મન અત્યંત બેચેન રહેવા લાગ્યું. તેઓ સમાજના માટે કોઈ નક્કર કાર્ય કરવા માગતા હતા. ખાસ કરીને દલિતો તથા સ્ત્રીઓની દુર્દશાનો એમના ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો. એમના આવા વિચારોના કારણે જ પરિવાર તથા સમાજના લોકોના દબાણમાં આવીને એમના પિતા ગોવિંદરાવે એમને પત્ની સહિત ઘરમાંથી કાઢી મૂક્યા. જ્યોતિબાને આ રીતે પોતાનાઓ દ્વારા જ ધિક્કાર મળવાથી ઊંડો માનસિક આઘાત તો લાગ્યો, પરંતુ એ વાતનો સંતોષ પણ થયો કે હવે તેઓ પોતાની મરજી પ્રમાણે જે કરવા ચાહશે તે કરી શકશે. એમની પત્ની સાવિત્રીબાઈ ફુલે પણ એમના કામમાં પૂર્ણપણે એમની સહયોગિણી હતી. ઘરના નિભાવ માટે ઠેકેદારીનું કામ કરતા હતા તથા બાકી બધો સમય સમાજસેવામાં જતો હતો.

તે સમયે વિધવા સ્ત્રીઓની જિંદગી અતિશય દારુણ હતી. બાળપણમાં લગ્ન તથા થોડા દિવસ બાદ વિધવા થઈ ગયેલી બાળકીઓને ખ્યાલ પણ નહોતો આવતો કે એમની સાથે એવું શું થઈ ગયું છે, જેના કારણે જીવનના તમામ રંગ, ખેલ-તમાશા, ઉત્સવ, મેળા સર્વ એમના માટે જાણે છૂટી ગયા છે. એમનો શો વાંક છે? લગ્ન-વિવાહ જેવા ઉત્સવના અવસરે તેઓ ડોકિયું પણ કરી શકતી નહોતી, જેથી એમની કાળી છાયા કોઈ શુકનના પ્રસંગને અપશુકનમાં ફેરવી ન નાખે. વિધવા બનતાં જ એમના સુંદર વાળ કાપી નાખવામાં આવતા અને તમામ ઘરેણાં ખેંચી લેવામાં આવતાં. એવા સમયે તે વિધવા બાળકીઓની ચીસોથી આકાશ પણ થથરી ઊઠતું હતું. જ્યોતિબા ફુલે પોતાના જીવનમાં કંઈક એવાં જ દારુણ દૃશ્યોના સાક્ષી રહ્યા હતા. તેથી જ એમણે મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો હતો કે તેઓ સ્ત્રી-શિક્ષણના ક્ષેત્રમાં કોઈ નક્કર કામ કરશે, જેથી તે વિધવાઓ લાચાર જિંદગી ન જીવે, આત્મનિર્ભર તથા આત્મચેતસ્ બને અને તે અપરાધભાવથી મુક્ત બને, જે બળજબરીથી તેઓ પર લાદી દેવામાં આવે છે.

સ્ત્રીઓને મજબૂત તથા આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મોટી શરૂઆત કરીને, જ્યોતિબા ફુલેએ તે છોકરીઓના માટે ૧૮૫૪માં એક સ્કૂલ ખોલી, છોકરીઓના શિક્ષણ માટે આખા ભારતમાં સર્વપ્રથમ સ્કૂલ આ જ હતી. જ્યોતિબા ફુલેના સંપર્કમાં જે પણ કોઈ આવતા, તેઓને એ આ ક્ષેત્રમાં સહાયતા કરવા માટે સતત પ્રેરિત કરતા રહેતા. શરૂ-શરૂમાં આ સ્કૂલમાં માત્ર આઠ છોકરીઓ હતી. લોકો જ્યોતિબા ફુલે પર ટીકાઓ કરતા, ગંદા આરોપો લગાવતા, પણ એમણે દૃઢતાપૂર્વક જે પ્રથમ ડગલું ઉપાડ્યું હતું, તેનાથી ક્યારેય પાછી પાની ન કરી. એમણે પોતાની પત્ની સાવિત્રીબાઈને પણ ભણાવ્યાં અને પછી બંને જણાં આ કામમાં જોર-શોરથી લાગી ગયાં. પોતાના જીવનકાળમાં જ એમણે સેંકડો સ્ત્રીઓને આત્મનિર્ભરતાના માર્ગ પર પગલાં ભરતી જોઈ, તેનાથી તેઓનાં

અંતરમાં આનંદ થયો. એ વિશ્વાસ પણ દૃઢ થયો કે એમણે જે બીડું ઝડપ્યું હતું, તે પૂર્ણ કરી બતાવ્યું છે. વિધવા-વિવાહને પણ એમણે પ્રોત્સાહન આપ્યું અને એ ઘોર પરંપરાવાદી રૂઢીઓથી જકડાયેલા સમાજમાં એમણે એક એવી પતિ વિનાની સ્ત્રીને પોતાના ઘરમાં આશ્રય આપ્યો, જ માતા બનનારી હતી. સાવિત્રીબાઈએ તેની ખૂબ સંભાળ લીધી અને તેને દીકરો થતાં તેને દત્તક લઈ લીધો, જેથી તે જિંદગીભર કુલટાનો પુત્ર હોવાના કલંકને ઉઠાવીને ન ફરે.

જ્યોતિબા ફુલેનું બીજું મોટું કાર્ય હતું અસ્પૃશ્યતાને તદ્દન નાબૂદ કરવાનું. એમના સમયમાં સમાજ અસ્પૃશ્યતાના ઊંડા કળણમાં ડૂબેલો હતો. દલિતોની છાયા પડતાં પણ સવર્ણ લોકો પોતાને અશુદ્ધ થયેલા માનીને ફરીથી સ્નાન કરતા હતા તથા એવા દલિતોને ખૂબ જ ખરાબ રીતે સતાવતા હતા. તેઓને અડકવાનો તો પ્રશ્ન જ નહોતો. તરસ લાગતાં તેઓ સામે કૂવો હોવા છતાં પણ પાણી કાઢી શકતા નહોતા. કલાકો સુધી તડકામાં તપતા રહેતા ને રાહ જોતા હતા કે કોઈ સવર્ણ આવે અને તેઓને પાણીની ભીખ આપે. આ અસ્પૃશ્યતાએ જ્યોતિબા ફુલેને હચમચાવી નાખ્યા અને તેઓ એમના માટે કંઈ કરવા માટે તડપી ઊઠ્યા. ઘણી વાર તો ઉનાળામાં એમણે પોતાના ઘરની પાણીની ટાંકીમાંથી દલિતોને માણી આપ્યું અને આ બધાના કારણે અંગત જીવનમાં એમને અનેક અપમાન સહેવા પડ્યાં હશે, તે સમજી શકાય તેમ છે.

એમને ન્યાત બહાર મૂકી દીધા, પરંતુ આ બધી બાબતોને તેઓ ખૂબ જ સહજભાવે લેતા હતા અને જે એમણે કરવાનું હતું, તેના પર દૃઢતાથી અમલ કરતા હતા.

એમણે મજૂરોની દુર્દશા જોઈ ત્યારે તેઓના માટે પણ કંઈ કરવાનું નક્કી કર્યું. તે સમયે કામદાર લોકોને ન તો કોઈ રજા મળતી હતી, ન તો કામના કલાકો નક્કી હતા અને ન તો પગાર. બધું જ માલિકોની દયા પર આધારિત હતું. એમણે ધીમે-ધીમે મજૂરોને જાગૃત કરવાની દિશામાં પગલાં ભર્યાં અને તેઓને સામૂહિકરૂપે પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બનીને સંઘર્ષ કરવાની પ્રેરણા આપી. આજે જે મજૂરોના કામના કલાકો નક્કી છે, તેઓને રજા મળે છે, બોનસ પણ મળે છે, તો એનો શ્રેય જ્યોતિબાના ફાળે જાય છે. આ દિશામાં સર્વપ્રથમ પગલું એમણે જ ઉઠાવ્યું હતું.

સ્વતંત્રતા સેનાની બાલ ગંગાધર તિલક પર રાજદ્રોહી હોવાનો કેસ ચાલ્યો, ત્યારે જ્યોતિબા ફુલે તથા થોડા અન્ય સાથીઓએ ફરી-ફરીને જામીનગીરીની રકમ ભેગી કરી અને કેસનો ખર્ચ પણ ઉપાડ્યો. જ્યોતિબા ફુલે એક સાચા રાષ્ટ્ર-સપૂત હતા. ઈ.સ. ૧૮૮૯માં પોતાના અંતિમ શ્વાસ સુધી દેશ તથા સમાજની સેવા કરનારા આ દેવદૂત પોતાની અંતિમ યાત્રા પર ચાલી નીકળ્યા. ઇતિહાસ તેઓને હમેશાં એક એવા મહામાનવના રૂપમાં યાદ કરશે, જેમણે પોતાનું આખું જીવન દલિતો, સ્ત્રીઓ તથા રાષ્ટ્રની સેવાના માટે સમર્પિત કરી દીધું.

ભગિની નિવેદિતા

એ સમર્પિત તેજસ્વી શિષ્યા



પોતાના દેશથી ખૂબ દૂર અન્ય દેશમાં જઈને, સ્ત્રીઓમાં શિક્ષણનો પ્રસાર કરવો તથા તે દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં પૂર્ણ તન, મન, ધનથી કૂદી પડવું કોઈ સરળ કામ નથી. પરંતુ સિસ્ટર નિવેદિતાના બારામાં આ વાત પૂર્ણપણે લાગુ પડે છે. તેઓ આયર્લેન્ડ જેવા દેશમાં જન્મીને ૩૧ વર્ષની ઉંમરે ભારત આવ્યાં તથા પોતાનું શેષ જીવન એમણે ભારતની સેવામાં જ સમર્પિત કરી દીધું.

સિસ્ટર નિવેદિતાનો જન્મ ૨૮ ઑક્ટોબર, ૧૮૬૭ના રોજ આયર્લેન્ડમાં એક પ્રોસ્ટેન્ટ પાદરીના ઘરમાં થયો. ઘરનું વાતાવરણ પૂર્ણપણે ધાર્મિક હોવાનો પ્રભાવ સિસ્ટર નિવેદિતા પર પણ પડવો જરૂરી હતું. એમનું બાળપણનું નામ માર્ગ્રેટ એલિજાબેથ નોબલ હતું. બાળપણથી જ તેઓ પણ પોતાના પિતાની સાથે દીન-દુઃખીઓની સહાય માટે જતાં. એમની વાણી મધુર હતી તથા આંખો હમેશાં સંવેદનાથી તરલ રહેતી. એમને સૌંદર્ય પોતાની મા તરફથી મળ્યું હતું. લોકો એમને ‘કરુણાની નાનકડી દેવી’ તરીકે બોલાવતા હતા.

એક વાર એમના ઘરમાં ભારતથી એક મિત્ર મળવા માટે આવ્યા. નિવેદિતાના પિતા પોતાના ભારતીય મિત્ર પ્રત્યે ખૂબ લાગણી રાખતા હતા અને તેઓની વાતો ખૂબ રસપૂર્વક સાંભળતા હતા. નાનકડી નિવેદિતા પણ ભારત વિષે કહેવાતી વાતો ખૂબ જ ધ્યાનથી સાંભળતી હતી. ધીમે-ધીમે એના મનમાં ભારત જવાની ઇચ્છા જાગવા લાગી.

આયર્લેન્ડમાં રહીને જ તેઓ ભારતીય સંસ્કૃતિ તથા ત્યાંના લોકો વિષે ઘણું બધું જાણવા લાગ્યાં હતાં. એમણે પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યું અને એક અધ્યાપિકા તરીકે પોતાનું જીવન શરૂ કર્યું.

એક વાર સ્વામી વિવેકાનંદજી અમેરિકાના શિકાગો સર્વ ધર્મ સંમેલનમાં ભાગ લઈને પાછા ફરતા હતા. ત્યાંનાં છાપામાં વિવેકાનંદની વિદ્વત્તા તથા આધ્યાત્મિક શક્તિની પ્રશંસામાં લેખો છપાયા હતા. જોત-જોતામાં તેઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ ગયા હતા. પાછા ફરતાં એમને લંડનમાં પણ થોડો સમય રોકાવાનું હતું. વેસ્ટ એન્ડમાં થયેલી સ્વામી વિવેકાનંદની આ બેઠકમાં નિવેદિતા તથા એમનાં માતા-પિતા પણ આવ્યાં હતાં. વિવેકાનંદનાં પહેલી વાર દર્શન કરતાં નિવેદિતા ઉપર જે પ્રભાવ પડ્યો, તે એમણે આ શબ્દોમાં વર્ણવ્યો છે — 'નવેમ્બર મહિનાના એક રવિવારનો દિવસ. વેસ્ટ એન્ડની બેઠકમાં સ્વામી વિવેકાનંદ બિરાજમાન છે તથા એમની સામે અર્ધ ગોળાકારમાં શ્રોતાગણ બેઠા છે. તેઓ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપી રહ્યા છે તથા સંધ્યા અંધકારમાં ફેરવાઈ ગઈ છે, પરંતુ લોકો એવા બેઠા છે, જાણે ભારતના કોઈ ગામમાં વૃક્ષની નીચે કે કૂવાના થાળા પર બેઠેલા કોઈ સાધુની સાખી સાંભળી રહ્યા હોય...' નિવેદિતાએ પણ આત્મજ્ઞાન વિશે થોડી જિજ્ઞાસા પ્રગટ કરી હતી. સ્વામી વિવેકાનંદે એમને એટલી સરળ રીતે સમજાવ્યું કે તે જ ક્ષણે નિવેદિતાને ખ્યાલ આવી ગયો કે એમને જે ગુરુની શોધ હતી, તે વિવેકાનંદ જ છે. બસ, ત્યારથી જ તેઓ એમનાં શિષ્યા બની ગયાં.

સ્વામી વિવેકાનંદથી પ્રેરિત થઈને જ નિવેદિતાએ ભારત આવવાનો નિર્ણય લઈ લીધો. જ્યારે નિવેદિતાએ સ્વામી વિવેકાનંદને પત્ર લખીને પૂછ્યું કે એમણે આવીને શું અને કેવી રીતે કામ કરવું જોઈએ, ત્યારે સ્વામીજીએ અત્યંત પ્રેરક શબ્દોમાં એમને પત્ર લખ્યો — 'અત્યારે વિશ્વને એવા માનવરત્નોની જરૂર છે, જે ચરિત્રવાન હોય, જેમના હૃદયમાં માનવ-માત્રના માટે પ્રેમ અને સદ્‌ભાવ ભરેલો હોય. એ મહાન આત્માઓના મોંમાંથી નીકળતો દરેક શબ્દ તરત જ પ્રભાવ પાડશે અને સૂતેલા આત્માઓમાં નવો પ્રાણ ફૂંકશે. જાગો, મહાપ્રાણ જાગો! વિશ્વ દુ:ખના અગ્નિમાં બળી રહ્યું છે. શું તું સૂતેલી રહી શકે છે? જ્યાં સુધી કે સૂતેલો આત્મા જાગી ન જાય, જ્યાં સુધી આપણા હૃદયમાં રહેલો ભગવાન આપણા પોકારનો ઉત્તર ન આપે, ત્યાં સુધી વારંવાર પોકારતા જ જઈશું. એનાથી મહાન કાર્ય બીજું શું હોઈ શકે?'

નિવેદિતા પર સ્વામીજીના આ શબ્દોની ઊંડી અસર થઈ અને તેઓ ૨૧ જાન્યુઆરી, ૧૮૯૮ના રોજ ભારતમાં સેવાકાર્ય કરવા માટે આવી ગયાં. સ્વામી વિવેકાનંદે જાતે એમના રહેવા, સંસ્કૃત તથા બંગાળી શીખવા તથા ભોજન અને કપડાં-લતાંની વ્યવસ્થા કરી. થોડા જ સમયમાં તેઓ પૂર્ણમણે એક ભારતીય સ્ત્રી સમાન વ્યવહાર કરવા લાગ્યાં. હવે એમનું નામ પણ સ્વામી વિવેકાનંદે જ 'સિસ્ટર નિવેદિતા' રાખ્યું જેનો અર્થ હતો સર્વસ્વ ત્યાગ-મયી. એમને કોલકાતામાં સર્વપ્રથમ કાર્ય સ્ત્રી-શિક્ષણનું સોંપાયું, જેનો પ્રબંધ રામકૃષ્ણ મિશન તરફથી હતો. જોકે શરૂઆતમાં ઘણી ઓછી વિદ્યાર્થિનીઓ હતી, કેમકે તે સમયે લોકો છોકરીઓને ભણાવવાનું સારું માનતા નહોતા. પરંતુ સિસ્ટર નિવેદિતાના મધુર વ્યવહાર તથા ભારતીય રહેણી-કરણીના કારણે લોકોનો વિશ્વાસ તેમના

પ્રત્યે વધતો ગયો અને ‘નિવેદિતા બાલિકા વિદ્યાલય’ની વિદ્યાર્થિનીઓની સંખ્યા પણ ઝડપથી વધવા માંડી.

નિવેદિતાએ માત્ર શિક્ષણના ક્ષેત્રમાં જ કામ નથી કર્યું, બલકે દુષ્કળપીડિતોને પણ તન, મન, ધનથી મદદ કરી. એમનું વ્યક્તિત્વ એટલું પ્રેરણામય હતું કે જોતજોતામાં લોકો એમની સાથે સહયોગ કરવા તથા પીડિતોની મદદ કરવા માટે તૈયાર થઈ જતા હતા. એનાથી પણ આગળ વધીને નિવેદિતાએ જ્યારે અંગ્રેજી સામ્રાજ્યના અત્યાચારોથી ત્રસ્ત ભારતીયોને જોયા, તો એમના મનમાં વિદ્રોહની જ્વાળા ભડકવા લાગી. નિવેદિતાએ તે સમયના ક્રાંતિકારીઓ અરવિંદ ઘોષ વગેરેનું ખુલ્લેઆમ સમર્થન કર્યું. ભારતના સ્વાધીનતા સંગ્રામ તથા ક્રાંતિકારીઓના સમર્થનમાં ખૂબ જોરદાર ભાષણો છાપાં-સામયિકોમાં લખ્યાં. સિસ્ટર નિવેદિતાના આ રાજનૈતિક ઉપાડને જોઈને રામકૃષ્ણ મિશને એમને પોતાના મિશનમાંથી છૂટા થઈ જવાનું કહી દીધું. નિવેદિતાએ નતમસ્તકે મિશનનો આ નિર્ણય સ્વીકારી લીધો અને ભારતના પ્રત્યે પોતાનો પ્રેમ તથા તેની આઝાદીના સંઘર્ષમાં સતત સહયોગ આપતાં રહ્યાં. ભારતમાં તેઓ માત્ર ૧૩ વર્ષ જ રહ્યાં, પરંતુ આ ટૂંકા ગાળામાં જ જાણે તન અને મન બંને રૂપોમાં પૂર્ણપણે એક ભારતીય આત્મા સમાન થઈ ગયાં હતાં. તેથી જ તો ટાગોરે એમના વિશે એક સ્થાન પર લખ્યું છે, ‘નિવેદિતાનાં દર્શન કરતાં એવું લાગે છે, જાણે માનવના આત્માનાં દર્શન કરી લીધાં હોય. તેઓ સાચા અર્થોમાં લોકોની માતા હતાં.’

એમના એક પુસ્તક જેના કારણે તેઓ આજે પણ પૂરી તીવ્રતાથી યાદ આવે છે. તે છે ‘ધ માસ્ટર: એઝ આઇ સૉ હિમ’. આ પુસ્તકમાં સિસ્ટર નિવેદિતાનાં પોતાના ગુરુ સ્વામી વિવેકાનંદના વિશે એવાં રસપ્રદ સંસ્મરણો છે કે એમને વાંચતાં એવું લાગે છે, જાણે આપણે જાતે સ્વયં સ્વામી વિવેકાનંદનાં દર્શન કરી લીધાં હોય.

૧૩ ઑક્ટોબર, ૧૯૧૧ના રોજ ૪૪ વર્ષની નાની વયમાં જ તેઓ દાર્જિલિંગમાં અનંતમાં વિલીન થઈ ગયાં. એમનો અંતિમ સંસ્કાર હિંદુ વિધિથી કરવામાં આવ્યો. દાર્જિલિંગમાં બનાવવામાં આવેલું ભગિની નિવેદિતાનું સ્મારક આજે પણ એ વાતની ખાતરી આપે છે કે કેવી રીતે એક દૂર દેશની વીર નારી ભારતમાં આવીને, ભારતીય બનીને જ રહી તથા ભારતની પ્રજા માટે તથા ભારતની આઝાદી માટે આગળ ધપીને એમણે પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

દાદાસાહેબ ફાળકે

ભારતીય સિનેમાના પિતામહ



આજના યુગમાં કોણ એવું છે જેને ફિલ્મો જોવાનું ગમતું ન હોય! એ જુદી વાત છે કે કોઈને ગંભીર ફિલ્મો ગમતી હોય, તો કોઈને હળવી રમૂજી ફિલ્મોમાં રસ હોય. કેટલાક ફિલ્મોમાં યથાર્થ જીવનને જોવાના આગ્રહી હોય છે, તો કોઈને પ્રેમભાવથી તરબોળ ફિલ્મો ગમે છે, જે તેને દુનિયાના ભીડભર્યા કોલાહલથી દૂર લઈ જાય તથા તે થોડો સમય વાસ્તવિક દુનિયાની જંજાળથી છુટકારો અને શાંતિ મેળવી શકે. અર્થાત્ બાળકો, યુવાનો તથા પ્રૌઢ તમામને ફિલ્મો જોવાનું ગમે છે. પરંતુ શું ક્યારેય મનમાં એવો સવાલ ઊઠે છે કે ભારતમાં સિનેમાનો વિકાસ કેવી રીતે થયો? સૌથી પહેલી ફિલ્મ કોણે બનાવી?

દાદાસાહેબ ફાળકે જ ભારતીય સિનેમાના મૂળ પુરુષ અથવા ભગીરથ હતા જેમણે સૌથી પહેલાં અહીં સિનેમા બનાવવાનું વિચાર્યું. એમનું પૂરું નામ હતું ધુંડીરાજ ફાળકે. નાસિકથી થોડેક દૂર ત્ર્યંબકેશ્વર નામનું સ્થાન છે. ત્યાં જ ૩૦ એપ્રિલ, ૧૮૭૦ના રોજ ધુંડીરાજ ફાળકેનો જન્મ થયો. એમના પિતા સંસ્કૃતના ઘણા મોટા વિદ્વાન હતા. જ્યારે તેમની નિમણૂક મુંબઈની એલ્ફિસ્ટન કૉલેજમાં થઈ તો ફાળકેને પણ પોતાના

પિતાની સાથે મુંબઈ આવવું પડ્યું, જેથી એમનો અભ્યાસ સારી રીતે થઈ શકે. અહીં જ દસમી પાસ કરીને પછી જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં એમણે કલા શીખી. પોતાની કલાના અધિક વિકાસ માટે તેઓ વડોદરા ગયા. અભ્યાસ પતાવીને એમણે એક સર્વેક્ષણ કાર્યાલયમાં પણ કામ કર્યું, પરંતુ એમના મનમાં ખૂબ અજંપો હતો. તેઓ પોતાની ઈચ્છાનું એવું કોઈ કામ કરવા માગતા હતા જેનાથી આવક ચાલતી રહે અને કામ પણ અંતરને આનંદ આપે તેવું હોય. કોઈ કારકૂન જેવી નોકરીથી તેમને જરા પણ સંતોષ ન હતો.

અંતે એમણે બીજા કેટલાક સહયોગીઓની મદદથી લોનાવાલામાં 'ફાળકે આર્ટ પ્રિન્ટિંગ વર્ક્સ' નામનું છાપખાનું ખોલ્યું. આ કામને આગળ ધપાવવા માટે તેઓ જર્મનીથી પણ મશીનો લઈ આવ્યા. છતાં હજી એમના મનનો અજંપો દૂર નહોતો થયો. આ કામ પણ એમને પૂર્ણપણે સંતોષ આપે તેવું નહોતું.

ઈ.સ. ૧૯૧૧નું વર્ષ દાદાસાહેબ ફાળકેના જીવનમાં આશ્ચર્યજનક રીતે નવો વળાંક સર્જી ગયું. બન્યું એ કે ૨૫ ડિસેમ્બરના દિવસે તેઓ એક થિયેટરમાં વિદેશી ફિલ્મ 'ધ લાઈફ ઑફ ક્રાઇસ્ટ' જોવા ગયા. તે ફિલ્મ જોતાં-જોતાં દાદાસાહેબ કાળકે કલ્પનામાં દૂર સુધી ચાલી ગયા. એમને થયું, જો વિદેશી લોકો પોતાના આરાધ્ય પુરુષો પર આટલી સારી ફિલ્મો બનાવી શકે છે તો આપણે કેમ નહીં? બસ, ચમત્કાર થઈ ગયો. સામે પડદા પર ઈસા મસીહની કથા ચાલી રહી હતી અને દાદાસાહેબ ફાળકેની આંખોની સામે પ્રાચીન મહાકાવ્યોનાં પૌરાણિક પાત્રો ફરવા લાગ્યાં — ક્યારેક રામ, ક્યારેક કૃષ્ણ. રામની જીવન-કથા આ રીતે બતાવી શકાય, તો કૃષ્ણની આ રીતે. એમાં બીજું શું શું બતાવી શકાય? આવાં જ સ્વપ્નાંની પાછળ ભટકતાં આખી ફિલ્મ પૂરી થઈ ગઈ, ત્યારે ફાળકેસાહેબ થિયેટરની બહાર આવ્યા. હવે તેઓ અગાઉના બેચેન ફાળકે નહોતા. હવે એમને પોતાનો માર્ગ ચોખ્ખો દેખાતો હતો. એમણે મનમાં નક્કી કરી લીધું કે ભલે ગમે તેટલી મુશ્કેલી વેઠવી પડે, એમણે આ જ માર્ગે જવું છે. પોતાની આ ગડમથલમાં એમણે છ વખત 'ધ લાઈફ ઑફ ક્રાઇસ્ટ' જોઈ, ત્રણ દિવસ સુધી સતત. મજાની વાત તો એ હતી કે ફિલ્મ કેવી રીતે બનાવવી તેનું એમને જરા પણ જ્ઞાન નહોતું, પરંતુ 'મન હોય તો માળવે જવાય' જેવી વાત હતી. એમણે વિદેશોથી ફિલ્મ કંપનીઓની પત્રિકાઓ મંગાવી, જેથી જાણી શકે કે તે કંપનીઓ ફિલ્મો કેવી રીતે બનાવે છે.

એને સંયોગ જ કહેવો જોઈએ કે એ જ દિવસોમાં દાદાસાહેબ ફાળકેને એવું પુસ્તક વાંચવા મળ્યું જેમાં વિસ્તારપૂર્વક ફિલ્મનિર્માણ વિશે રોચક માહિતી આપવામાં આવી હતી. આ પુસ્તકનું નામ હતું — 'એ.બી.સી. ગાઇડ ટુ સિનેમેટોગ્રાફી'. આ પુસ્તકથી એમને મદદ મળી. સર્વપ્રથમ એમણે એક કૅમેરા ખરીદ્યો અને પોતાનાં મનપસંદ દૃશ્યોના ફોટો ખેંચવાનું શરૂ કર્યું. પરંતુ ફિલ્મ બનાવવાનું કામ એવું કામ હતું જેમાં ઘણા બધા ધનની જરૂર હતી. આ કામ ખૂબ મોંઘું હતું. વ્યાજ પર ઉછીના રૂપિયા મળી શકતા હતા, પરંતુ ઉછીના આપનારો પણ ખાતરી કરે કે આ ઉછીના આપેલાં નાણાં પાછાં આવશે ખરાં કે નહીં? અને તે જમાનામાં જ્યારે વીસમી સદીની શરૂઆત જ હતી, ફિલ્મ બનાવવાનો અર્થ હતો પૈસા પાણીમાં વહેવા. જેને પણ ઉધાર માટે કહેતા, તે ના જ પાડી દેતો. જ્યારે ક્યાંયથી પણ નાણાંની સગવડ ન થઈ શકી, તો એમણે પોતાની વીમા પોલિસી ગિરવે મૂકીને થોડા રૂપિયા ઉછીના મેળવ્યા. એ જ રકમમાંથી તેઓ ફેબ્રુઆરી, ૧૯૨૨માં લંડન પહોંચ્યા અને ફિલ્મો તૈયાર કરવાનાં મશીનો જોયાં. બે મહિના ત્યાં ફિલ્મ નિર્માણ સંબંધી પદ્ધતિ-પ્રક્રિયાઓ જોઈને દાદાસાહેબ ફાળકે પાછા ભારત આવી ગયા અને 'ફાળકે ફિલ્મ' નામથી કંપની રજિસ્ટર્ડ કરાવીને, દાદરમાં પોતાનો સ્ટુડિયો ખોલી

નાખ્યો. લોકો પીઠ પાછળ મશ્કરી પણ કરતા — 'નીકળી પડ્યો ફિલ્મ બનાવવા! કોણ જોશે એની ફિલમ? અરે, ચણા ફાકશે, ચણા. કંગાળ થઈ જશે. આટલી બધી થિયેટર કંપનીઓ છે, તે શું ફાંફાં મારશે?'

પરંતુ દાદાસાહેબ ફાળકે આ કાનથી સાંભળતા, ને પેલા કાનથી કાઢી નાખતા. તેઓ પાકી ધૂનવાળા હતા. જે નક્કી કર્યું, તે પૂર્ણ કરીને જ બતાવવું છે. તેઓ પોતાના સ્ટુડિયોમાં મહેનત કરતા રહેતા. ફિલ્મ નિર્માણના શરૂઆતના મુશ્કેલ દિવસોમાં એમને પોતાની પત્નીનાં ઘરેણાં સુધ્ધાં ગિરવે રાખવા પડ્યાં હતાં.

દાદાસાહેબ ફાળકેએ જે સર્વપ્રથમ સંપૂર્ણ ફિલ્મ બનાવી, તે હતી 'રાજા હરિશ્ચંદ્ર'. આ ફિલ્મમાં એમણે નિર્દેશક, મુખ્ય અભિનેતા, કૅમેરામૅન, મેકઅપમૅન, ડ્રેસ-ડિઝાઇનર અર્થાત્ તમામ કામ જાતે કર્યાં હતાં. તે સમયે બોલતી ફિલ્મો નહોતી, આ દાદાસાહેબ ફાળકે દ્વારા નિર્મિત પહેલી મૂંગી ફિલ્મ હતી. તે સમયે દાદાસાહેબને બીજી એક ગંભીર સમસ્યાનો સામનો કરવો પડ્યો હતી, એ સમસ્યા હતી કોઈપણ સ્ત્રીનું ફિલ્મોમાં કામ નહીં કરવું. ફિલ્મોમાં અભિનય કરવાનું ત્યારે અત્યંત હલકું કામ મનાતું હતું. ત્યાં સુધી કે કોઠા પર નાચ-ગાન કરનારી સ્ત્રી પણ આ કામ માટે તૈયાર નહોતી. લાચાર બનીને દાદાસાહેબ ફાળકેએ આ કામ એક પુરુષ અભિનેતા પાસે કરાવવું પડ્યું હતું અને તારામતીની ભૂમિકા તે જ માણસે ભજવી હતી. રાજા હરિશ્ચંદ્ર દાદાસાહેબ ફાળકે પોતે જ બન્યા હતા તથા એમના દીકરા ભાલચંદ્રે ફિલ્મમાં રાજા હરિશ્ચંદ્રના પુત્ર રોહિતાશ્વની ભૂમિકા નિભાવી હતી.

ડિસેમ્બર, ૧૯૧૨માં મુંબઈ કૉરોનેશન થિયેટરમાં 'રાજા હરિશ્ચંદ્ર' ફિલ્મ જોવા માટે લોકોનાં ટોળેટોળાં નીકળી પડ્યાં. લોકોમાં કોઈ ભારતીય દ્વારા નિર્મિત પહેલી ફિલ્મ જોવાનો ઉત્સાહ પોતાનો ચરમ સીમા પર હતો, જોકે દેશના બીજા ભાગોમાં શરૂઆતમાં ફિલ્મ એટલી સહેલાઈથી નહીં ચાલી, પરંતુ જ્યારે 'પાંચ લાખ, સત્તર હજાર ચિત્રો બે માઈલ લંબાઈમાં, માત્ર ત્રણ આનામાં જુઓ!' જેવી જાહેરાત છપાઈ કે જે સ્વયં દાદાસાહેબ ફાળકેએ તૈયાર કરી હતી, ત્યારે આ ફિલ્મ જોવા માટે લોકો ઉત્સાહભેર ઊમટી પડ્યા. ત્યારબાદ એમણે 'સાવિત્રી' તથા 'ભસ્માસુર મોહિની' ફિલ્મો બનાવી. ૧૯૫૧માં જ્યારે દાદાસાહેબ પોતાની ફિલ્મો લઈને લંડન ગયા ત્યારે ત્યાં એમની ફિલ્મને 'ટેક્નિકની દૃષ્ટિએ અજોડ' તરીકે પ્રશંસા મળી.

અત્યાર સુધીમાં દાદાસાહેબની પ્રતિભાથી કેટલાક મોટા શેઠિયાઓનું મન પણ પીગળવા લાગ્યું હતું. એમણે દાદાસાહેબની સાથે મળીને 'હિન્દુસ્તાન સિનેમા કંપની' બનાવી. આ કંપનીનો સ્ટુડિયો નાસિકમાં આવી ગયો.

દાદાસાહેબે જે સ્વપ્નને જોતાં-જોતાં ફિલ્મ નિર્માણનો માર્ગ પકડ્યો હતો, તે સ્વપ્ન ઈ.સ. ૧૯૧૮માં સાત મહિના પછી પૂરું થયું, જ્યારે 'હિન્દુસ્તાન સિનેમા ફિલ્મ કંપની'ના નેજા હેઠળ મેજેસ્ટિક સિનેમા થિયેટરમાં ગોકુલાષ્ટમીના દિવસે 'શ્રીકૃષ્ણજન્મ' ફિલ્મનું પ્રદર્શન થયું.

ધીમે-ધીમે બોલતી ફિલ્મોનો જમાનો આવી રહ્યો હતો. આથી જ આ કંપની બંધ કરી દેવી પડી. ૧૯૩૭માં દાદાસાહેબ ફાળકેએ પોતાની પહેલી બોલતી ફિલ્મ 'ગંગાવતરણ' બનાવી અને એ જ એમના જીવનની છેલ્લી ફિલ્મ હતી. તેઓ જાણે મૂંગી ફિલ્મો (લગભગ ૧૨૫ ફિલ્મો)નો એક આખો યુગ જીવ્યા. એ તદ્દન એકલા માણસનો ભગીરથ પ્રયત્ન હતો. અને જેવો બોલતી ફિલ્મોનો યુગ શરૂ થયો, તેઓ વિદાય થયા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ તેઓ અનંતમાં વિલીન થઈ ગયા.

નાસિકમાં 'હિંદ સિને જનકાશ્રમ' નામથી બનેલું એમનું સ્મારક આજે પણ એ

વાતની ઘોષણા કરે છે કે દાદાસાહેબ ફાળકેએ જીવનભર કષ્ટ વેઠીને પણ ક્યારેય હાર નહોતી માની. પોતાની ધૂનમાં હમેશાં આગળ જ ધપતા રહ્યા. એમણે શીખવ્યું, કે દૃઢ સંકલ્પ કરે તો મનુષ્ય શું નથી કરી શકતો! આજે અભિનયની દુનિયામાં સૌથી સન્માનિત અને સર્વોચ્ચ ગણાતો પુરસ્કાર દાદાસાહેબ ફાળકે પુરસ્કાર જ છે.

મદનલાલ ઢીંગરા

એક બહાદુર ક્રાંતિકારીનું બલિદાન



બાવીસ વર્ષની નાની વય. એક નિર્દોષ નવયુવાન. સમય ૧ જુલાઈ, ૧૯૦૯. સ્થાન: લંડનની ઇમ્પરિયલ ઇન્સ્ટિટ્યૂટ. ત્યાં એક સમારંભમાં કર્જન વાયલી પણ સામેલ છે. લોકો આનંદમાં છે. એકબીજાને પ્રેમથી મળી રહ્યા છે. ખાઈ-પી રહ્યા છે. અચાનક ધનાધન ગોળીઓ છૂટવાનો અવાજ. ધાંય... ધાંય... ધાંય. એક પછી એક પાંચ ગોળીઓ. દોડધામ મચી ગઈ. કર્જન વાયલીનો લોહીથી ખરડાયેલો મૃતદેહ જમીન પર પડ્યો છે. એક પારસી ડૉક્ટરે શબની નજીક જવાની કોશિશ કરી. અચાનક છઠ્ઠી ગોળી ડૉક્ટરની છાતીમાં ઊતરી ગઈ.

હા, આ બાવીસ વર્ષનો હમેશાં મૌન રહેનારો નિર્દોષ જણાતો નવયુવાન મદનલાલ ઢીંગરા હતો, જેણે ખુદીરામ બોઝ, કન્હાઈલાલ દત્ત તથા સત્યેન્દ્ર બસુને ફાંસી પર ચઢાવનારા વિલિયમ કર્જન વાયલીને આ રીતે ખુલ્લેઆમ ગોળીઓથી વીંધીને પોતાના દેશભક્ત નવયુવાન સાથીઓના મોતનો બદલો પોતાની રીતે લીધો હતો. એને પોતાના કર્યા ઉપર કોઈ અફસોસ નહોતો, બલકે ચહેરા પર પરમ સંતોષ હતો, જાણે તેની જિંદગીની

સૌથી મોટી ઇચ્છા પૂર્ણ થઈ ગઈ હોય.

આ સમય જ એવો હતો. લોકોમાં, ખાસ કરીને નવજુવાનોમાં દેશ પર મરી મીટવાની ઇચ્છા ઉછાળા મારતી હતી. હવામાં જ ક્રાંતિની ગંધ ફેલાઈ હતી અને દેશના યુવાનો ખૂબ ઝડપથી આ માર્ગ પર ધપી રહ્યા હતા. દેશને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવા છે. બસ આ જ એક લક્ષ્ય એમને દેખાતું હતું, જેના પર તેઓ અચકાવા વિના ધપી રહ્યા હતા.

મદનલાલ ઢીંગરાનો જન્મ ૧૮૮૭માં અમૃતસરના એક જાણીતા ખત્રી પરિવારમાં થયો. એમના પિતા પ્રખ્યાત શલ્ય ચિકિત્સક હતા, જેમની બ્રિટીશ સત્તા પ્રત્યેની વફાદારી જગજાહેર હતી. એ જ રાજભક્તિથી ખુશ થઈને અંગ્રેજોએ એમને ‘રાવસાહેબ'નો ખિતાબ પણ આપ્યો હતો. મદનલાલ ઢીંગરા પોતાના સાત ભાઈઓમાં છઠ્ઠા નંબર પર હતા. પિતા તો ડૉક્ટર હતા, પરંતુ દીકરાઓએ અન્ય ખત્રી પરિવારોની જેમ વ્યવસાયને જ અપનાવ્યો હતો. મદનલાલ ઢીંગરાના એક મોટાભાઈ લંડનમાં ધંધાર્થે જતા રહ્યા હતા અને લગભગ ત્યાં જ રહેતા પણ હતા. એન્જિનિયરિંગના અભ્યાસ માટે મદનલાલ ઢીંગરાને પણ પોતાના એ જ ભાઈની પાસે મોકલવામાં આવ્યા. ત્યાં એમણે યુનિવર્સિટી કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો અને કર્જન વાયલીવાળા હત્યાકાંડને જ્યારે અંજામ આપવામાં આવ્યો, ત્યારે પણ મદનલાલ ઢીંગરા એ જ એન્જિનિયરિંગ કૉલેજમાં ભણી રહ્યા હતા.

લંડનમાં તે દિવસોમાં ‘ઇંડિયા હાઉસ’ ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. એની સ્થાપના શ્યામજી કૃષ્ણ વર્મા તથા દામોદર વિનાયક સાવરકરે કરી હતી. તે ભારતીય વિદ્યાર્થીઓના અંગત સંપર્ક તથા હળવા-મળવાનું એક મુખ્ય સ્થાન હતું. ભારતથી જે વિદ્યાર્થીઓ ભણવા માટે લંડન જતા હતા, શ્યામજી કૃષ્ણ વર્મા તથા સાવરકરના પ્રયત્નો એવા રહેતા કે તેઓમાંથી દરેક વિદ્યાર્થી, ખાસ કરીને નવયુવકો ઇંડિયા હાઉસમાં જોડાય. શ્યામજી કૃષ્ણ વર્મા તે દિવસોમાં પોતાને ત્યાં આવતા નવયુવકોમાં દેશભક્તિની એવી ભાવના પેદા કરી દેતા હતા કે નવયુવકો માતૃભૂમિને ગુલામીની બેડીઓથી મુક્ત કરાવવા માટે પ્રાણેની આહુતિ આપવા માટે પણ આનંદથી તૈયાર થઈ જતા હતા.

મદનલાલ ઢીંગરાનો પરિવાર અંગ્રેજ-ભક્ત ગણાવતો હતો. આથી પોતાની પારિવારિક ભૂમિકાના કારણે લંડન પહોંચ્યા પછી મદનલાલ ઢીંગરા ઇન્ડિયા હાઉસથી દૂર જ રહેતા હતા. હા, ક્યારેક તેઓ ત્યાં જતા હતા અને ઈ.સ. ૧૯૦૮માં એક વાર લગભગ છ મહિના માટે ત્યાં રહ્યા પણ હતા. પરંતુ તેઓ બહુ બોલતા નહોતા, લગભગ મૌન જ રહેતા. ઈ.સ. ૧૯૦૯માં ઇન્ડિયા હાઉસમાં થતી બેઠકોમાં તેઓ ભાગ લેતા હતા.

અંગ્રેજ સરકાર ઇંડિયા હાઉસને શકભરી નજરે જોતી હતી અને ત્યાંની પ્રવૃત્તિઓની જાસૂસી પણ થતી રહેતી હતી. આથી જ તે સમયે પંજાબના ગવર્નર કર્જન વાયલીએ પણ મદનલાલ ઢીંગરાને કડક શબ્દોમાં સમજાવ્યું હતું કે તેઓ ઇંડિયા હાઉસ સાથે કોઈ સંપર્ક ન રાખે. મદનલાલ ઢીંગરા મનોમન સમસમીને રહી ગયા હતા. પરંતુ ત્યારથી જ કર્નલ વાયલી પ્રત્યે તેમના અંતરમાં તીખાશ ઊગવા લાગી હતી. મદનલાલ ઢીંગરાનો નાનો ભાઈ ભજનલાલ પણ તે અરસામાં અર્થાત્ ૧૯૦૯માં વધુ અભ્યાસ માટે લંડન આવી ગયો હતો. તે તો જાણે મદનલાલ ઢીંગરાના માટે એક જાસૂસ જ બની ગયો. તેમની દરેક પ્રવૃત્તિની માહિતી તે અમૃતસર મોકલતો રહેતો, જેના કારણે ઘરવાળાઓ સતત મદનલાલ ઢીંગરાને અભ્યાસ પર જ ધ્યાન આપવાની સૂચનાઓ આપતા રહેતા. સાથે જ કોઈ પંચાતમાં ન પડવાની ચેતવણી આપતા રહેતા. પરંતુ મદનલાલ ઢીંગરાનું મન

દેશભક્તિના જે માર્ગ પર ચાલી નીકળ્યું હતું, હવે તેને ત્યાંથી કોઈ વાળી શકતું નહોતું. હવે તેઓ કાયદેસર વિનાયક દામોદર સાવરકરની ક્રાંતિકારી સંસ્થા ‘અભિનવ ભારત’ના સભ્ય બની ગયા હતા. એ જ સંસ્થા તરફથી એમને જે પહેલું કામ સોંપાયું, તે હતું કર્નલ વાયલીને સાફ કરવાનું.

આખરે તે દિવસ પણ આવી પહોંચ્યો, જ્યારે એમને પોતાને સોંપાયેલા કામને પૂરું કરવાનું હતું, અર્થાત્ ૧ જુલાઈ, ૧૯૦૯નો દિવસ. કર્નલ વિલિયમ કર્જન વાયલી લંડનના ઇમ્પિરિયલ ઇન્સ્ટિટ્યૂટમાં એક સમારંભમાં ભાગ લેવા માટે આવ્યા હતા. મદનલાલ ઢીંગરા પણ આ સમારંભમાં પહોંચી ગયા. સમારંભની સમાપ્તિ પર જ્યારે કર્જન વાયલી જવાના થયા, ત્યારે મદનલાલ ઢીંગરાએ એકદમ નજીક આવીને ધનાધન પાંચ ગોળીઓ ચલાવી દીધી. કર્જન વાયલી તરત જ ઢગલો થઈ ગયા અને એમની સાથે એક ડૉક્ટર પણ જે એમને બચાવવા આવ્યા હતા. આ કામ પૂરું કરીને મદનલાલ ઢીંગરાના ચહેરા પર એવી ગર્વપૂર્ણ દીપ્તિ હતી, જાણે એમણે અંગ્રેજ સરકારને ચેતવણી આપી હતી કે હવે ભારતને ગુલામ બનાવનારા અંગ્રેજો પોતાના દેશમાં પણ સલામત નથી.

આ ઘટના પછી તરત જ મદનલાલ ઢીંગરા જેવા ક્રાંતિકારી દેશભક્તના ઘરવાળાઓની જે પ્રતિક્રિયા હતી, તે વાંચીને કોઈનું પણ મન દુ:ખી તથા શરમિંદું થયા વિના નહીં રહે. માતૃભૂમિને ગુલામીની બેડીઓથી મુક્ત કરાવવાના પ્રયત્નો કરનારા મદનલાલ ઢીંગરાના પિતાએ આ ઘટનાની ઘોર નિંદા કરતાં, મદનલાલ ઢીંગરાને પોતાનો પુત્ર માનવાથી જ ઇન્કાર કરી દીધો. એમનું કહેવું હતું કે ‘એણે મારા ચહેરા પર મેશ ચોપડી છે.’ એ જુદી વાત છે કે ભવિષ્યે પૂર્ણપણે સાબિત કરી દીધું છે કે કોણે કોના ચહેરા પર મેશ ચોપડી હતી! ઢીંગરાના જે ભાઈ લંડનમાં રહેતા હતા, તેમણે પણ ૪ જુલાઈના રોજ કર્જન વાયલીના માટે આયોજિત એક શોકસભામાં આ ઘટનાની નિંદા કરીને નિંદા-પ્રવચન પાસ કરાવવાની કોશિશ કરી, પરંતુ સાવરકરે તેનો વિરોધ કર્યો. ત્યારે એક અંગ્રેજ અધિકારીએ તેમને મુક્કો માર્યો. સાવરકરના મિત્ર થિરૂમલ આચાર્ય પાસે જ ઊભા હતા. એમણે પોતાની લાઠી વડે પેલા અકડુ અંગ્રેજ અધિકારી પર હુમલો કર્યો. આ આખી પરિસ્થિતિના કારણે તે નિંદા-પ્રસ્તાવ પસાર ન થઈ શકયો. બીજી બાજુ, ઇંડિયા હાઉસમાં મદનલાલ ઢીંગરાને ‘માતૃભૂમિનો વીર સેવક’ કહીને નવાજવામાં આવ્યા.

મદનલાલ ઢીંગરા પર લંડનમાં ખૂનનો કેસ ચાલ્યો અને માત્ર બાવીસ જ દિવસ પછી એમને ફાંસીની સજા પણ સંભળાવી દેવાઈ. ફાંસી માટે ૧૭ ઑગસ્ટ, ૧૯૦૯નો દિવસ નક્કી કરી દેવાયો.

પોતાના કેસ દરમિયાન વીર ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાએ જે વાતો કહી, તે ભવિષ્યના નવજુવાનોને દેશભક્તિના માર્ગ પર દૃઢતાથી ટકી રહેવાની પ્રેરણા આપનારી હતી. એમણે કહ્યું — ‘હિંદુ હોવાના કારણે હું અનુભવ કરું છું કે મારા રાષ્ટ્રની ગુલામી મારા ઈશ્વરનું અપમાન છે. માતૃભૂમિની સ્વતંત્રતા માટે કરવામાં આવેલું કાર્ય ભગવાન કૃષ્ણના માટે છે. ન તો હું શ્રીમંત છું, ન તો લાયક. આથી મારા જેવો ગરીબ દીકરો માતાની મુક્તિની વેદી પર પોતાના લોહી સિવાય બીજું કંઈ જ ભેટ નહીં કરી શકે. આથી હું મારો બલિ આપવાના વિચારમાત્રથી જ પ્રસન્ન થઈ રહ્યો છું. મારી હાર્દિક પ્રાર્થના છે કે હું મારી માતાના પેટે ફરીથી જન્મ લઉં અને આ જ પુણ્યકાર્ય માટે મરું, જ્યાં સુધી કે મારો ઉદ્દેશ પૂર્ણ ન થઈ જાય.’

એમની અંતિમ ઇચ્છા હતી એમનો અંતિમ સંસ્કાર હિંદુ વિધિથી થાય તથા એમના સગા ભાઈઓ એમના શબને સ્પર્શ પણ ન કરે. પરંતુ જલદી-જલદી એમને ૧૭ ઑગસ્ટ,

૧૯૦૯ના રોજ પેટનવિલેમાં ફાંસી આપી દેવામાં આવી અને જેલની અંદર જ દફનાવી દીધા.

શ્યામજી કૃષ્ણ વર્માએ એમના આ બલિદાનને આ ભાવપૂર્ણ શબ્દોમાં યાદ કર્યું — 'ઢીંગરાનું બલિદાન સ્વતંત્રતા માટે છે. એમણે એકલાએ જ બ્રિટીશ ભૂમિ પર ઊભા રહીને બ્રિટનના અત્યાચારોને લલકાર્યા છે.'

ઑગસ્ટમાં મદનલાલ ઢીંગરાને ફાંસી આપવામાં આવી અને લાલા હરદયાલ, જેઓ પોતે ક્રાંતિકારી વિચારોના પાકા સ્વાધીનતા સેનાની હતા તથા ક્રાંતિકારીઓને ખૂબ મદદ કરતા હતા, તેમણે સપ્ટેમ્બરમાં 'વંદે માતરમ્' નામની પત્રિકા છાપી. તેનો પહેલો અંક 'બલિદાન અંક' હતો. તેમાં લાલા હરદયાલે આ શબ્દોમાં અમર બલિદાની ઢીંગરાને યાદ કર્યા — 'અમર ઢીંગરા તે વીર હતા, જેમના કિંમતી શબ્દો તથા કર્મોનું આપણે સદીઓ સુધી સાચા હૃદયથી ધ્યાન કરવું જોઈએ. ઢીંગરાએ પ્રાચીનકાળના રજપૂતો જેવું આચરણ કર્યું. એમણે ભારતમાં અંગ્રેજોની મહાસત્તા પર ઘાતક વાર કર્યો છે.'

ભલે ને અંગ્રેજોએ મદનલાલ ઢીંગરાને તેમની અંતિમ ઇચ્છાની વિરુદ્ધ પેટનવિલે જેલની કોટડીમાં દફનાવી દીધા, પરંતુ શું તેઓ એમની માટીમાંથી ઊઠતી ક્રાંતિકારી ગંધને પણ દફનાવી શક્યા, જેણે ભવિષ્યની નવજુવાન પેઢીને એ જ માર્ગ પર ઝડપથી ધપવા તથા આત્મબલિદાન માટે પ્રેરણા આપી. એ જ ક્રાંતિકારી ભાવનાથી પ્રેરિત થઈને કેટલાયે નવજુવાનો માતૃભૂમિની બલિવેદી પર હસતા-હસતા પ્રાણ ન્યોચ્છાવર કરી ગયા. એમના જ જોર પર આજે ભારત આઝાદ થયું અને આપણે આજે આઝાદ હવામાં શ્વાસ લેના, આખા વિશ્વની સામે એક સ્વતંત્ર દેશના રૂપમાં ગર્વથી ઉન્નત મસ્તકે ઊભા છીએ.

સર ગંગારામ

અદ્ભુત દેશભક્ત એન્જિનિયર



એંસી હજાર એકર પડતર જમીનને લહેરાતી હરિયાળીથી ભરી દેવાનું સ્વપ્ન...! આ કોઈ નાનું સ્વપ્ન નહોતું. પરંતુ હમેશાં મોટાં સ્વપ્નાં જોનારા આપણા દેશના ધૂની વિજ્ઞાની તથા એન્જિનિયર સર ગંગારામે આ જાદુ કરી બતાવ્યો. લગભગ ૭૦ વર્ષની ઉંમરે અને તે પણ માત્ર છ ફૂટની ઊંચાઈથી પડતાં પાણીમાંથી જળ-વિદ્યુત બનાવીને... છે ને નવાઈની વાત! જાણે સત્ય નહીં, કોઈ જાદુની વાત થઈ રહી હોય. પરંતુ ખરેખર આ 'જાદુ'ને વાસ્તવમાં ફેરવી દીધું આપણા દેશના જાદુગર એન્જિનિયર સર ગંગારામે.

આજના જમાનાના લોકો ૫૦ વર્ષની ઉંમરમાં જ પોતાની જાતને વૃદ્ધ અને લાચાર ગણવા માંડે છે. કોઈ પણ નવું કામ હાથમાં લેતાં ગભરાય છે અથવા તેને તદ્દન અશક્ય માની લે છે, પરંતુ સર ગંગારામ ખૂબ જ ખંતીલા માણસ હતા. એમણે જિંદગીમાં ક્યારેય હાર નહીં માની અને ન તો કોઈ કાર્યને અશક્ય માન્યું. એમની દૃઢ ઇચ્છાશક્તિની સામે માર્ગમાં આવતી મુશ્કેલીઓ આપોઆપ દૂર થતી ગઈ. તેઓ ૭૬ વર્ષની ઉંમર સુધી જીવ્યા, પરંતુ આખું જીવન કાર્યરત રહ્યા. નવરા બેસવાનું તો જાણે એમને આવડતું જ નહોતું.

જયારે તમામ રાજનેતા તથા ક્રાંતિકારીઓ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવામાં પૂરા દિલથી લાગેલા હતા, તે સમયે સર ગંગારામે એક અલગ જ માર્ગ પકડ્યો. એમણે દેશને કૃષિ તથા ઉદ્યોગોના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાનું તથા સામાજિક દૂષણોની બેડીઓમાંથી મુક્ત કરાવવાનું નક્કી કર્યું તથા તે કાર્યમાં પૂરી લગનીથી લાગી ગયા.

પશ્ચિમી પંજાબના શેખુપુરા જિલ્લામાં વૈશાખીના દિવસે, ૧૩ એપ્રિલ, ૧૮૫૧ના રોજ ગંગારામનો જન્મ થયો. એમનો પરિવાર બહુ સમૃદ્ધ નહોતો, છતાં સ્વાભિમાની હોવાના કારણે થોડામાં પણ સારી રીતે ગુજરાન ચાલી જતું હતું. પિતા પોલીસમાં હતા ને તેમની ધર્મમાં ઊંડી આસ્થા હતી. એમની બદલી અમૃતસર થઈ, તો ગંગારામ પણ અમૃતસર આવી ગયા. બાળપણથી જ ગંગારામની ભણવા-લખવામાં રુચિ ઘણી હતી. જે કામ કરતા, ખંતથી કરતા હતા. એન્જિનિયરિંગનો અભ્યાસ એમણે રૂડકીથી કર્યો હતો અને ૧૮૭૩માં માત્ર ૨૨ વર્ષની ઉંમરમાં તેઓ મદદનીશ એન્જિનિયરિંગના પદ પર કામ કરવા લાગ્યા. સિવિલ એન્જિનિયરિંગમાં રસ હોવાના કારણે એમણે અનેક પ્રસિદ્ધ ભવનોનું નિર્માણ પોતાની દેખરેખ હેઠળ કરાવ્યું. તેમાંથી મોટાભાગનાં આજે પાકિસ્તાનમાં છે. હીરામંડીનું વૉટર વર્કસ તથા તળાવ, ગિરજાઘર, મેયો સ્કૂલ ઑફ આર્ટ્સ, આલ્બર્ટ વિક્ટર હૉસ્પિટલ તથા એચિસન કૉલેજની ઇમારતો આજે પણ એમનાં કામોનાં સજ્જડ પ્રમાણ છે. સરકારી નોકરીમાંથી સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ લીધા પછી તેઓ પતિયાલામાં સુપ્રિન્ટેન્ડન્ટ એન્જિનિયર તરીકે નિમાયા. એમના નિર્દેશનમાં એક થી એક ભવ્ય ઇમારતો બની. તેમાં ઇજલાસ-એ-ખાસ, સચિવાલય ભવન, અદાલતો તથા મોતીબાગ પ્રસિદ્ધ છે. બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના નિર્માણમાં પણ એમણે પરોક્ષરૂપે સક્રિય યોગદાન આપ્યું. ત્યાંનું સાદું છતાં ગરિમાપૂર્ણ સ્થાપત્ય ભવન-નિર્માણનું સુંદર પ્રતીક છે.

ભવનોના નિર્માણો સિવાય સર ગંગારામ ખેડૂતોના માટે પણ ઘણું બધું કરવા માગતા હતા. ભારતમાં કૃષિ શરૂઆતથી જ વર્ષા પર આધારિત રહી છે. આથી સિંચાઈ એક મુખ્ય સમસ્યા છે. આજે પણ ખેડૂતોને એમની જરૂરિયાતો અનુસાર પાણી નથી મળતું અને પાક એટલા નથી થતા, જેટલા થવા જોઈએ. સાંઈઠ વર્ષની ઉંમર થઈ જવા છતાં પણ સર ગંગારામના મનમાં સક્રિય જીવનથી નિવૃત્તિ લેવાની ઇચ્છા નહોતી. ખેડૂતોની મુખ્ય મુશ્કેલી સિંચાઈ છે. એમના માટે પાણીની વ્યવસ્થા કેવી રીતે થઈ શકે, તેના પર જ તેઓ રાત-દિવસ વિચારતા હતા. આખરે એમણે પોતાની દૃઢ ઇચ્છાશક્તિથી આ સમસ્યાનો હલ શોધવા માટે નક્કી કરી લીધું. એમણે પોતાની યોજના સરકાર સમક્ષ રજૂ કરી. અંગ્રેજ સરકારે લાયલપુરમાં લગભગ એકસો વીસ ચોરસ ફૂટ જમીન એ શરત પર આપવાનું સ્વીકાર્યું કે તેઓ એના પર વરાળથી તથા ઉત્કર્ષ સિંચાઈ (વૉટર લિફ્ટિંગ) પદ્ધતિથી ખેતી કરીને બતાવશે. સર ગંગારામે આ પડકારનો સ્વીકાર કર્યો અને પોતાનું કામ શરૂ કરી દીધું.

સર ગંગારામને જે જમીન મળી હતી, તેમાંથી થોડી તો નહેરનાં પાણીની સપાટીથી છ ફૂટથી પણ વધારે ઊંચી હતી. એમણે તે જમાનામાં જ્યારે એક રૂપિયાની પણ ઘણી કિંમત હતી, ૧૫૦૦ રૂ.માં એક બૉયલર ખરીદીને, તેના વડે ખેતી કરવાનો જાદુ કરી બતાવ્યો. ત્રણ મહિનામાં તે જમીનમાં પહેલો પાક ઊગ્યો, તો લોકો નવાઈ પામી ગયા. આ રીતે એમણે હજારો એકર પડતર જમીનને ખેતીલાયક બનાવી. પોતાના સામર્થ્ય પ્રમાણે, એમણે બારીદોઆબ (પંજાબ)માં લગભગ એંસી હજાર એકર પડતર રહેલી જમીનને ખેતીલાયક કરી બતાવી. આ જમીનની સિંચાઈ માટે એમને પાણી-વીજળીની જરૂર હતી, જેથી તેની મદદથી પાણીને નહેરોના સ્તરથી ઉપર ઉઠાવીને સિંચાઈ થઈ શકે. એમણે

રેનાલાખુર્દમાં માત્ર છ ફૂટની ઊંચાઈથી મોટા-મોટા ટર્બાઈનોની મદદથી પાણીની વીજળી ઉત્પન્ન કરીને આખી દુનિયાને ચકિત કરી દીધી. આજ સુધી કોઈ પણ વિજ્ઞાની કે એન્જિનિયરે આટલી ઓછી ઊંચાઈએથી પાણી પાડીને પાણી-વીજળીનું ઉત્પાદન કર્યું નહોતું.

એંસી હજાર એકર પડતર જમીન પર જ્યારે પુષ્કળ પાક લહેરાવા લાગ્યો અને અન્નના ભંડાર ભરાવા લાગ્યા, તો સર ગંગારામે પોતાના વાયદા પ્રમાણે જમીન સરકારને પાછી આપી દીધી, જેને પ્રથમ વિશ્વયુદ્ધમાંથી પાછા ફરેલા સૈનિકોમાં વહેંચી દેવાની હતી. સર ગંગારામ ખૂબ ઉદાર દિલવાળા હતા. તેઓ એ કહેવતને પૂર્ણપણે ચરિતાર્થ કરતા હતા કે બે હાથે કમાવો અને હજાર હાથે દાન આપો. પોતાના જીવનમાં એમણે એ જ કર્યું.

સર ગંગારામ પોતાના જીવનમાં ઘણું કમાયા હતા, પરંતુ તેઓ એને ફક્ત પોતાના કે પોતાના પરિવારના માટે સંભાળીને રાખવા માગતા નહોતા, બલકે તેને સમાજસેવામાં વાપરવા માગતા હતા. એમણે ઈ.સ. ૧૯૧૩માં સર ગંગારામ ટ્રસ્ટ બનાવ્યું અને લગભગ ૫૦ લાખ રૂપિયા આ ટ્રસ્ટને દાનમાં આપી દીધા. આ ધનથી કેટલાયે વિધવા આશ્રમ, અપંગ આશ્રમ તથા મફત સારવાર આપતી હૉસ્પિટલો શરૂ કરવામાં આવ્યાં. હજારો દુ:ખી લોકો, જરૂરિયાતવાળા લોકોને તેનાથી આધાર મળ્યો. આ પોતાની રીતે આગવી દેશ-સેવા હતી. દેશના લોકોને સમર્થ બનાવવા, અન્ન-ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા, ખેડૂતોને સમૃદ્ધ બનાવવા, આ સર ગંગારામનાં આગવાં સ્વપ્નાં હતાં. દેશને સાક્ષર બનાવવાની દિશામાં પણ એમણે નક્કર કામ કર્યું. કેટલીયે શિક્ષણ-સંસ્થાઓને છૂટા હાથે દાન આપ્યું અને કેટલીયે નવી શિક્ષણ-સંસ્થાઓ શરૂ કરી.

આ રીતે જોતાં તેઓ ખરેખર એવા અદ્ભુત વિજ્ઞાની હતા, જેમને 'ધરતીપુત્ર' કહી શકાય! દેશના ભાગલા થવાના કારણે આ ટ્રસ્ટના ઘણા આશ્રમો તથા સંસ્થાઓ પાકિસ્તાનમાં ચાલી ગયાં. આઝાદી પછી સર ગંગારામ ટ્રસ્ટે ભારતમાં પણ એક હૉસ્પિટલ બનાવડાવી, જેના પર તે સમયે ૧૫ લાખ રૂપિયા ખર્ચ થયો. આજે આ હૉસ્પિટલ સર ગંગારામ હૉસ્પિટલના નામથી દેશના પ્રખ્યાત સારવાર કેન્દ્રોમાંની એક છે. ૧૦ જુલાઈ, ૧૯૨૭ના રોજ ૭૬ વર્ષની ઉંમરે સર ગંગારામ લંડનમાં અવસાન પામ્યા, પરંતુ એમણે દેશના કલ્યાણ માટે જે વિલક્ષણ કામો કર્યાં, તેમના માટે એમને આજે પણ ભારે આદરપૂર્વક યાદ કરવામાં આવે છે.

માદામ ભીખાજી કામા

જેમણે સર્વપ્રથમ ત્રિરંગો ફરકાવ્યો



'દેશબંધુઓ! આપણા દેશમાં આપણી સ્થિતિનો ખ્યાલ કરો. રશિયામાં દેશભક્તિ કરનારાઓ વીર ગણાય છે. અંગ્રેજો પણ તેઓને વીર ગણે છે, અને એ જ અંગ્રેજો આપણને દેશદ્રોહી તથા ગુનેગાર માનીને સજા આપે છે. આવું શા માટે? આવો ભેદભાવ કેમ? જુલમ તો જુલમ જ છે. વિદેશી સત્તાને ઉખાડીને ફેંકી દેવી જ સાચી દેશભક્તિ છે. ગુલામ જીવન મિથ્યા છે...'

'સ્વાધીનતાની કિંમત આપણે ચૂકવવી જ પડશે. કિંમત ચૂકવ્યા વિના કયો દેશ આઝાદ થયો છે? ઈશ્વરની કૃપા માનો કે આપણામાં જાગૃતિ આવી ગઈ છે. જુલમ સહી લેવો એ તો પાપ છે. આપણે જુલમગારોનો સામનો કરવો જ પડશે.'

'અંગ્રેજો ન્યાયની વાત કરે છે. પણ કયા ન્યાયની? એમનો ન્યાય તો ક્રૂર મજાક છે. સાચું બોલનારા દેશભક્તોને પકડીને તેઓ જેલમાં પૂરી દે છે. આપણે આપણો દેશ પાછો જોઈએ છે. અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલી કોઈ પણ ચીજ આપણને નથી જોઈતી.'

આ તે ભાષણોના કેટલાક ટુકડા છે જેમાં આઝાદીની તડપ તથા વિદ્રોહ ઊકળી

રહ્યો છે. આ જ તે ભાષણ હતાં જેમને પ્રસિદ્ધ સ્વતંત્રતા સેનાની માદામ ભીખાજી કામાના મોંએથી સાંભળીને જાણે પથ્થર પણ પીગળી જતા હતા. તેઓ માર્મિક રીતે પોતાના દેશના લોકો તથા વિદેશીઓને પણ ભારતની સ્થિતિથી વાકેફ કરાવતાં. સાથે જ તેઓને અન્યાય સાથે લડવા માટે ઉશ્કેરતાં. પોતાનાં આ ભાષણોમાં જાણે આગ ઓકતાં હતાં. એમના શબ્દો સીધા હૃદયમાંથી નીકળતા હતા. અને સાંભળનારાઓનાં હૃદયમાં ઊંડે ઊતરી જતા હતા. માદામ ભીખાજી કામાએ લાખો લોકોનાં મનમાં ભારતને આઝાદ કરાવવાની ભાવના પેદા કરી. તેઓને ગુલામીનો અનુભવ કરાવ્યો તથા દેશની આઝાદીના માટે મરી ફીટવાની ભાવના પેદા કરી. ભારત જ નહીં, વિદેશોમાં જઈને પણ એમણે લોકોને ભારતવાસીઓ પર અંગ્રેજો દ્વારા થઈ રહેલા જુલમો પ્રત્યે સભાન કર્યા. એમની સામે ભારતની ગુલામીની માર્મિક છબી રજૂ કરી અને ભારતની આઝાદીની લડાઈ માટે આખા વિશ્વનું મજબૂત સમર્થન મેળવ્યું.

આઝાદીની લડાઈની આ નીડર યોદ્ધા તથા મહાન ક્રાંતિકારી મહિલા માદામ ભીખાજીનો જન્મ મુંબઈના એક પારસી પરિવારમાં ૨૪ સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ થયો. તે સમયે છોકરીઓના શિક્ષણ પ્રત્યે કોઈ લક્ષ આપતું નહોતું, પરંતુ ભીખાજીએ પારસી ગર્લ્સ હાઇસ્કૂલમાંથી મૅટ્રિક સુધી શિક્ષણ લીધું હતું. બાળપણથી ભીખાજી વિલક્ષણ બુદ્ધિવાળી બાળા હતાં. તેઓ અન્ય છોકરીઓ કરતાં ઘણાં સક્રિય હતાં. કોઈ પણ કામ ભારે જોમથી કરતાં. એમને આળસુ તથા કેવળ મોટી-મોટી વાતો કરનારા લોકો પસંદ નહોતા. જે કામ વિચારતાં, તરત જ કરવા માટે તૈયાર થઈ જતાં, પૂરી લગની અને તાકાતની સાથે.

ઈ.સ. ૧૮૮૫માં કૉંગ્રેસ પાર્ટી બની અને તેનું પહેલું અધિવેશન મુંબઈમાં જ થવાનું હતું. માદામ ભીખાજી પણ તે સંમેલનમાં ગયાં. બસ, ત્યારથી જ એમના મનમાં ભારતની સ્વતંત્રતાના સંઘર્ષમાં સક્રિયપણે ભાગ લેવાની ઇચ્છા જાગી ઊઠી. પોતાની દીકરીને આ રીતે રાજનીતિમાં કૂદી પડતાં જોઈને, માતા-પિતાએ એમને ગૃહસ્થીમાં બાંધવાની કોશિશ કરી. તેના જ પરિણામે મુંબઈના એક સમૃદ્ધ વકીલ રુસ્તમજી કામા સાથે એમનાં લગ્ન કરી દેવામાં આવ્યાં. પરંતુ ભીખાજી કામા તો અલગ માટીનાં બનેલાં હતાં. એમનામાં જે ક્રાંતિકારી વિચારોની આગ હતી, તે વળી કેવી રીતે એમને ગૃહસ્થીની ગાડી ચલાવવા દે! ભીખાજી કામા કોઈ નાની ઓરડીમાં ક્યાં ભરાઈ રહેવા માગતાં હતાં! આખરે આ લગ્ન ટક્યાં નહીં અને માદામ ભીખાજી કામાએ ઝડપથી પોતાનો જુદો માર્ગ પકડી લીધો. તેઓ પૂર્ણ મનથી દેશની આઝાદીની લડાઈમાં કૂદી પડ્યાં.

ઈ.સ. ૧૯૦૧ની આસપાસ લગભગ ૪૦ વર્ષની ઉંમરે ભીખાજી ગંભીર રીતે બીમાર પડ્યાં, તો ઈલાજ માટે લંડન જતા રહ્યાં. ત્યાં એકાદ મહિનો ચાલેલી સારવાર તથા આરામના લીધે તેઓ ફરી સાજા થઈ ગયાં. સાજાં થતાં જ વળી પાછાં ક્રાંતિના માર્ગે ચાલી નીકળ્યાં. ત્યાં જ લંડનમાં રહેતાં એમની મુલાકાત ભારતની આઝાદીના ક્રાંતિકારી યોદ્ધા શ્યામજી કૃષ્ણ વર્મા સાથે થઈ, જેઓ પોતે એક સારા બૅરિસ્ટર હતા અને લંડનમાં રહેતા હતા. અહીં તેમણે 'ઇન્ડિયા હાઉસ' નામનું એક ભવન લઈ રાખ્યું હતું તથા 'અભિનવ ભારત' નામની એક સંસ્થા બનાવી હતી. ભારતથી જેટલા પણ નવયુવાનો કે વિદ્યાર્થીઓ ભણવા માટે ઈંગ્લૅન્ડ જતા હતા, શ્યામજી કૃષ્ણ વર્માની સતત કોશિશ રહેતી, તેઓ તમામ કમ-સે-કમ એક વાર તો જરૂર ઇન્ડિયા હાઉસ આવે તથા 'અભિનવ ભારત'ના સભ્ય બને. ઇન્ડિયા હાઉસમાં થોડા-થોડા સમયે જોશીલાં ભાષણો અપાતાં, જેથી નવયુવાનોનાં હૈયાંમાં ક્રાંતિની જવાળા પ્રગટાવી શકાય અને પછી તેઓ આઝાદીની લડાઈના બહાદુર સૈનિક બને.

આ સંસ્થામાં રહીને થોડો સમય માદામ ભીખાજી કામાએ આ કાર્યને ખૂબ જ પ્રશંસનીય રીતે પૂર્ણ કર્યું. એમનાં અગ્નિઝરતાં ભાષણોએ અનેક નવયુવાનોને સ્વતંત્રતાની વેદી પર આનંદભેર પોતાનું બલિદાન આપી દેવા માટે તૈયાર કર્યા. આવેશથી ભરાઈને તેઓ દેશની આઝાદી માટે પ્રાણીની આહુતિ આપવા માટે તત્પર થઈ ગયા. લંડનના હાઈડ પાર્કમાં માદામ ભીખાજી કામાએ અનેકવાર એવાં આગ ઝરતાં, ઉત્તેજક ભાષણો આપ્યાં કે અંગ્રેજ સરકાર પણ ધ્રૂજી ઊઠી. માદામ ભીખાજી કામાને જેવા સમાચાર મળ્યા કે એમને ગિરફતાર કરી શકાય છે, તેઓ પેરિસ જતાં રહ્યાં. તેઓ ઇચ્છતાં હતાં કે તેઓ ફ્રાંસમાં રહેતા લોકોની સામે પણ ભારતની સાચી છબી રજૂ કરે, કે અંગ્રેજો કેટલા જુલમી છે. તેઓ સતત સક્રિય રહેવા માગતા હતાં અને લોકોની વચ્ચે પણ, એટલે ગિરફતારીથી બચવાની સતત કોશિશ કરતાં હતાં.

પેરિસમાં જ એમની મુલાકાત લાલા હરદયાલ, વિનાયક દામોદર સાવરકર, મુકુંદ સરદેસાઈ તથા વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય જેવા દેશભક્ત ક્રાંતિકારીઓ સાથે થઈ, ત્યારે એમને એ વિચારીને ખૂબ જ બળ મળ્યું કે આઝાદીની લડાઈમાં હજારો લોકો એક સાથે ચાલી રહ્યા છે. ચોક્કસ જ હવે ભારત વધારે દિવસ સુધી પરાધીન નહીં રહે.

એમણે 'વંદે માતરમ્' નામનું એક સાપ્તાહિક છાપું પણ શરૂ કર્યું, જેથી જ્યાં એમનાં ભાષણો ન પહોંચી શકે, ત્યાં લોકો 'વંદે માતરમ્' વાંચીને ભારતની સાચી તસ્વીર જોઈ શકે. તે જ અરસામાં ભારતની આઝાદીની લડાઈના માટે લાખો લોકોનું સમર્થન મેળવવા માટે તેઓ અમેરિકા, જર્મની, સ્કૉટલેન્ડ વગેરે દેશોમાં પણ ગયાં. તેઓ જ્યાં પણ જતાં, અંગ્રેજ સરકારની અસલિયત તથા એમની ભારતીયો પ્રત્યે વર્તાતી ક્રૂરતાની પોલ ખોલતાં. જાણે તેઓ ભારતની સ્વતંત્રતા માટે આખા વિશ્વનો જનમત મેળવી રહ્યાં હોય.

સન ૧૯૦૮માં જર્મનીમાં જુદા-જુદા દેશોના લગભગ એક હજાર સમાજવાદીઓનું સંમેલન થયું. આ સંમેલનમાં દરેક દેશનો ઝંડો લહેરાતો હતો. માદામ ભીખાજી કામા પણ ભારતના પ્રતિનિધિના રૂપમાં આ સંમેલનમાં સામેલ થયાં. ભારતની આઝાદીથી આશરે ૪૦ વર્ષ પહેલાં જ, એમણે આઝાદ ભારતના ઝંડાની ખૂબ સુંદર કલ્પના કરી લીધી હતી. આ સંમેલનમાં એમણે પોતાના હાથે બનાવેલો લાલ, સફેદ તથા લીલા રંગનો ત્રિરંગો ઝંડો, જેની સફેદ પટી પર 'વંદે માતરમ્' લખેલું હતું ત્યાં ફરકાવી દીધો, જમાં બીજા દેશોના ઝંડા ફરકતા હતા. આથી ખ્યાલ આવે છે કે એમના મનમાં ભારતને એક સ્વતંત્ર દેશના રૂપમાં જોવાની કેટલી ઊંડી ઉત્કંઠા હતી.

આ સંમેલન પછી તો એમને પોતાના જ બનાવેલા આ ઝંડા પ્રત્યે એટલી લાગણી થઈ ગઈ કે તેઓ એને પોતાનાથી ક્યારેય જુદો નહીં કરતાં. જયાં પણ જતાં, પહેલાં તે ઝંડો રોપતાં અને પછી એમનું જોરદાર ભાષણ શરૂ થઈ જતું. ઝંડો એમના માટે આઝાદ ભારતનું પ્રતીક બની ગયો હતો. ઈ.સ. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં એમણે પોતાના છાપા 'વંદે માતરમ્'માં અત્યંત વિચારોત્તેજક લેખ લખ્યો, જેનો હેતુ હતો કે ભારત આ યુદ્ધમાં અંગ્રેજોને સાથ નહીં આપે. એવા કઠિન સમયમાં જ્યારે અંગ્રેજો પર વિશ્વયુદ્ધનાં વાદળ તોળાઈ રહ્યાં હતાં, અંગ્રેજ સરકાર એવાં ઉત્તેજક લેખને વળી કેવી રીતે સાંખી લે! ફ્રાંસ આ વિશ્વયુદ્ધમાં અંગ્રેજોની સાથે હતું, તેથી ફ્રાંસની સરકારે ભીખાજી કામાને જેલમાં ધકેલી દીધાં. ૧૯૧૮માં જ્યારે વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે જ એમને મુક્ત કરાયાં.

આટલાં વર્ષો સુધી દેશની બહાર રહીને ભીખાજી કામા હવે થાકવા લાગ્યાં હતાં. બીમારીએ પણ એમને જકડી લીધાં હતાં. એમને થતું હતું, એમની માતૃભૂમિ એમને બોલાવી રહી છે. તેઓ ફરીથી માતૃભૂમિની ગોદમાં શાંતિ મેળવવા ચાહતાં હતાં. તેઓ

ભારત પાછાં ફરવા માટે વ્યાકુળ બન્યાં. અંગ્રેજ સરકારે ખૂબ જ કડક શરત પર એમને ભારત આવવાની છૂટ આપી. શરત એ હતી કે તેઓ કોઈ રાજનૈતિક કામમાં ભાગ નહીં લેશે અને અંગ્રેજોની વિરુદ્ધમાં એક શબ્દ પણ નહીં બોલશે.

એક એવી વ્યક્તિ જે જીવનભર પોતાના શત્રુની વિરુદ્ધ આગ ઓકતી રહી હોય, તેના પર ઘડપણમાં એક પણ શબ્દ તેની વિરુદ્ધ નહીં બોલવાની શરત થોપવામાં આવે, તો તેનું મૃત્યુ તે જ દિવસે થઈ જાય છે. માદામ ભીખાજી કામાના જીવનની નક્કર સાર્થકતા એમાં જ છે કે તેઓ આજીવન અંગ્રેજી સત્તા વિરુદ્ધ આગ ઓકતાં રહ્યાં અને આખી દુનિયાને સાચા જોમથી કહેતાં રહ્યાં કે અંગ્રેજો ભારત ઉપર કેટલા જુલમ કરે છે. જીવનના અંતિમ સમયે જ્યારે પોતાની ધરતી, અર્થાત્ માતૃભૂમિને સ્પર્શ કરવા તથા જોઈ લેવાના બદલામાં એમને ચૂપ કરી દેવામાં આવ્યાં, ત્યારે એમનો દેહ જાણે જાતે જ નિષ્પ્રાણ થવા માંડ્યો હતો. સન ૧૯૩૫માં તેઓ ભારત પાછાં આવ્યાં અને પૂરું એક વર્ષ પણ જીવતાં ન રહ્યાં. ૧૬ ઑગસ્ટ, ૧૯૩૬ના રોજ. પોતાનો નિષ્પ્રાણ દેહ ત્યાગીને તેઓ અનંત ભણી ઊડી ગયાં. ભારતના સ્વતંત્રતાના સંઘર્ષમાં આવી તેજસ્વી ક્રાંતિકારી મહિલાઓ બહુ ઓછી થઈ છે. તેઓમાં માદામ કામાનું નામ સર્વોપરી છે.